ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૧૭ અંક: ૮ ઑગસ્ટ ૨૦૧૫ સળંગ અંક : ૫૨૬

# વિ-વિદ્યાનગર



Charutar Vidya Mandal
Vallabh Vidyanagar

# સ્વતંત્રતાની મીઠાશ

(ઢાળઃ ઊડી જા તું, ગાફિલ ગાભરા! તારે અંતરે શી આંટી પડી)

તારા નામમાં, ઓ સ્વતંત્રતા, મીઠી આ શી વત્સલતા ભરી !
મુરદાં મસાણેથી જાગતાં- એવી શબ્દમાં શી સુધા ભરી !
પૂછી જોજો કોઈ ગુલામને-
ઊઠ્યા કેવા ઓઘ એને મને
મળી મુક્તિ મંગલ જે દિને
એને કાને શબ્દ પડ્યો 'તું સ્વાધીન!' - શી ઓહો સુખની ઘડી !
એની આંખ લાલમલાલ છાતીમાં છોળો છલકાઈ પડી !
- તારા નામમાં, ઓ સ્વતંત્રતા.
એને ભાન મુક્તિ તણું થયું
એનું દૈન્ય ક્યાં ટપકી ગયું?
એનું દિલગુલાબ ઝૂલી રહ્યુંઃ
એના મસ્તકે નમવાનું ભૂલી આભ-શું માંડી આંખડી;
એની ઊર્મિ રાંક મટી રૂડા જગબાગમાં રમવા ચડી.
- તારા નામમાં, ઓ સ્વતંત્રતા.
પડું કેદખાનાને ઓરડે,
લટકુંયે ફાંસીને દોરડે,
લાખો ગોળી તોપ તણી ગડેઃ
તારો હાથ હોય લલાટ, તો ભલે આવે જુલ્મ તણી ઝડી !
તારું નામ હોય જબાન, તો શી છે ભીતિ, ઓ મારી માવડી !
- તારા નામમાં, ઓ સ્વતંત્રતા.
કાળી રાત ચોગમ ઘૂઘવે,
લાખો શાપ બંધુજનો લવે,
વા'લાં વેરી થૈ રોવે-મૂંઝવેઃ
છૂપ્યા ચંદ્ર-સૂરજ-તારલા, મધસાગરે મારી નાવડી;
ત્યાંયે જોઉં દૂર ઝબૂકતી, તારા દ્વારની ઝીણી દીવડી.
- તારા નામમાં, ઓ સ્વતંત્રતા.
મારા દેશનાં સહુ શોષિતો,
દુનિયાનાં પીડિતો-તાપિતો,
ખૂણે ખૂણે ગાય તારાં ગીતોઃ
એનાં ભૂખ્યાં પેટ છતાં એને કેવી મોંઘી તું, કેવી મીઠડી !
એનાં બેડીબંધન તૂટશે, એવી આશે ખલ્ક બધી ખડી.
- તારા નામમાં, ઓ સ્વતંત્રતા.

(૧૯૩૦) - ઝવેરચંદ મેઘાણી




**તંત્રી**

હરિ દેસાઈ

**પરામર્શન**

રમેશ એમ. ત્રિવેદી • રાજેન્દ્રસિંહ જાડેજા

જયન્ત ઓઝા • ભગીરથ બ્રહ્મભટ્ટ

**સંપાદન-સહાય**

ગિરીશ ચૌધરી • ઉર્વીશ છાયા



**પ્રકાશક**

પ્રિ.એસ.એમ. પટેલ

માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

•

**મુદ્રક**

આણંદ પ્રેસ, ગામડી- આણંદ

# વિ-વિદ્યાનગર

## ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

ઑગસ્ટ ૨૦૧૫

વર્ષ: ૧૭ અંક: ૮

સળંગ અંક: ૫૨૬

**ISSN 0976-9609-V Vidyanagar**

**ચારુતર વિદ્યામંડળ**

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

**સ્થાપના વર્ષ**

૧૯૪૫


*कर्मण्येवाऽधिकारस्ते*


**અધ્યક્ષ**

ડૉ. સી.એલ. પટેલ

**માનદ મંત્રી**

પ્રિ. એસ.એમ. પટેલ

**માનદ કાર્યકારી મંત્રી**

ડૉ. જે.ડી. પટેલ

**માનદ સહમંત્રીઓ**

શ્રી વી.એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ

ડૉ.એસ.જી. પટેલ • શ્રી એમ.જે. પટેલ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ – ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેક્નોલૉજી, હૉટેલ મેનેજમેન્ટ ટુરીઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ એડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા • રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. • રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતકકક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ અપાવવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી. • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


**• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચઃ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-**

**• વિદ્યાર્થી લવાજમઃ ₹ ૧૦૦/- • આજીવન લવાજમઃ ₹ ૧૫૦૦/-**

# વિ-વિદ્યાનગર
## ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

ઑગસ્ટ ૨૦૧૫
વર્ષઃ ૧૭ અંકઃ ૮
સળંગ અંકઃ ૫૨૬
**ISSN 0976-9609-V Vidyanagar**

• • •

**न दुर्जनः साधुदशामुपैति बहुप्रकारैरपि शिक्ष्यमाणः।**
**आमूलसिक्तः पयसा धृतेन न निम्बवृक्षोमधुरत्वमेति॥**

જેમ દૂધ અને ઘીથી ઉછેરવામાં આવે તો પણ લીમડાના વૃક્ષમાં મીઠાશ આવતી નથી તેમ દુષ્ટ વ્યક્તિને સુધારવા ગમે તેટલો પ્રયત્ન કરો તો પણ તેમનામાં સજ્જનતા પ્રવેશતી નથી.

**ચાણક્યનીતિઃ ૧૧ઃ૬**

• • •

|| અધ્યક્ષસ્થાનેથી || સરકારીપ્રચાર અને અમલ • ડૉ.સી.એલ.પટેલ
|| પ્રાથમ્ય || 'હિંદ છોડો'નાં બિંબ-પ્રતિબિંબ • હરિ દેસાઇ / **1**
|| સંસ્કૃતિ || કમાલ-વાણી કબીરની • જ્યોતીન્ પટેલ / **3**
|| આપણો વૈભવ અને વારસો || (પદ્ય વિભાગ) • મણિશંકર રત્નજી ભટ્ટ, ફૂલચંદભાઇ શાહ, અવિનાશ વ્યાસ, ઉમાશંકર જોશી / **4**
|| આપણો વારસો અને વૈભવ || (ગદ્ય વિભાગ) દેશાભિમાન • કવિ નર્મદ / **5**
|| નવાં કાવ્યો || • એસ.એસ.રાહી, પ્રીતમ લખલાણી, ગિરીશ ભટ્ટ, જિગર જોષી / **9**
|| અભ્યાસ || સૌરાષ્ટ્રના દફતર ભંડારો • એસ.વી.જાની / **10**
|| રમન્તે તત્ર દેવતા || સ્મૃતિકાલીન વિવાહ • પારુલટીના દોશી / **20**
|| Gyan-Vigyan || Bacteriophage Therapy • Ami Lokhandwala / **23**
|| કળાવિમર્શ || કળામાં સંગતિ • નંદલાલ બોઝ, અનુ. કનુ પટેલ / **25**
|| આરોગ્ય || વર્ષાઋતુમાં શ્રેષ્ઠ પંચકર્મઃ બસ્તિ • મલ્હારી સરદેશપાંડે, અમીતા પટેલ /**28**
|| વિદ્યાવૃત્ત || / **29**

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઇકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઇ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**વિ-વિદ્યાનગર**

'વિ-વિદ્યાનગર' ચારુતર વિદ્યામંડળની વેબસાઇટ

**www.ecvm.net**

પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

### આ માસની વિચારકણિકા

તમારી પાસે કોઇ દુઃખી માણસ આવે તો તમારી શેતરંજી પર બેસાડજો અને તમે ભોંયે બેસજો, તો સામેથી તમારે સુખ આવવાનું છે.

**- સરદાર પટેલ**

# સરકારીપ્રચાર અને અમલ

ડૉ.સી.એલ.પટેલ

દેશની વસ્તીમાં યુવાનોનો કુલ હિસ્સો ૪૦ ટકા કરતાં વધારે છે એ પ્રદર્શિત કરીને રાજ્ય સરકારો અને દેશની મધ્યસ્થ સરકાર ખૂબ ગર્વ લે છે. સાથે સાથે વરસ પહેલાં લોકસભાની છેલ્લી ચૂંટણી યોજાઈ ગઈ. જે પક્ષને સારાય દેશે આવકારીને લોકસભામાં બહુમતી અપાવી તેનું કારણ સમજી શકાય એવું છે કે ભાજપના નેતાઓએ છેક રાજ્યસ્તરથી માંડીને માનનીય શ્રી નરેન્દ્ર મોદી સુધી બધાએ યુવાનોને અમે રોજી આપીશું અને કોઈ પણ યુવાન બેકાર નહીં રહે એવું ભારપૂર્વક વચન આપીને ઠસાવવામાં આવ્યું. તે જ રીતે કાળાં નાણાં વિદેશથી લાવીને બધાના સુખમાં વધારો કરીશું, એવુંય વચન આપ્યું હતું. આ બે મુદ્દાના આધારે પ્રજાએ ભાજપની તરફેણમાં મતદાન કરવાનું પસંદ કર્યું એવું મારું માનવું છે. આવાં પ્રલોભનો આપીને ચૂંટાયેલી સરકારે વિચારવું પડશે કે તમે આપેલાં વચનોમાંથી તમે કેટલામાં પ્રજાનો વિશ્વાસ સંપાદિત કર્યો છે? ખાસ કરીને આ બાબત ખૂબ ઝીણવટભરી રીતે તપાસીએ તો રાજ્ય સરકાર કે મધ્યસ્થ સરકાર કોઈ ગર્વ લઈ શકે તેવું લાગતું નથી.

આજે ગુજરાત સરકારની વાત કરીએ તો ગુજરાત સરકાર જે કોઈ મળવાપાત્ર પગાર હોય તેમાં પણ કાપકૂપ કરીને બધા સ્તરે શિક્ષિત પ્રજાને જે કાંઈ મળવું જોઈએ તેને બદલે ઘણો ઓછો પગાર આપીને નિમણૂકો આપવા માટે અરજીઓ મંગાવવા માંડી છે. રાજ્ય સરકાર બધા વિભાગોની આવી ખાલી જગ્યાઓ માટે પોતે જ પસંદગીની પ્રક્રિયા કરવા માટે નિર્ણયો લઈ રહી છે. રાજ્યની સરકારમાં નિમણૂક પામેલા અધિકારીઓને જે તે જવાબદારી વહન કરી પ્રજાની મુશ્કેલી દૂર કરી તેમના વિકાસમાં મદદરૂપ થવાની જવાબદારી નિભાવવાને બદલે બીજી જ જવાબદારીમાં તેમને વધુ પડતો સમય ફાળવવા માટે કહેવામાં આવે છે. સરકારશ્રીમાં જે જે વિભાગો પ્રજા માટે ખૂબ ઉપયોગી છે જેવા કે મહેસૂલ, જાહેર બાંધકામ, સિંચાઈ, શિક્ષણ વિભાગ જેવા બધા વિભાગોની ચકાસણી કરાય તો મોટાભાગના વિભાગોમાં ખાલી જગ્યાઓ લગભગ ૩:૧ની છે. એક એક વિભાગના અધિકારી ત્રણ-ત્રણ વિભાગની જવાબદારી સંભાળે છે. આ ત્રણેય વિભાગો પ્રજાની જવાબદારી સંભાળવામાં ખૂબ નિષ્ક્રિય પૂરવાર થયા છે.

ગુજરાત સરકાર પોતે વિકાસ કરવા અને યુવાનોને કામ આપવાની બાબતમાં ખૂબ જોરશોરથી પ્રચાર કરે છે, ત્યારે મારે સરકારને પૂછવું છે કે તમારે ત્યાં જે ઉદ્યોગો સ્થપાયેલા છે ત્યાં તમે કેટલા યુવાનોને કામ અપાવી શક્યા? આજે

ગુજરાતમાં કેટલા યુવાનો છે? તેમાંથી કેટલા બેકાર છે? આ બાબતમાં દરેક ઍમ્પ્લૉયમૅન્ટ બ્યૂરોના આંકડા પરથી તપાસશો તો વર્ષોવર્ષ તેમાં વધારો થાય છે, કોઈ ઘટાડો દેખાતો નથી. ફક્ત જુઠ્ઠાણું ફેલાવવાનો પ્રયાસ થાય ત્યારે એ પ્રજા સાથે વિશ્વાસઘાત સમાન છે. આ માટે રાજ્ય સરકારે જાગૃતિ લાવવી પડશે અને આવાં જુઠ્ઠાણાં બંધ કરવાં એ રાજ્ય સરકાર ચલાવતા પક્ષના હિતમાં લેખાશે. એવો સમય ના આવે કે રાજ્ય સરકારને આવાં જુઠ્ઠાણાંના અનુસંધાનમાં વસમા દિવસો ભોગવવાનો વારો આવે. અત્રે એ યાદ રહે કે છેક પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા અને બિહારમાં માઓવાદીઓની પેદાશ અને દક્ષિણનાં રાજ્યો આંધ્ર અને તેલંગણમાં નક્સલવાદીઓનો જન્મ રાજ્યની અને દેશની સરકારની નિષ્ક્રિયતાને આભારી છે. અહીં ગુજરાતમાં આદિવાસી ક્ષેત્ર(ટ્રાઈબલ એરિયા) માટે સરકાર તરફથી જોઈએ એટલી સક્રિયતા દાખવવામાં આવતી નથી. આવી નિષ્ક્રિયતા અહીં પણ આસામના બોડો જેવી સ્થિતિ ના સર્જાય તે માટે આદિવાસી ક્ષેત્ર(ટ્રાઈબલ એરિયા)ને વધુ શિક્ષિત, રોજગારક્ષમ અને વિકસિત કરવામાં આવે એ આજની માંગ છે.

રાજ્ય સરકાર હાલ શિક્ષણના કાર્યની શરૂઆત માટે જોરશોરથી પ્રવેશોત્સવ ઊજવીને કરોડો રૂપિયાનો ખર્ચ કરી રહી હોય ત્યારે આવી સંસ્થાઓ ચલાવવા માટે શિક્ષકો, જરૂરી મકાન અને બીજી જરૂરી સુવિધાઓ પૂરી પાડવા માટે કેટલી સક્રિયતા દાખવે છે તે વિચારવું રહ્યું. ખાસ કરીને છેલ્લાં ૨૫ વર્ષથી શિક્ષણની સંસ્થાઓમાં મારો જે અનુભવ છે તેને આધારે કહી શકાય કે રાજ્ય સરકાર તરફથી કોઈપણ શિક્ષણની સંસ્થામાં અને ખાસ કરીને કલા-સંગીત ક્ષેત્રે કોઈ કાર્યવાહી ના થતાં આવી સંસ્થાઓનો મૃત્યુઘંટ વાગે ત્યાં સુધી નિષ્ક્રિયતા જોવા મળે છે. કલારસિકો માટે ફાઈન આર્ટ્સ અને મ્યુઝિક ઍન્ડ ડાન્સ જેવી સંસ્થાઓ કાર્યરત હોવી જરૂરી છે.આવી સંસ્થાઓ કે જેમાં કલારસિકો પોતાના જ્ઞાનનું સંવર્ધન કરી શકે તેને માટે સંખ્યાની મર્યાદા આંકવી તે યોગ્ય નથી, કારણ કલારસિકો ખૂબ ઓછા પ્રમાણમાં તૈયાર થાય છે ત્યારે કોઈપણ કલાના શિક્ષણ માટે ઓછામાં ઓછી ૧૨ કે ૧૫ની સંખ્યા આંકવી તે બરાબર નથી. સરકાર ઘણા બધા વિભાગો નિભાવે છે જ્યાં મોટી રકમના પગારો સાથે આવા વિભાગોના અધિકારીઓ સાથેની અકાદમીઓ કાર્યરત હોય ત્યાં વિકાસને બદલે કલાક્ષેત્રના શિક્ષણનો વિકાસ રૂંધવો તે આવા કલારસિકો માટે આત્મઘાતી સાબિત થાય છે. આ માટે પુનઃવિચાર ખૂબ જરૂરી છે અને તે આજની માંગ છે.

(૨૭ જૂન ૨૦૧૫)

# 'હિંદ છોડો'નાં બિંબ-પ્રતિબિંબ

## હરિ દેસાઈ

બ્રિટિશ વડાપ્રધાન વિન્સન્ટ ચર્ચિલને 'ગાંધીરૂપી મગતરાને મસળી નાખવાની' (નારાયણ દેસાઈના શબ્દોમાં) તક ઑગસ્ટ ૧૯૪૨ના 'હિંદ છોડો' વખતે મળી તો ખરી, પરંતુ મગતરાનો પ્રભાવ ઘરઆંગણે બ્રિટિશ હકૂમતના કહ્યાગરાઓની બહુરંગી ફોજને અતિક્રમી જાય એવો સાબિત થયો. બરાબર પાંચ વર્ષ પછી અંગ્રેજોએ ઉચાળા ભરીને સ્વદેશ પાછા ફરવું પડ્યું. જો કે ૧૪ ઑગસ્ટ ૧૯૪૭ના રોજ 'ભારતના સડતા અંગના ટુકડા સમાન' (સરદાર પટેલ શબ્દોમાં) પાકિસ્તાન અસ્તિત્વમાં આવ્યું અને ૧૫ ઑગસ્ટ ૧૯૪૭ના રોજ બ્રિટિશ ચુંગાલમાંથી ભારત આઝાદ થયું. આજ લગી આપણા દેશનું નામ જરા વિચિત્ર ચાલ્યું આવે છેઃ 'ઇન્ડિયા ધૅટ ઇઝ ભારત'. સ્વતંત્રતા સંગ્રામની સફળતાના ખરા હકદાર મહાત્મા ગાંધી વિભાજનની કે ખંડિત ભારતની વેદનાને સહી શક્યા નહોતા એટલે રાજધાની દિલ્હીથી દૂર નોઆખલીમાં દુઃખિયારાંનાં આંસુ લૂછવા રોકાયા હતા. આઝાદીના જલ્લોશને બદલે જાણે દેશ હિબકે ચડેલો હતો. કોમી વિભાજન અને કોમી કત્લેઆમ વ્યથિત કરી મૂકે એ સ્વાભાવિક હતું.

૧ ઑગસ્ટ ૧૯૨૦ના રોજ 'સ્વરાજ મારો જન્મસિદ્ધ હક્ક છે'નો નારો બુલંદ કરનાર લોકમાન્ય બાળગંગાધર ટિળકે આ ફાની દુનિયા છોડી ત્યારથી કૉંગ્રેસના નેતૃત્વમાં ગાંધીયુગનાં મંડાણ થયાં અને કાયદેઆઝામ મોહમ્મદઅલી ઝીણા રાષ્ટ્રવાદી કૉંગ્રેસમાંથી ભાગલાવાદી મુસ્લિમ લીગ ભણી હડસેલાતા ગયા. મુસ્લિમ લીગની ૧૯૦૬માં સ્થાપનાનો વિરોધ કરી તેમાં દેશના ભાગલાની બૂ અનુભવનારા ઝીણા હવે ભાગલાના સમર્થક બનવા માંડ્યા.

જુલાઈ-ઑગસ્ટ ૧૯૪૨નું ભારત નોખું હતું. કોણ કોની સાથે હતું અને કોણ કોની સામે હતું એ ઘટનાક્રમ આવતીકાલોનાં એંધાણ આપવા માટે સક્ષમ હતો. 'ગાંધી એટલે કૉંગ્રેસ અને કૉંગ્રેસ એટલે ગાંધી'ના એ વેળાના માહોલમાં ગાંધીજીના માનસપુત્ર પંડિત જવાહરલાલ નેહરુ અને એમના સખા મૌલાના અબુલ કલામ આઝાદ (તત્કાલીન કૉંગ્રેસપ્રમુખ-રાષ્ટ્રપતિ) મહાત્માના 'હિંદ છોડો' પ્રસ્તાવના સમર્થનમાં નહોતા, એવું મહારાષ્ટ્ર સરકારનાં ગેઝેટિયર્સના મુખ્ય સંપાદક કે.કે. ચૌધરીએ થોડાં વર્ષો પહેલાં અમોને એ વખતના 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા'ના અંકની આઠ કૉલમની હેડલાઇન બતાવતાં કહ્યું હતું. એમના ૧૯૯૬માં પ્રકાશિત 'ક્વિટ ઇન્ડિયા રિવોલ્યુશન' ગ્રંથમાં એમણે નેહરુ- મૌલાના વિરોધને નોંધતાં ગાંધીજીની સલાહને ટાંકી પણ છેઃ ''....મૌલાના પ્રમુખપદ છોડે પણ કારોબારીમાં રહે અને કારોબારી હંગામી પ્રમુખ ચૂંટે પછી બધાએ સંયુક્ત રીતે કામ કરવું. મહાન સંઘર્ષ એકતા અને પ્રમુખ વિના યોગ્ય રીતે હાથ ધરી શકાય નહીં અને એમાં પ્રમુખનો તો શતપ્રતિશત સહયોગ અનિવાર્ય બને છે.''અંતે મૌલાના ઠેકાણે આવ્યા અને પ્રમુખ તરીકે ચાલુ રહ્યા. એવું જ નહેરુનું પણ બન્યું.

નવમી ઑગસ્ટની પરોઢ થતાં પહેલાં જ સત્તા લોકો પર ત્રાટકી. નેતાઓને પકડીને સ્પેશિયલ ટ્રેન દ્વારા રવાના કરી દેવામાં આવ્યા. ગાંધીજી અને સાથીઓ પુણે જેલવાસમાં રહ્યા ત્યારે આંદોલન મહાત્માને અપેક્ષિત અહિંસક માર્ગે આગળ વધવાને બદલે હિંસક વળાંક લઈ રહ્યું. હિંસાને રોકવા કે આડા હાથ દેવા ગાંધી કે તેમની અહિંસાને પચાવી જાણનારા પ્રજા વચ્ચે રહ્યા નહોતા. જો કે 'હિંદ છોડો' આંદોલને પ્રજાની જાગૃતિ અને સાહસનાં એવાં તે દર્શન કરાવ્યાં કે ભારતીય પ્રજાને હવે ઝાઝો સમય ગુલામ રાખી નહીં શકાય, એની પ્રતીતિ અંગ્રેજ હાકેમોને પણ થઈ ચૂકી હતી.

'હિંદ છોડો' આંદોલનમાં કૉંગ્રેસ તો અંગ્રેજોની સામે જંગે ચડી હતી, પણ બીજા ક્યાં હતા એનો અંદાજ પણ મેળવી લેવાની જરૂર ખરી. દલિતોના નેતા ડૉ.બાબાસાહેબ આંબેડકર અને હિંદુ મહાસભાના નેતા શ્રીવાસ્તવ સહિતના એ વેળા વાઈસરૉયની કાઉન્સિલમાં પ્રધાનપદાં ભોગવતા હતા. હિંદુ મહાસભા ટોચના નેતા સ્વાતંત્ર્યવીર સાવરકર અંગ્રેજનિષ્ઠ લશ્કરમાં ભરતી થવા ભારતીયોને સમજાવી રહ્યા હતા. હિંદુ મહાસભાના એ વેળાના નેતા અને પાછળથી ભાજપના પૂર્વઅવતાર જનસંઘના સંસ્થાપક અધ્યક્ષ બનેલા ડૉ.શ્યામાપ્રસાદ મુખરજી બંગાળની ફઝલુલ હક સરકારમાં નાણાં પ્રધાન હતા. આ એ જ ફઝલુલ હક જેમણે ૨૩ માર્ચ ૧૯૪૦ના રોજ લાહોરમાં મળેલા મુસ્લિમ લીગના અધિવેશનમાં, મોહમ્મદ અલી ઝીણાના કહેવાથી, પાકિસ્તાન ઠરાવ રજૂ કર્યો હતો. વર્તમાન ભાજપની માતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને બ્રિટિશરોને દેશ છોડાવવાના કૉંગ્રેસી આંદોલન કરતાં સંઘ શિક્ષા વર્ગ વધુ મહત્ત્વનો લાગતો હતો. હિંદુ મહાસભાની જેમ જ મુંબઈ આર્યસમાજને હિંદુ મહાસભા

સાથે રહીને બ્રિટિશ હકૂમતની ખિદમત કરવામાં રસ હતો. એમ.એન. રૉય અને બીજા સામ્યવાદીઓને બ્રિટિશ સેવાની લગની લાગી હતી. સામાન્ય રીતે રાષ્ટ્રવાદી ભૂમિકા લેનાર 'બૉમ્બે ક્રોનિકલ'ના તંત્રી સૈયલ અબદુલ્લા બ્રેલવીએ છેક ૧૯૧૩માં ફિરોજશાહ મેહતાએ એની સ્થાપના કરી ત્યારથી અપનાવેલી રાષ્ટ્રવાદી નીતિને તિલાંજલિ આપીને કૉંગ્રેસની ભૂમિકાને વખોડવાનું પસંદ કર્યું હતું. 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા' એના બ્રિટિશતરફી અને કૉંગ્રેસવિરોધી પ્રચારનું વાજિંત્ર બની ગયું હતું. સ્વાભાવિક રીતે મુસ્લિમ લીગના સુપ્રીમ કમાન્ડર એવા ઝીણાને આ વેળા કૉંગ્રેસના વિરોધમાં બ્રિટિશ શાસનની ખિદમત કરવાની સોનેરી તક સાંપડી હતી. સાવરકરે તો હિંદ છોડો ચળવળ સામે વિરોધ નોંધાવ્યો, એટલું જ નહીં તેમના સાથી જે.એમ. મહેતાએ તો બ્રિટિશ શાસન તરફથી માર્શલ લૉ લાગુ નહીં લાગુ કરાયો એને બિરદાવવાની સાથે જ કૉંગ્રેસી બળવાને કચડવાના સરકારી પ્રયાસોનાં ભરપેટ વખાણ કર્યા હતાં.

આઝાદીના જંગમાં પોતે અગ્રેસર હોવાનો દાવો કરનારાં ઘણા બધાં વ્યક્તિત્વો અને સંગઠનોના ઇતિહાસની અસલિયતોનાં નીરક્ષીર કરવાની આજના તબક્કે જરૂર ખરી. ગાંધીજીની સ્થિતિ સામે પૂર તરવા જેવી હતી, પણ સત્યને જ ઈશ્વર માનવાની એમની શ્રદ્ધાએ એમની બેડલીને ક્યારેય બૂડવા દીધી નહોતી.

**(નિયામક : સરદાર પટેલ સંશોધન સંસ્થા-સૅરલિપ, સીવીએમ બંગલો-૧૮, ભાઈકાકા લાઈબ્રેરી સામે, વલ્લભ વિદ્યાનગર ૩૮૮૧૨૦ જિ.આણંદ. મોઃ૯૮૯૮૫૪૩૮૮૧)**

**॥ ચિંતન ॥**

## બદનામ મૅકોલે

**પ્રવીણ ગઢવી***

આઝાદી મળ્યે ૬૭ વર્ષ થયાં તોય આપણા રાજનેતાઓ દેશની ગરીબાઇ અને અંગ્રેજી માટે અંગ્રેજોને ગાળો દેતા રહે છે. શિક્ષણ માતૃભાષામાં જ હોય એ કુદરતી વાત છે. પરંતુ આપણા દેશમાં વાસ્તવમાં એમ બન્યું નથી. લોકો શિક્ષણ જ્ઞાન માટે નહીં, વ્યવસાય માટે લે છે એટલે જ તે સમયે વ્યવસાયની જરૂર મુજબ ભાષા શીખે છે. પહેલાં બ્રાહ્મણો સંસ્કૃત ભણવા કાશી જતા. પછી મુસલમાન સમયમાં બધા ફારસી શીખવા લાગ્યા. અંગ્રેજ આવ્યા અને નોકરીઓ માટે અંગ્રેજી શીખવા લાગ્યા. આજે હવે અંગ્રેજી કેવળ ઇંગ્લેન્ડની ભાષા નથી, અમેરિકા અને સમગ્ર વિશ્વની અને કૉમ્પ્યુટરની ભાષા છે એટલે માતૃભાષા પર ગમે તેટલો સ્નેહ હોય તોય અંગ્રેજી શીખ્યા વગર ચાલે તેમ નથી. હા, પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં હોય તે ખૂબ જરૂરી છે. પરંતુ પછી માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં અંગ્રેજી વગર ચાલશે નહિ. અંગ્રેજી રાજ્યની સેવા માટે કારકુનો તૈયાર કરવા માટે આપણે મૅકોલેને બદનામ કરીએ છીએ, પરંતુ હકીકતમાં અંગ્રેજો તો મુઘલ પરંપરા જાળવી રાજવહીવટ ફારસીમાં જ ચલાવતા હતા. વૉરન હૅસ્ટીંગે કલકત્તામાં મદરેસા સ્થાપી હતી. અંગ્રેજોનો અંગ્રેજી શિક્ષણ આપવાનો જરાય ઇરાદો નહોતો. પરંતુ રાજા રામમોહન રાયે ફારસી અને સંસ્કૃતનો વિરોધ કરી અંગ્રેજી શિક્ષણનો આગ્રહ રાખ્યો. સરકારે આ માટે રચેલી સમિતિમાં પૌર્વાત્યવાદી અને પાશ્ચાત્યવાદી વચ્ચે ટાઇ પડી. ચુકાદો આપવાનું નસીબ મૅકોલેને મળ્યું. મૅકોલેએ અંગ્રેજી શિક્ષણની તરફેણ કરી અને વહીવટની ભાષા અંગ્રેજી બની. મોફુસિલ કચેરીઓ અને નીચલી અદાલતોમાં સ્થાનિક ભાષા સ્વીકારાઇ. પરિણામે બંગાળી, ગુજરાતી, મરાઠીનો વિકાસ થયો. ઉપલી અદાલતોમાં અંગ્રેજી રહી છે, આજેય છે. આમ આપણા રાજનેતા મૅકોલેને ખોટી રીતે બદનામ કરી રહ્યા છે! આપણે ફારસી-સંસ્કૃતમાં જ રહ્યા હોત તો આજે આપણે ક્યાં હોત!

*નિવૃત્ત આઈએએસ અધિકારી અને જાણીતા કવિ

(આસવલોક, ૪૬૬-૨, સેકટર-૧, ગાયત્રી મંદિર પાછળ, ગાંધીનગર મોઃ ૯૯૭૯૮૯૩૯૯૦)

॥ સંસ્કૃતિ ॥

## કમાલ-વાણી કબીરની

### ગુજરાતી અવતારઃ જ્યોતીન્ પટેલ

૧

*बुरा जो देखन मैं चला, बुरा न मिलिया कोय;*
*जो दिल खोजा आपना, मुझसे बुरा न कोय।*
નીકળ્યો બૂરાઇ શોધવા, મળી ના બૂરાઇ કોઇ;
દિલમાં કર્યું મેં ડોકિયું, મમથી ભૂંડું ના કોઇ.

૨

*पोथी पढ़ि पढ़ि जग मुआ, पंडित भया न कोय;*
*ढाई अक्षर प्रेम का, पढे सो पंडित होय।*
જગ મથ્યું ઉથલાવી થોથાં, પંડિત થયું ના કોઇ;
સમજે અક્ષર અઢી પ્રેમના, હોય એ પંડિત કોઇ.

૩

*साधु ऐसा चाहिए, जैसा सूप सुभाय;*
*सार-सार को गहि रहै, थोथा देई उड़ाय॥*
સાધુજન જે હોય એ તો હોય સૂપડા સમાન;
તત્ત્વ-સત્ત્વ ગ્રહી લઇ ત્યજે નિરર્થક જે હોય.

૪

*तिनका कबहुँ ना निन्दिये, जो पाँवन तर होय;*
*कबहुँ उड़ी आँखिन पड़े तो पीर घनेरी होय।*
તરણાને તરછોડ ના તું, પગ તળે છો હોય;
ઊડી પડે જો આંખમાં  પીડા ઘણીય થાય.

૫

*धीरे-धीरे रे मना, धीरे सब कुछ होय;*
*माली सींचे सौ घड़ा, ऋतु आए फल होय।*
મનવા ધર તું ધીરજ ઘડી, ધીરજે સઘળું થાય;
સીંચ તું સો ઘડા પાણી, સમો આવે જ ફળ થાય.

૬

*माला फेरत जुग भया, फिरा न मन का फेर;*
*कर का मनका डार दे, मन का मनका फेर।*
માળા ફેરવી જનમારો, ફર્યું ના મન લગીર;
છોડી તસબી હાથથી, ફેરવ તુજ મન લગીર.

૭

*जाति न पूछो साधु की पूछ लीजिये ज्ञान;*
*मोल करो तरवार का, पड़ा रहन दो म्यान।*
પૂછ ના જાત સાધુની, જાણી લે જ્ઞાન એહનું;
મૂલ હોય તલવારનું, ના હોય એના મ્યાનનું.

૮

*दोस पराए देखि करि, चला हसन्त हसन्त;*
*अपने याद न आवई, जिनका आदि न अंत।*
દોષ પારકા જોઇને આવડો શીદ ખુશ થાય;
દોષ અપરંપાર તારા એકેય ના આવે યાદ.

૯

*जिन खोजा तिन पाइया, गहरे पानी पैठ;*
*मैं बपुरा बूडन डरा, रहा किनारे बैठ।*
ઊંડે પાણી જે ગયો પામ્યો મોતી અનમોલ;
ડૂબવા તણો ડર હૈયે જેને બેઠો રહ્યો કિનાર.

૧૦

*बोली एक अनमोल है, जो कोई बोलै जानि;*
*हिये तराजू तौलि के, तब मुख बाहर आनि।*
એકેક બોલ અનમોલ છે, બોલતાં આવડે જેને;
બોલ બોલતાં પહેલાં હૈયા ત્રાજવે નાખ એને.

૧૧

*अति का भला न बोलना, अति की भली न चूप;*
*अति का भला न बरसना, अति की भली न धूप।*
રૂડું ના અતિ બોલવું, રૂડી ના અતિશય ચૂપ;
અનહદ રૂડો ના મેહુલો, રૂડો ના તપતો તાપ.

૧૨

*निंदक नियरे राखिए, आँगन कुटी छवाय;*
*बिन पानी, साबुन बिना निर्मल करे सुभाय।*
નિંદા કરે જે તાહરી રાખ એ જનને પાસ;
વણસાબુ વણપાણીએ થઇ જશે બધું સાફ.

(અવિચળ બંગલો, શાસ્ત્રી માર્ગ, બાકરોલ રોડ,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦)

## હિંદમાતાને સંબોધન

**મણિશંકર રત્નજી ભટ્ટ'કાન્ત'**

ઓ હિંદ! દેવભૂમિ! સંતાન સૌ તમારાં!
કરીએ મળીને વંદન! સ્વીકારજો અમારાં

હિંદુ અને મુસલમાન, વિશ્વાસી, પારસી જૈન
દેવી! સમાન રીતે સંતાન સૌ તમારાં!

પોષો તમે સહુને, શુભ ખાનદાન બક્ષી :
સેવા કરે બને તે સંતાન સૌ તમારાં!

રોગી અને નિરોગી, નિર્ધન અને તવંગર,
જ્ઞાની અને નિરક્ષરઃ સંતાન સૌ તમારાં!

વાલ્મીકિ, વ્યાસ, નાનક, મીરાં, કબીર, તુલસી,
અકબર, શિવાજી, માતા! સંતાન સૌ તમારાં!

સૌની સમાન માતા, સૌએ સમાન તેથીઃ
ના ઉચ્ચ નીચ કોઇ, સંતાન સૌ તમારાં!

ચાહો બધા પરસ્પર, સાહો બધા પરસ્પર
એ પ્રાર્થના કરે આ સંતાન સૌ તમારાં!

### લડવૈયા, શૂરા જાગજો રે

**ફૂલચંદભાઈ શાહ**

ડંગો વાગ્યો લડવૈયા, શૂરા જાગજો રે.
શૂરા જાગજો રે, કાયર ભાગજો રે - ડંકો વાગ્યો.
માથું મેલો, સાચવવા, સામી ટેકને રે,
સામી ટેકને રે (૨) - માથું મેલો.
તોડી પાડો સરકારી જુલમી કાયદા રે,
જુલમી કાયદા રે (૨)- તોડી પાડો.
ભારતમુક્તિને કાજે કાયા હોમજો રે,
કાયા હોમજો રે (૨) - ભારત.
ડંકો વાગ્યો ભારતની બહેનો જાગજો રે
બહેનો જાગજો રે, વિદેશી ત્યાગજો રે. - ડંકો વાગ્યો.

### તૈયાર થઇ જજો

**અવિનાશ વ્યાસ**

તૈયાર થઇ જજો! તૈયાર થઇ જજો!
નાત, ભાત, જાત તારી કોઇ પણ હજો. તૈયાર.
ખભે ખભા મિલાવીને,
ફંદ સૌ ફગાવીને
જંગમાં ઝુકાવીને,
માદરે વતનને કાજ જંગમાં ખપી જજો. તૈયાર.
ગંગા ને જમુના, કાશી ને મથુરા,
જોજે ન કલુષિત થાય પુણ્યમય ધરા.
ભલેને પ્રલય થાય હિમાલયને રક્ષજો. તૈયાર.
તલવાર કેરી ધાર તું તૈયાર રાખજે,
ભારતીની લાજ કાજ જુગ જાગજે,
સદાય લહેરાય ગગન ભારતી ધ્વજો. તૈયાર.

### દેશ તો આઝાદ થાતાં થઇ ગયો

**ઉમાશંકર જોશી**

દેશ તો આઝાદ થાતાં થઇ ગયો
તે શું કર્યું
દેશ જો બરબાદ થાતાં રહી ગયો,
એ પુણ્ય આગળ આવીને કોનું રહ્યું
'લાંચરુશવત, ઢીલ સત્તાદોર, મામા માશીના,
કાળાં બજારો, મોંઘવારીઃ ના સીમા'!
રોષથી સૌ દોષ ગોખ્યા,
ગાળથી બીજાને પોંખ્યા.
આળ પોતાનેય શિર આવે ન, જો! તે શું કર્યું?
આપ બળ ખર્ચ્યું પૂરણ જો, દેશના આ ભાગ્યમાં તે શું ભર્યું?
સ્વાતંત્ર્યની કિંમત ચૂકવવી હર પળે;
સ્વાતંત્ર્યના ગઢ કાંગરાઃ કરવત ગળે.
ગાફેલ, થા હુશિયાર તું દિનરાત નિજ સૌભાગ્યને શું નિંદશે?
શી સ્વર્ગદુર્લભ મૃત્તિકાનો, પુણ્યમય તુજ પિંડ છે.
હર એક હિંદી હિંદ છે,
હર એક હિંદી હિંદની છે જિંદગી
હો હિંદ સુરભિત ફુલ્લદલ અરવિંદઃ એ સ્વાતંત્ર્યદિનની બંદગી

॥ આપણો વૈભવ અને વારસો ॥ (ગદ્ય વિભાગ)

# દેશાભિમાન

## કવિ નર્મદ

**(ગુજરાતી ગદ્યના પિતા, મર્મજ્ઞ કવિ અને સુધારક નર્મદની જન્મજયંતી ૨૪ ઓગસ્ટ નિમિત્તે એમના મહત્ત્વના નિબંધના અંશ અહીં પ્રસ્તુત છે.)**

હિંદુસ્તાના સંબંધમાં દેશાભિમાન વિષય મુખ્યત્વે પાંચ પ્રકરણમાં લખાયઃ એકમાં પરદેશી રાજ્યસત્તા દેશમાંથી કાઢી નાખવાને અર્થે દેશી સર્વેનો સંપીલો ઉદ્યમઃ બીજામાં પરદેશી સત્તાની પ્રજારૂપે સર્વે જાતિ વર્ગનાં જન સુખી થાય તથા પરદેશી સત્તાના અંકુશમાં રહેલાં સર્વે દેશી રાજ્યોની કળા વધે તેને અર્થે ઉદ્યમ; ત્રીજામાં દેશની સમૃદ્ધિ વધે, દેશમાં વિદ્યાકળા વધે તેને અર્થે ઉદ્યમઃ ચોથામાં જાતજાતના લોક પોતપોતાના ધર્મના મમતમાં પરસ્પર દ્વેષ ન રાખતાં દેશના સામાન્ય લાભને અર્થે સૌ એકરૂપ થાય તેને અર્થે ઉદ્યમઃ અને પાંચમામાં જાતજાતના લોક પોતપોતાના ધર્મ તથા સંસારવિષયમાં સુધારો કરે તેને અર્થે ઉદ્યમ.

(૧) પહેલા પ્રકારનો ઉદ્યમ દેશમાં નથી. એ ઉદ્યમ સર્વે જાત વર્ગના લોકમાં વસે ને વળી સર્વ સુદૃઢ થાય તેવી દેશની પ્રકૃતિ નથી ને લોકના મોટાભાગની પ્રકૃત બુદ્ધિ પણ નથી. અમેરિકાના ને ઇટાલીના લોકે પરદેશી રાજ્યથી સ્વાધીન થવાને જે પ્રકારનો ઉદ્યોગ ચલાવ્યો, તેવો સંપીલો જાથુનો ઉદ્યોગ આ દેશમાં થવાનો ને જેવી નાની મોટી ટોળીઓ છૂપી કે ખુલ્લી યૂરોપમાં પોતાના રાજકીય મતના પ્રસાર તથા જયને માટે નિરંતર મંથન કરે છે, તેવી આ દેશમાં થવાનો સંભવ નથી જ.

ઔરંગઝેબના જુલમથી હિંદુ પ્રજા કંટાળી હતી ને શિવાજીએ તથા ગુરુગોવિંદે સ્વરાજ્યો કીધાં પણ પ્રજાના મોટા ભાગે હથિયાર લીધા નો'તાં, પેશવાએ તથા હૈદર ટીપુએ અંગ્રેજોને દેશમાંથી કાઢવાને તજવીજ કીધેલી પણ લોક સર્વેને તે વિષે પણ જાણ નહોતી. દેશાભિમાન શબ્દનો પોકાર અંગ્રેજી ભણેલા જુવાનો કરતા થયા તેની પહેલાં હિંદુ તથા મુસલમાન રાજકુળોએ બ્રિટિશ લશ્કરની મદદે બ્રિટિશ કંપનીની સત્તા ભાંજી નાખવાનો છુપો ઉદ્યોગ ચલાવેલો, પણ બ્રિટિશ પ્રજા ને ઘણાંક દેશી રાજ્ય એ સૌ કંપનીનાં હિતુ હતાં. આ ચોવીસ વર્ષમાં કોઇપણ રાજકુળે કે પ્રજાકુળે પોતાની બુદ્ધિ બ્રિટિશ રાજ્યની સામે થવાને કીધી નથી. સો પોતપોતાની વર્તમાન સ્થિતિમાં એવાં તો સંકડાઇ રહ્યા છે કે, કોઇને પાસેની કે તરતની અડચણ મટાડવી, એ ઉપરાંત બીજી મોટી ઇચ્છા હોય જ શેની? કોઇ સાહસિક પુરુષ રાની લોકની મદદથી કદાપિ રાજ્યની સામા હથિયાર લે પણ તેને આસરો આપવાની બુદ્ધિ કરે તેવું રાજકુળ કે પ્રજાકુળ કોઇ નીકળે તેવો સંભવ અમણાં તો નથીઃ - હજી હાક બ્રિટિશની ગાજે છે અને બ્રિટિશ આણ ઉમંગે પાળે છે પ્રજા, એ જ રાજ્યથી મળતાં છૂટ સંબંધી વિશેષ સુખ વિચારીને.

કદાપિ બ્રટિશ રાજ્યની પડતીના વખતમાં કોઇ એક પુરુષ કે કોઇ રાજકુળ કે કોઇ પ્રજાકુળ બહાર પડે કે સઘળાં દેશી રાજ્ય એકી કરી સામા થાય, તોપણ તે પ્રજાના દેશાભિમાનથી થશે, એ સમજ અમે ખોટી સમજીયે છિયે. પ્રજા ઇચ્છે છે કે, રાજ્ય ન્યાયી તથા સુખકર રહે પણ કદાપિ ત્રાસદ નિકળ્યું તો તે દુઃખ વેઠશે કાળની અવધિ લગી.

(૨)બીજા પ્રકારનો ઉદ્યોગ બ્રિટિશ રાજ્યની મૂળ નીતિએ પ્રજાને મળતી છૂટ તથા મહારાણીની રહેમ મહેર એને લીધે થોડાક જણ રાજનગરોમાં ચલાવે છે. સભાદ્વારા ને પત્રદ્વારા. આસોસીએશન કહેવાતી સભા તે દેશી વ્યવસ્થાની છે. સરકારી નોકરીમાં નહિ તેવા કેટલાક ધનવંત (અંગ્રેજી જાણનારા કે ન જાણનારા)ને કેટલાક વિદ્વાન્ (અંગ્રેજી જાણનારા) એવા થોડાક જણે સ્થાપી છેઃ અને પુના સાર્વજનિક સભાનું બંધારણ આવું કે પુના તથા તેને લગતા કેટલાક તાલુકાના લોકે પોતાના મુખત્યાર ઠેરવેલા એવાઓની તે સભા છે. તે સભાઓ ન્યાય, ધારા, કારભાર, દેશીઓની વૃદ્ધિ એ વિષયમાં સમયે સમયે માંગણી કરે છે ને રાજકુળ અધિકારીઓને માનપાત્ર આપવાનો વિવેક કરે છેઃ પુનાની સભા, દેશીઓ પોતાના લેણદેણનો ફડચો લવાદ કોરટથી કરી લે તેને માટે યત્ન કરે છે એ વિશેષ છે. એ સભાઓના ઉદ્યોગને ઉત્તેજન મળે તેવું કંઇ જ નથી- સભાસદ ખંતે કામ કરવાવાળા જુજ, ને બીજા તે કોઇ માનના કોડીલા, કોઇ પણ બીકણ કે ખુશામતિયા કે મતલબ કાઢનારા હોય છે. સરકાર તેઓનું સાંભળે છે પણ કરે છે પોતાનું ધાર્યું જ.

પ્રજાના મુખત્યારોની સભાઓ થાય ને તે સરકાર પાસે હક, ન્યાય, સુખ માગે એવું, પરદેશી પરધર્મી સત્તાને અધીન એવી હિંદુસ્થાન જેવા મોટા દેશની, અનેક જાત ધર્મવાળી, ને રાજપ્રકરણમાં ચિત્ત ન રાખનારી એવી, વળી સેંકડો વર્ષ થયાં પરતંત્ર એટલે ઊંચી બુદ્ધિનીતિએ હીણ એવી પ્રજામાં થવાને શી આશા કરવી? હિંદુસ્થાનના લોક સમસ્તના મુખત્યારોની એક મોટી સભા થાય- કાનેડા કે આયરલંડની પેઠે બ્રિટિશ પાર્લામેંટમાં દેશીઓ બેસે એને માટે પ્રયત્ન કરવો મિથ્યા છે. સરકાર કીયા મોટા હક આપે છે ને કેવો કરભાર ઓછો કરે છે તે આપણે જાણીએ

છીએ તો સરકાર પોતાની સામાં રાજકીય ઐક્ય કેમ થવા દેશે? અરે ! લોકના અગ્રેસરો પોતાનું ઐક્ય કરી શકતા નથી તો બીજા કોની વાત કરવી? દિલ્લીમાં મળેલા દરબારના મેલાવડામાં પત્રવાળાઓને પોતાની એક સભા કરવાનો વિચાર ઉપજાવેલો, તે પાર પડ્યો નથી જ.

દેશીઓની કલમથી લખાતાં જુજ પત્ર, ધારાની બાબતમાં સારી ચર્ચા કરે છે ને અમૃતબઝાર દેશી નીતિ-રીતિનું સંરક્ષણ ને સરકારી કામદારોના અન્યાય પક્ષપાત વિષે સ્પષ્ટ બોલે છે. દેશીઓથી લખાતાં સઘળાં પત્રોએ વડોદરાના પ્રસંગમાં પાછળથી એકસરખું લખ્યું હતું; દેશી રાજ્યનું રક્ષણ થવા વિષે, વર્તમાનપત્રોની રીત આપણા દેશમાં નવી છે. (એ વિષે બીજે પ્રસંગે વિચાર આપીશું,) એથી પ્રાંતપ્રાંતનાં લોક એકમેકનું જાણે છે ને જાણમાં વધારો કરે છે ને એથી જ સરકારની નીતિવૃત્તિ વિષે લોકે એકસરખું મત વહેલું બાંધ્યું છે. કેટલીક વાતે પત્ર ઉપર સરકારનો અંકુશ છે, તથાપિ સરકારની હજી મહેર છે ને પત્ર છુટથી લખાય છે.

દેશી રાજ્યના કારભારીઓ બ્રિટિશ સરકારથી નિમાયલા તેઓની નીતિ આવી કે રાજ્યમાં બખેડો ન થાય તેવી વ્યવસ્થા રાખવી ને શહેર સુધરાઈનાં કામો કરવાં, અને રાજાઓમાં કોણ છે? ઔરંગઝેબે હિંદુ ઉપર જીજીઓ મૂકેલો તે કાઢી નખાવવા વિષે ઉદેપુરના રાજા સરદારે સૌ હિન્દુના પ્રતિનિધિરૂપે બાદશાહને લખ્યું હતું, તેવું હાલ કોઈ કોઈ કાંઈ કરતું નથી.

બ્રિટિશ પ્રજા ને દેશી રાજ્ય બંને બ્રિટિશ સરકાર ઈચ્છા દેખાડે તે કામમાં ભાવે કે અભાવે પણ શ્રમ વેઠે; યુરોપીઅનને માટે ઊભી થયેલી ટીપીમાં ધનવંતો નાણાં ભરે ને દેશી જનને માટે કે દેશી કામને માટે થયેલી ટીપમાં ન ચાલતાનું ભરે ને સરકારની ઇતરાજી થવા જેવું ભાસે તો કંઇ પણ ન ભરે. કેળવણી લીધેલા એવા બુદ્ધિમંતો તે તો સરકારી નોકરીમાં એટલે લોકને અર્થે બોલી લખી શકે નહીં.

કંપનીના રાજ્યમાં સુધારાવાળાઓએ જે રાજનીતિ રાખેલી સરકારી સાથે વર્તવાની, તે આ કાળમાં રહે જ નહિ- એકમાં વસ્તુતઃ બ્રિટિશ રાજ્ય પાસે માગવાનું હતું ને બીજામાં હિંદુસ્તાનની મહારાણીની સરકાર પાસે માગવાનું છે.

(૩) ત્રીજા પ્રકારનો ઉદ્યોગ થોડા વર્ષ થયાં ચાલ્યો છે, તેટલામાં ઘણા લોકની ઈચ્છા થઇ છે કે દેશ સઘન થાય તો સારું, ઉદ્યોગ વહેલો સફળ નહિ થાય પણ દેશને લાભકારી છે.

સસ્તું સારું તરત મળે તરત ઉપયોગમાં આવે, તેવી પરદેશી વસ્તુઓનો આદર કરવા વિષે બુદ્ધિ છે તેને દોષ ન કહિયે, પણ ભોગ લલુતા વધી ગઇ છે ને પ્રાપ્તિને માટે પરિશ્રમ કરવાની ટેવ ઘટી ગઇ છે એ વૃત્તિ મોટો દોષ છેઃ વળી કેટલાક પરદેશી વસ્તુના વાપરવામાં મોટાઇ માની તેને માટે ઘણું ખરચે ને દેશી બનાવટ ઉમદા હોય તો પણ તેને ખરીદે નહિ, એ વૃત્તિ પણ દોષ છે. નગરની કે દેશની વધઘટનો વિચાર જેણે કરવો જોઇએ એવા ધનવંત જે સાહુકાર વેપારી તે આજકાલ સ્થિતિભ્રષ્ટ , અભણ, સ્વાર્થી, વિલાસી, મોટાઇખોર, ખુશામત ઇચ્છનારા છે. તેઓ દેશી કળાને ઉત્તેજન આપતા નથી અને એવાઓને સારી પેઠે સમજાવે તેવા સલાહ આપનારા નથી. થોડાક જણ દક્ષિણી, ગુજરાતી, બંગાલી પુસ્તકો લખે છે. ભાષણો કરે છે, કાંઇ કાંઇ માલ બનાવે છે ને કેટલોક વેચે છે. પણ એ ઉદ્યોગ લોકસંખ્યાના પ્રમાણમાં નહિ જેવો છે.

એ વિષમયાં અપાતો બોધ એ કે- (૧) દેશનું દ્રવ્ય બહુ બહુ રીતે પરદેશ ગયું છે તથા જાય છે, લોકને ઘણા કર આપવા પડે છે ને વળી ધંધારોજગારની અછતમાં, સરકાર લોકનું દારિદ્રય કાઢવાને કાંઇ કરી શકતી નથીઃ ત્યારે લોકે જ પોતાને માટે વિચાર કરવો. (૨) લોકમાં કેટલાક હુન્નરી કસબીઓ છે, પણ તેમને આસરો મળે તો પરદેશી વસ્તુઓના જેવી અહીં પણ બંને અને ખપ જાગેથી દેશી વસ્તુઓ વધારે સસ્તી સારી પણ મળે. (૩) માટે દેશી માલ વારવાને સૌએ બુદ્ધિ કરવીઃ કારખાનાં કાઢવાં ધનવંતોએ અને વિદ્વાનોએ કૃષિશાસ્ત્ર, ઉદ્‌ભિજ્જશાસ્ત્ર, રસાયનશાસ્ત્ર, યંત્રશાસ્ત્ર એ વિષયના ગ્રંથો લખવા.

'બાદશાહ ત્યાં બજાર' એવું આ દેશમાં અમણાં ન હોવાથી, રાજ્યાધિકારીઓ પોતાના ધનનો ઉપભોગ ઘણોક ઇંગ્લેંડમાં કરવા લાગ્યા તેથી, અહીંના અભણ વેપારીઓ બ્રિટિશ આડતીઆ મારફતે બ્રિટિશ વેપારીઓ સાથે વેપાર કરે તેથીઃ જુના વહીવટની સાહુકારી તૂટી જવાથી સરકારના કારભારથી ને પ્રજાના પોતાના અઘટતા ખરચથી દેશમાં નાણું રહેતું નથીઃ ઝાઝું આવતું નથી, સહુ જાય છે, ને અહીં ભીડ તાણમાં રાખે છે લોકને બ્રિટિશ કારખાનાને ગેરફાયદો થઇ આ દેશના કારખાનાને ફાયદો થાય તેવા કામમાં આપણી સરકાર મદદ ના કરે, પણ અટકાવ ખસુસ કરે, એ સ્થિતિ જોતાં, ઉપર કહી તેવી ધનવંતોની સ્થિતિ જોતાં, રાજાથી તે રાંક લાગીના સૌ જણનો પરદેશી વસ્તુ ઉપર મોહ જ થા સંસારી વૈભવ ઉપર પ્રીતિ, એવી લોકની સ્થિતિ જોતાં આ સમયમાં દેશનું ધન વધે તેવું તો થનાર નથી. હા,લોકનો મોહ સમજથી કે

દુઃખથી ઘટે, હઠથી ઘટે ને લોકમાં સ્વાર્થ, પણ થોડીવારનો કે હંમેશનો છે, આ કે તે એવી સમજ આવે તો જ પરદેશી વસ્તુનો કેટલોક વાપર ઓછો થાય ને એમ દેશના ધનનું કાંઇક રક્ષણ થાય ખરું.

(૪) ચોથા પ્રકારના ઉદ્યોગનું બીજ આ બુટ્ટો કે સૌ માણસ સરખાં છે સૌને બનાવનાર એક જ છે, એટલે આપણે સૌ ભાઇઓ છીએ, સંસાર વહેવારમાં સૌની નીતિ સરખી છે માટે હિંદુઓએ પોતાનામાંના અનેક ધર્મ પંથના મમત મુકી દેવા અને મુસલમાન, પારસી, ખ્રિસ્તી સાથે ખાવાપીવામાં બાધ ગણવો નહિ, એઓએ પણ ભળવું, હિંદુઓએ વેદ ન માનવો એમ સ્પષ્ટ કહ્યું અને બીજા ધર્મના લોકે પોતપોતાનાં ધર્મપુસ્તકને માનવાં એવું સૂચવ્યું. એ મત સમાજોનું લોક માનતા નથી ને સમાજવાળા પણ ઘણાક સ્વમત પ્રમાણે આચરતા નથીઃ વળી કોઇ મુસલમાને કે બીજાએ પોતાનો ધર્મ છોડી સમાજોનો કબૂલ કીધો નથી.

આપણો દેશ યૂરોપના રાજ્યના ઉત્કર્ષને ક્યારે પામે, કેમ પામે એમ ગ્લાનિથી ઉઠેલા ભાવે દેશાભિમાનને હિત દીઠું ને પહેલું બળ સુધારવાળાઓએ સનાતન ધર્મને નિર્મૂળ કરવા ભણી વાપર્યું, હિંદુ મુસલમાન સૌને એક કરવાને, અને આ મંત્ર ભણ્યો કે દેશાભિમાન એ બીજને સર્વ વિષયમાં ઐક્ય એ શક્તિ એ બેએ સ્વરાજ્ય લક્ષ્મીનો ભોગ પ્રાપ્ત કરવો. સમાજોએ એકેશ્વરભક્તિ સુધારાવાળાની રાખી પણ એકની સાથે ૐ શબ્દ બૌદ્ધ, જૈન, વૈદિકનો જોડ્યો કે જેને બીજા કોઇપણ ધર્મના તે કબૂલ ન રાખે. આદિ બ્રહ્મસમાજ તે વેદ ઉપનિષદને માને છેઃ નવી બ્રાહ્મસમાજ તથા પ્રાર્થનાસમાજ તે વેદને માનતી નથી પણ *બ્રહ્મ 'ૐ તત્સત્'* રાખે છે કે જે બૌદ્ધ જેનનું નહીં પણ વેદ માનનારાનું જ છેઃ અને આર્યસમાજનું તે વેદ માને છે. એ સમાજ વળી આગ્રહ સાથે બોધ કરે છે કે આર્યાભિમાન એ બીજ તથા વેદ ઉપર આસ્થા એ શક્તિ એણે લોકનું ઐક્ય કરી પૂર્વના આર્યની મહાલક્ષ્મી પ્રાપ્ત કરવી. સમાજોમાં ત્રણ હિંદુઓનું ને એક બધા ધર્મનું ઐક્ય કરાવે છે ને ત્રણનાં મત પણ ઉપર કહ્યા પ્રમાણે જુદાં છે.

રાજ્યપ્રકરણમાં હિંદુ, મુસલમાન વગેરેએ સંપે કામ કીધું છે તે ઇતિહાસ ઉપરથી જણાય છે અને આજે કરે છે તે જોઇએ છીએઃ વેપારધંધામાં અગાઉ સૌ સંપે કામ કરતા હતા ને આજે પણ કરે છે; સંસારી કોઇપણ લાભમાં જાત ધર્મનો વિચાર રાખતા જ નથી. હિંદુઓએ લડાઇમાં ધર્મના આચારની દરકાર રાખી નથીઃ આજે પણ ઉત્તર હિંદુસ્તાનના બ્રાહ્મણ ક્ષત્રી એઓએ લશ્કરમાં અનેક જાત-વર્ગની સંગતિમાં છતે અને દૂર દેશાવર ગયે છતે પણ હિંદુનો આચાર મૂક્યો નથી.

(૫) પાંચમા પ્રકારનો ઉદ્યોગ આ દેશના સર્વ ધર્મના લોકમાં ચાલે છે- હિંદુઓમાં ધર્મસંશોધન થાય છે અને ધર્મ સાથે અવશ્ય તથા વિશેષે ભેળાયલા એવા જે જ્ઞાતિ તથા ઘરસંસાર-વિષય તેમાં પણ જુના નવા વિચાર ચર્ચાય છે.

હિંદુઓમાં માંહોમાંહે જ્ઞાતિકુળ-બંધન ન જોઇએ એવો સમાજોનો ઉદ્દેશ છે. ક્રમ પ્રમાણે સ્થિતિ ને સ્થિતિ પ્રમાણે કુળ એ નિયમ સર્વત્ર છે. બીજા લોક સંસારી સ્થિતિને કુળનું કારણ જાણે છે ને હિંદુ લોક પણ, હિંદુઓ વિશેષ આ કે જન્માંતરના વિચારથી જે જ્ઞાતિમાં જન્મ, તેને પૂર્વજન્મના ક્રમ ઉપરથી પ્રાપ્ત કુળ સ્થિતિ સમજે છે.વળી વેદ ધર્મની વ્યવસ્થા જ્ઞાતિભેદ એ અવશ્ય તત્ત્વ છે- જાતિભેદને આચાર ન રહે તેવો કળિયુગ આવવાને હજી ઘણો લાંબો કાળ થશે. વળી બ્રાહ્મણની જ્ઞાતિ તેમાંના સેંકડો ને હજારોના વિચાર ફરી જાય, તોપણ બીજા લોકથી જુદી રહેવાની સમયના ધર્મને માટે નવી વ્યવસ્થા થશે- કેટલાંક બંધન શિથિલ થયાં છે તથા કેટલાંક તૂટશે ને આચર ઓછો પળાશે, પણ જ્ઞાતિમર્યાદા રહેશે જ.

યુરોપની ચઢતીમાં સ્ત્રીકેળવણી એ એક અગત્યનું કારણ મનાયું છે. માટે તે લોકમાં દાખલ કરવી, તેની યોગ્યતા, તેને માન, તેને છૂટ વગેરેમાં આપણા બૈરાં યુરોપનાં બૈરાં જેવાં થાય અને આપણામાં લગ્ન, બાળલગ્ન વગેરેમાં ઘણો સુધારો જોઇએ ને પુનર્લગ્નની રીતિ નવી કરવી. સ્ત્રીકેળવણી દાખલ થાય છે, તે ત્રીસ વર્ષના અનુભવ ઉપર વિચારવું છે, યોગ્યતા વગેરે ઉપર વિચાર કોઇએ કીધા છે પણ તે હજી ચર્ચાયા નથી. લગ્નાદિમાં બોલાયું છે તથા લખાયું છે કેટલુંક, અને પુનર્લગ્ન જૂજ કોઇ કોઇએ કરી દેખાડ્યું છે- (જ્ઞાતિકુળ, ઘરસંસાર પ્રસંગે પ્રસંગે બોલવામાં આવશે.)

(૬) છઠ્ઠું દેશાભિમાન આ હતું કે, દેશની એક જ ભાષા કરવી પણ તે વિષય ઝાઝો ચરચાયો નથીઃ પ્રાંતપ્રાંતના લોકો પોતપોતાની ભાષાની સંવૃદ્ધિ કરતા થયા છે. તોપણ અંગ્રેજી ને હિંદુસ્થાની એ બે ભાષા, લોકના સામાન્ય લાભને અર્થે અગતના સાધન જોવામાં આવે છે. હિન્દુઓમાં શુભાશુભ કર્મ પ્રાકૃતમાં થવા વિષે સમાજોના કાંઇ કાંઇ ઉદ્યોગ છે.

(૭) સાતમા પ્રકારનું અભિમાન તે જૂના ગ્રંથો ખોળવા, વાંચવા, છપાવી પ્રસિદ્ધ કરવા એની હોંશમાં દેખાય છે, કે જેથી લોક પોતાની પૂર્વસ્થિતિને જાણી ભાવી

સ્થિતિને માટે ઉદ્યમી થાય, એ ઉદ્યોગ સફળ થશે.

દેશાભિમાન તથા નીતિવિષયમાં દેશના લોકની કેવી સમજ તથા સ્થિતિ છે, તે વિષે ઉત્તર હિંદુસ્થાનમાં કામને અર્થે જઇ આવેલા તથા જાત્રા કરી આવેલા તેઓએ અમને આ પ્રમાણે કહ્યું છે. એક દેશાભિમાની વૃદ્ધ દક્ષિણી, મળવા આવેલો તેણે કહેલું કે ''દેશાભિમાન કેથે નથી કલકત્તે કે કોઇ ઠેકાણેઃ અમારા લોકમાં કાંઇક છે પણ બડબડ બહુ ને ઐક્ય નહિ.''બીજાઓનું કહેલું તે આવું- લોક અંગ્રેજી ભણે છે તે નોકરી મેળવવાના હેતુથી જ. અંગ્રેજી રાજ્યથી રહેતી જાનમાલની સલામતી ને છૂટ એને બહુ વખાણે છે. માત્ર કારભારને વાસ્તે બહુ દલગીર છે; બ્રિટિશ ખાલસા ભાગના શેહેર કસબાઓમાં કોઇ કોઇ કેળવણી પામેલા નેરાજ્યપ્રકરણમાં વિચાર કરવાવાળા છે, દેશી કારીગરીથી ગરીબાઇ મટાડવાના ઉદ્યમ વિષે વાતો થાય છે; કસરત કરવા ઉપર સૌને શોખ ખરો, કાશીમાં બ્રાહ્મણો સંન્યસી મોટા પંડિત છે. અંતરવેદમાં લોક જોસ્સાવાળા છે પણ અજ્ઞાન છે, ઉત્તર હિંદુસ્થાનમાં પૈસો ન મળે. બંગાળી કેળવણીવાળા તે વિવેકી છે પણ યુરોપીયનને ખુશ રાખનારા છે, એઓની રીતભાત ખસૂસ દાખલ કરે છે. ધર્મ વિષે ઘણાક તે પાછલું કાયમ રાખી ચલાવ્યા જાય છે; રજપૂતોમાં હથિયારનો શોખ તથા માવજત ઓછાં નથી; કેટલાંક રાજ્ય વગવાળાં ને પુખ્ત વિચારનાં છે; શીખ લોક કેટલાક ધનાઢ્ય ને ઘણાખરા શૂરા છે, પણ બ્રિટિશ સરકારને અધીન; તેઓમાં કેળવણી નથી.

ધર્મ વિષયમાં સમાજોનાં પણ જુદાં મત, એને લીધે અને પ્રવૃત્તિને જ વિચારે તથા હારી થાકી ગયેલ અભિમાનને ભૂલી પડેલ સંશયી બાવરી થયેલી પ્રજાએ હવે કીઓ માર્ગ લેવો? આપણા પૂર્વના જ્ઞાની શિષ્ટજનોની શિક્ષા આવી છેઃ-

સેંકડો વર્ષ પરતંત્ર રહી સ્વતંત્ર થવાની શુભેચ્છા થઇ છે તો સિદ્ધિ કાળ વહેલો મોડો પણ આવશે જ માટે ધીરજ રાખવી. પારકી નીતિએ આપણું બળ વધનારું નથીઃ આપણું બળ આપણી પોતાની જ નીતિએ વધશે ને તેને માટે પહેલી આ સમજ કે, પરદેશી ધર્મ નીતિ રીતિ વસ્તુ ઉપર જે મોહ થયો છે તેને હણવો; આત્મસ્વરૂપ ઓળખી નિર્મળ થવું. રાગી વૃત્તિને અંકુશિત રાખીને વિરાગવૃત્તિ ધરવી કે, જેથી આ લોકમાં દઢ નિયમે સારાં કામ થાય ને પરલોકમાં સારી ગતિ મળે.

એ ત્રણ શિક્ષાને માટે મંત્રબોધ નિત્યને માટે લોક સમસ્તને અર્થે આ પ્રમાણે કરે છે કે નિરાભમાન એ બીજ, સ્વધર્માનુષ્ઠાન એ શક્તિઃ એ બે ષડૈશ્વર્યના ભોગની પ્રાપ્તિ કરવી. નિરભિમાન રહેવું એટલે ઇશ્વરેચ્છાને બળવતી માનવી, અને મમત્વ સ્વાર્થ ત્યાજવાની તથા સમતા પરોપકાર બુદ્ધિ રાખવાની ટેવ પાડવી. સ્વધર્માનુષ્ઠાન એટલે પોતપોતાનાં ધર્મ, કર્મ કે સંસારી ઉદ્યોગ શ્રદ્ધાએ કે ઠારી બુદ્ધિએ કરવાં ષડૈશ્વર્ય એટલે ઇશ્વરજ્ઞાન, વૈરાગ્ય, સત્તા, બળ, યશ, શ્રી-વળી દુર્ઘટ સમયને માટે કહ્યું છે કે-

*तपसा प्राप्यते लक्ष्मीस्तपसा राज्यमुत्तमं ।*

*तपसा बलबुद्धिः स्यात्संग्रामे विजयस्तथा ॥*

તો તપ કરવું. પણ વનમાં જઇ યોગ સાધે કે એકાંતમાં ઉપાસના કરે તેવા મહેચ્છ જીવ અમણાં નથી ત્યારે કેમ? પ્રત્યેક જણે પોતપોતાની બુદ્ધિને અનુસરતું કામ પોતપાતના ઉદ્દેશને માટે એક લક્ષે કર્યા કરવું, પણ અભિમાન તથા પ્રપંચ મૂકીનેઃ એમ કરવું તો જ એ તપ ને એ તપ કાળની અમુક અવધિએ ફળશે સૌને; વળી જેનું તપોબળ વિશેષ હશે, તે મહાન્ પુરુષની કીર્તિ સંપાદન કરશે.

ઘણા લોકની ધર્મ ઉપરથી આસ્થા ઘટી ગઇ છે ને નીતિ નબળી છે; વિશેષ માંસ મદ્ય વાપરવાં કે બળ ને જોસ્સો આવે એવું કેટલાક સુધારાવાળાનું મત હતું, પણ હવે તે ફર્યું છે, માંસ ઘણું વપરાતું થયું નહિ પણ મદ્ય બહુ વપરાતો થયો. સનાતન ધર્મે મદ્યને ચાર મહાપાતકમાંનું એક ગણ્યું છે, કેમ કે તેથી તમોગુણ વધે છે, બહુ પાપ થાય છે ને હીણા જન્મ લેવા પડે છે. યુરોપ અમેરિકાના કેટલાક વિદ્વાનોએ મદ્ય પીવાથી ફાયદો નથી એવું સારી તપાસ કરીને બતાવ્યું છે, સંસારમાં ગેરફાયદા થાય છે તે ખુલ્લા દેખાય છે તે છતાં દારૂ બંધ થતો નથી. દારૂથી વિલાસની વૃત્તિ ને એથી નાકૌતી વધે છે. પ્રવૃત્તિના વિચાર વધવાથી લોકની (પુરુષ-સ્ત્રી બંનેની) નીતિ નથી બગડી એમ કોણ કહેશે?ઇચ્છા મોટી ને નીતિ ખોટી તો ઇચ્છા કેમ પાર પડશે? ને એવી સ્થિતિમાં કદાપિ રાજ્ય મળ્યું તો તે ટકવાનું કેટલું? ધર્મ ઉપર મોટો અનાદર, ધર્મરહિત અર્થ ને ધર્મરહિત સ્નેહ એથી મોટી હાનિ છે, નિઃસંદેહ ધર્મે જ જય છે.

કાળે સુધારાવાલાને ઊભા કીધા ને એઓએ હિંદુઓને બોધ આપી ચંચળ તથા પૃચ્છક કીધાઃ કાળે સુધારવાળાનાં મત જુદાં જુદાં તે ચાર સમાજમાં દેખાડ્યાં, અને કાળ પ્રેરણા કરે છે કે, હિંદુઓએ હવે તીસ વર્ષના અનુભવ ઉપરથી પોતાની નવી વ્યવસ્થા કરવી, સુવૃદ્ધિ અર્થે. અમારા મત આપે છેઃ

**ગતાભિમાન રહો થઇ, - થવે ધરો અભિમાન**

**ધર્મ કર્મ તપશે થશે, જયી સર્વ અભિમાન-**

(**નોંધઃ** જોડણી લેખકના ૧૮૮૧ના મૂળ લખાણ મુજબ રાખી છે.)

(રમેશ મ. શુક્લસંપાદિત 'નર્મદના નિબંધ'માંથી)

## ઉદાસ છે

**એસ.એસ. રાહી**

વૈશાખી ટ્રેન ગઇ પછી પાટા ઉદાસ છે
ડાળીઓ સૂક્કી જોઇને કાંટા ઉદાસ છે

હાંફી રહ્યા છે પ્યાદાઓ, અંતિમ શ્વાસ છે
વાજીદઅલીની રાહમાં પાસાં ઉદાસ છે

પેલો બજાણિયો હજુ ઊભો છે દોરડે
છે ગ્રીષ્મનો બપોર, તમાશા ઉદાસ છે

માટીને ઘાટ આપતાં મૂર્છિત થયો કુંભાર
નવરાશમાં એ ઠંડા નિભાડા ઉદાસ છે

સહેલાણીઓ ય આજે બરફ થઇ ગયા બધા
થીજી ગયું છે દાલ, શિકારા ઉદાસ છે

લાક્ષાગૃહોને આગથી બાળી શક્યા નહીં
ઉમ્મીદથી સભર એ તિખારા ઉદાસ છે

તું તો હતાશ છે છતાં માણી રહી છે મોજ
મુજને ફળી છે એ બધી આશા ઉદાસ છે

જીવંત પાળિયાઓ ઝઝૂમી અમર થયા
તેથી તો તીર, બરછી ને ભાલા ઉદાસ છે.

(ઇંઝી સોસાયટી, બંગલો-૧૩, રૂપી બેંક લિ. પાછળ,
કોંધવા-ખુર્દ, પુણે-૪૧૧૦૪૮, મહારાષ્ટ્ર મો:૦૯૩૭૩૧૩૭૯૫૨)

**પ્રીતમ લખલાણી**

(૧)

ખરે બપોરે
વિહંગ પાંખથી
વિખુટું પડી ગયેલ પીછું
પવન સંગે ઉડતું
કોઇ ઘેઘુર વૃક્ષના
પડછાયા તળેથી
પસાર થાય છે ત્યારે
ડાળને વળગીને
બેસેલું પ્રત્યેક પાન
ઘડીક માટે ટહુકી ઊઠે?

(૨)

નક્કી કરી શકું કે
સવારે
પત્નીએ
બારી ખોલી ત્યારે
પેલા
ઘેઘુર વૃક્ષની ડાળે
પ્રથમ પાન ટહુક્યું કે,
પંખી!!!

(65, Falcon Drive, West Henrietta, NY 14586
U.S.A., Ph: 585-334-0310)

## રાત દિવસને ચાળું છું

**ગિરીશ ભટ્ટ**

થોડી થોડી અચરજને ઓગાળું છું,
ઝાંખો પાંખો ખુદનો ચ્હેરો ભાળું છું
આવે કૈંક વળાંકો પળપળ મારગમાં;
ચરણ વળે એ પહેલાં મનને વાળું છું.
ચંદરવાની લીલી પીળી ભાતોમાં;
બખિયાં વચ્ચે મનસૂબાઓ પાળું છું
ભારવલી પાંપણમાં સોઢાડી સ્વપ્નો;
અશ્રુની નદને હું કાયમ ખાળું છું.
ચાંદરડે ચાંદરડે નભ અવતરતું ઘરમાં;
નળિયે નળિયે રાત-દિવસને ચાળું છું.

(પ્રશાંત નીલયમ, માધવ નગર, સુરેન્દ્રનગર, ૩૬૩૦૦૧)

## ઓસરીને લાગ્યો અહાંગરો

**જિગર જોષી 'પ્રેમ'**

ઓસરીને લાગ્યો અહાંગરો
સથવારો દેવા મુને હીંચકો રહ્યો નથી. કરશે કોણ હાય રે ઉજાગરો?
ઓસરીને લાગ્યો અહાંગરો
ઓસરીની છાતીમાં માળો બાંધીને આમ ઉડી ગયું કોઇ અગમ પાંખે
ડેલીનો પ્હાડ વટી આથમતા સૂરજને જોયો છે સાવ સગી આંખે
ટૂંટિયું વાળીને સાવ સૂનમૂન બેઠો છે ફળિયાના ઝાડ પાસે વાયરો
ઓસરીને લાગ્યો અહાંગરો
સેંથો ભૂંસાય એમ ભૂંસાયું હીંચકાનું હોવું આ ઓસરીની સાથે
એવું લાગે છે જાણે ઝરણાં ઉપર પ્હાડ મૂકી દીધો છે મારા નાથે
ખાલી થવામાં વળી બોજો શું હોય તો'ય ખાલીપો લાગે છે આકરો
ઓસરીને લાગ્યો અહાંગરો.

(૫૯, ગંગોત્રી પાર્ક, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫
મો:૯૯૨૫૧૫૭૪૭૫)

## સૌરાષ્ટ્રના દફતર ભંડારો

**એસ.વી. જાની**

(સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અનુસ્નાતક ઈતિહાસ વિભાગના નિવૃત્ત પ્રાધ્યાપક અને અધ્યક્ષે ૨૩ જાન્યુઆરી ૨૦૧૫ ના રોજ સરદાર પટેલ યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગમાં સરદાર પટેલ ચૅર વ્યાખ્યાન આપ્યું હતું. એ અહીં પ્રસ્તુત છે.)

ઈતિહાસ એ એક માનવ કેન્દ્રિત સામાજિક વિજ્ઞાન છે. તેથી લોર્ડ બ્રાઈસના કથન પ્રમાણે મનુષ્યે ભૂતકાળમાં જે કાંઈ વિચાર્યુ, કહ્યું કે કર્યું તે ઈતિહાસનો વિષય ગણાય છે. પરંતુ ઈતિહાસ તો પ્રમાણો ઉપર આધારિત છે. તેમાં પણ લિખિત પ્રમાણો ઉપર વધુ ભાર મૂકાય છે. તેથી જ ફ્રેન્ચ સંશોધકો લેંગલોઈસ અને સિગ્નોબોસનું સૂત્ર છે કે "No Document, No History"[૧] એટલે કે દસ્તાવેજો (આધાર સાધનો) નહિં તો ઈતિહાસ નહિ. હકીકત એ છે કે સાધન નહિ તો ઈતિહાસ નહિ. આ બાબત જ ઈતિહાસ આલેખનમાં દફતરોનું મહત્ત્વ દર્શાવે છે. સંસ્કૃત વૃત્તિકાર મલ્લિનાથે પણ પ્રતિજ્ઞાસૂત્ર આપ્યું છે *नामूलं लिख्यते किंचित्* એટલે કે આધાર વિના કાંઈ લખવું નહિં. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે યોગ્ય અને આધારભૂત સાધન વિના, ઈતિહાસનું આલેખન કે સંશોધન કાર્ય થઈ શકતું નથી. આધાર સાધન કે સાચા પુરાવા તો ઈતિહાસના પ્રાણ છે.[૨] આ સાધનોનો હેતુ ઈતિહાસના કાચા માલને શુદ્ધ કરીને રજૂ કરવાનો છે. તેથી જ પ્રસિદ્ધ ઈતિહાસકાર નિબૂર ઈતિહાસનાં આધાર-સાધનોના અભ્યાસને ભૂગર્ભમાં સંશોધન કરવાના કાર્ય તરીકે ગણાવે છે.[૩]

લૂઈસ ગોટ્સચાકે નોંધ્યા પ્રમાણે "Most of the History as record is only the surviving part of the recorded part of the remembered part of the observed part of the whole."[૪] તદુપરાંત પ્રો. ઈ.એચ.કારના મતાનુસાર 'ઈતિહાસ એ વર્તમાન અને ભૂતકાળ વચ્ચેનો વણથંભ્યો સંવાદ છે.'[૫] આ સંવાદને સમજયા વિના આપણા વર્તમાન અને ભાવિનું આપણે નિર્માણ કરી શકીએ એમ નથી. છેલ્લાં ચાલીસેક વર્ષોથી ગુજરાત ઈતિહાસ સંશોધનના ક્ષેત્રે જાગૃત બન્યું છે. નવા સંશોધકો મોટે ભાગે પ્રાદેશિક ઈતિહાસના ક્ષેત્રે સંશોધન કરવા લાગ્યા છે. પ્રાદેશિક કે સ્થાનિક ઈતિહાસ પણ એક સ્વતંત્ર અભ્યાસનો વિષય છે.[૬] રાષ્ટ્રીય ઈતિહાસના ઘડતર અને ચણતરમાં તેનું મહત્વનું સ્થાન છે.

છેલ્લાં ૩૦ થી ૪૦ વર્ષોથી ઈતિહાસના અધ્યાપકોમાં ઈતિહાસના સંશોધન અંગે રસ અને રૂચિ વધ્યાં છે. પરિણામે અનેક સંશોધકોએ પ્રાદેશિક એટલે કે ગુજરાતના ઈતિહાસનાં વિવિધ પાસાંઓ અંગે તલસ્પર્શી સંશોધન કર્યાં છે અને કરી રહ્યાં છે તે એવું પ્રશંસનીય બાબત ગણાવી શકાય. તેનાથી ગુજરાતના ઈતિહાસનાં વિવિધ પાસાં અંગે નવી વિશ્લેષણાત્મક માહિતી પ્રાપ્ત થઈ છે, કેટલીક બાબતો અંગે નવો પ્રકાશ પડયો છે અને આ ક્ષેત્રે વધુ સંશોધનની નવી દિશાઓ ખુલી છે, તે આવકારદાયક છે.

ગુજરાતના ઈતિહાસને લગતી વિવિધ પ્રકારની સાધનસામગ્રી સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના અન્ય વિભાગોમાં આવેલા દફતરભંડારોમાં સચવાયેલી છે.

આ દફતર ભંડારોમાં ઈતિહાસ સંશોધન અને આલેખન માટેની કાચી સામગ્રી પુષ્કળ પ્રમાણમાં સંગ્રહિત છે. તેના ઉપરની ધૂળ ખંખેરીને તેમાં છુપાયેલો ઈતિહાસ બહાર લાવનારા સંશોધકની તેને પ્રતીક્ષા છે. આ દફતર ભંડારો સદા સાચા સંશોધકને આવકારવા તત્પર છે કે જેથી દફતર ભંડારોમાં દસ્તાવેજોમાં કેદ માહિતીને તેમાંથી મુકત કરી સમાજ સામે રજૂ કરી ઈતિહાસની સામગ્રીને ઉપયોગી બનાવી શકાય. દફતર ભંડાર (અભિલેખાગાર) માં રહેલો રેકર્ડ એ માત્ર ભૂતકાળનો ઈતિહાસ નથી, પરંતુ હવે પછીના ઈતિહાસનું જે સર્જન થવાનું છે, તેનું જન્મસ્થાન છે. અગત્યના રેકર્ડ ઉપરથી જ જે તે વિષયના વિદ્વાનો પ્રમાણો આધારિત ઈતિહાસનું સર્જન કરે છે. બોલેલું હોય તે ભૂલી જવાય પરંતુ લખેલું તો અમર છે અને તેથી તે ભૂતકાળનો વારસો બને છે. તેથી જ કહેવાય છે કે લખાણ માત્ર સાચવવાને પાત્ર. આમ દફતરો એ ઈતિહાસના સંશોધન અને આલેખન માટે કાચી સામગ્રી પૂરી પાડનારા ભંડારો છે તેથી તેની યોગ્ય જાળવણી અત્યંત જરૂરી છે.

અભિલેખાગાર (દફતર ભંડાર) સંશોધકો માટે ઉપયોગી છે અને અત્યંત મહત્ત્વ ધરાવે છે. સૌરાષ્ટ્ર પ્રદેશમાં સૌ પ્રથમ અભિલેખાગાર કચેરી રાજકોટમાં આવેલ કોઠી કંપાઉન્ડમાં બેસતી હતી. તે કચેરીની ઈમારતની સ્થાપના સંભવતઃ ઈ.સ.૧૮૫૭ આસપાસ થઈ હતી. તેમાં કાઠિયાવાડ પોલિટિકલ એજન્સીનું રેકર્ડ સંગ્રહાયેલું હતું. આઝાદી પછી આ કચેરી સૌરાષ્ટ્ર રાજયના જયુડિશિયલ ખાતા હેઠળ અને પછી ૧-૧૧-૧૯૫૬ થી દ્વિભાષી મુંબઈ રાજય હેઠળ મૂકાયેલ. ૧-૫-૧૯૬૦ના રોજ સ્વતંત્ર

ગુજરાત રાજ્યની રચના થતાં આ કચેરી ગુજરાતના મહેસૂલ વિભાગ હસ્તક મૂકાઈ. ૧-૧૨-૧૯૭૧ થી ગુજરાત રાજ્ય અભિલેખાગારનો પ્રારંભ થયો, તેથી આ કચેરી તે ખાતા હેઠળ મૂકાઈ. ૧૮-૯-૧૯૮૧ થી રાજકોટની મધ્યસ્થ દફતર કચેરી પશ્રિમ વર્તુળ અભિલેખાગાર કચેરી, (રાજકોટ) તરીકે કાર્યરત થઈ. ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના આવેલ વિનાશક ભૂકંપમાં રાજકોટના કોઠી કંપાઉન્ડમાં આવેલ આ ખાતાની ઈમારતને વ્યાપક નુકસાન થતાં રૂપિયા ૧-૩૦ કરોડના ખર્ચે બનેલ પશ્રિમ વર્તુળ અભિલેખાગારના નવા મકાનનું ઉદ્‌ઘાટન ૧૯-૦૩-૨૦૦૫ના રોજ ગુજરાતનાં તત્કાલીન શિક્ષણમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના વરદ હસ્તે થયું છે. ત્યારથી આ કચેરી તેના વિશાળ ક્ષેત્રફળ અને અનેક સુવિદ્યા ધરાવતા નવા મકાનમાં કાર્યરત છે.

સૌરાષ્ટ્રમાં રાજકોટ ઉપરાંત જામનગર, જૂનાગઢ, ભાવનગર, પોરબંદર વગેરે સ્થળોએ પણ દફતર ભંડારો આવેલા છે. તેમાં વિવિધ પ્રકારની ઐતિહાસિક માહિતી સંગ્રહિત છે. પરંતુ સૌરાષ્ટ્રમાં રાજકોટની દફતર કચેરી સૌથી વિશાળ અને સમૃદ્ધ છે કારણ કે સૌરાષ્ટ્ર ૨૨૨ રજવાડાં ધરાવતો પ્રદેશ હતો. તેની ઉપર બ્રિટિશ યુગમાં બ્રિટિશ પોલિટિકલ એજન્ટની સત્તા હતી. તેથી એ બધાં રજવાડાંઓનું દફતર રાજકોટમાં સંગ્રહિત છે. રાજકોટ અભિલેખાગારમાં કુલ ૩,૩૬,૫૦૮ ફાઈલો, ચોપડાઓ વગેરે સંગ્રહાયેલા છે.[૭] તેની પાસે ૨૫ થી ૩૦ હજાર જેટલાં અલભ્ય તેમ જ આધુનિક પુસ્તકોનો પણ ભંડાર છે.

રાજકોટના અભિલેખાગારમાં સૌરાષ્ટ્રના મુખ્ય અને મહત્ત્વનાં દેશી રાજ્યોમાં ૧૮૭૬ થી ૧૯૪૬ સુધીના છાપેલા વાર્ષિક અહેવાલો છે જેમાં મુખ્યત્વે મોરબી, ગોંડલ, ભાવનગર, પોરબંદર, નવાનગર (જામનગર), વાંકાનેર, ધ્રાંગધ્રા, રાજકોટ, લીંબડી, પાલિતાણા, વઢવાણ, જૂનાગઢ, માંગરોળ, જેતપુર, જસદણ, લાઠી, ધ્રોળ, માણાવદર, મૂળી, વડિયા, બિલખા, વળા વગેરેનો સમાવેશ થાય છે, આ ઉપરાંત સૌરાષ્ટ્ર સિવાયનાં છોટાઉદેપુર, બિકાનેર, બાલાશિનોર, અલવર, મયુરભંજ, સાંગલી, પાલનપુર, લુણાવાડા, ડુંગરપુર, ઈડર, વડોદરા, દાંતા, ત્રિપુરા, જંજીરા, માણસા, રતલામ વગેરે જેવાં ગુજરાતનાં અને ગુજરાત સિવાયનાં અન્ય રાજ્યોના વાર્ષિક અહેવાલો પણ સંગ્રહિત છે. રાજકોટની રાજકુમાર કોલેજના પણ વાર્ષિક અહેવાલો અહિ પ્રાપ્ય છે. કાઠિયાવાડ રાજકીય પરિષદ, કાઠિયાવાડ સત્યાગ્રહદળ, રાજકોટ પ્રજા પ્રતિનિધિ સભા અને પ્રજામંડળ, વિવિધ જ્ઞાતિના વિદ્યાર્થી આશ્રમો ભાવનગર પ્રજા પરિષદ તથા ધારાસભા, રાષ્ટ્રીય શાળાના અહેવાલો વગેરે પણ અહીં સચવાયેલા છે. આ વાર્ષિક અહેવાલોમાંથી જે તે દેશી રાજ્યનો સંક્ષિપ્ત ઈતિહાસ, આવક-જાવકનાં સાધનો અને રકમ, પોલીસ દળ, જેલ, કૃષિ, વેપાર, કેળવણી-ન્યાયતંત્ર, મુખ્ય અમલદારો, બ્રિટિશ સરકાર સાથેના સંબંધો, મુલાકાતી મહાનુભાવો વગેરેની માહિતી મળી રહે છે. સંસ્થાના અહેવાલોમાંથી જે તે સંસ્થા અંગેની વિવિધ વિગતો પ્રાપ્ત થાય છે.

સૌરાષ્ટ્રનાં અને તળ ગુજરાતનાં કેટલાંક દેશી રાજ્યો પોતાના રાજ્ય તરફથી દરબારી ગેઝેટ પણ બહાર પાડતાં જેમાં જે તે રાજ્યમાં બનેલી મુખ્ય ઘટનાઓ, નવા કાયદાઓ, કરવેરામાં વધારો-ઘટાડો, અન્ય નિયમો, સરકારી જાહેરાતો વગેરે છપાતાં. આવાં દરબારી ગેઝેટો ૧૮૭૩ થી ૧૯૪૭ સુધીનાં છે. ઉપરાંત બ્રિટિશ શાસન સમયના કાઠિયાવાડ પોલિટિકલ એજન્સી ગેઝેટ, (૧૮૮૭ થી ૧૯૪૫) બોમ્બે ગવર્નમેન્ટ ગેઝેટ (૧૯૨૨ થી ૧૯૬૦) તથા સૌરાષ્ટ્ર સરકાર ગેઝેટ (૧૯૪૮ થી ૧૯૫૬) તથા સ્વતંત્રતા પછીના નૂતન સૌરાષ્ટ્ર, જયહિંદ, ફૂલછાબ વગેરે સમાચારપત્રોની ફાઈલો પણ અહીં સંગ્રહિત છે. ઉપરાંત સૌરાષ્ટ્ર વિસ્તારના વિવિધ જિલ્લાઓમાંથી પણ છેલ્લાં ૫૦-૬૦ વર્ષોનાં રેકર્ડ મેળવીને અહીં રાખવામાં આવે છે. આ બધાં રેકર્ડ મુખ્યત્વે સૌરાષ્ટ્ર અને તળ ગુજરાતના પ્રદેશો અંગેની વૈવિધ્યસભર માહિતી ધરાવે છે. તેનું વૈજ્ઞાનિક ઢબે વિશ્લેષણ કરી મૂલ્યાંકન કરવાથી ઐતિહાસિક પથદર્શન થઈ શકે છે. આમ આ દફતર ભંડારોમાં તો સત્યરૂપી મોતી ધરાવતી અનેક છીપો છે, તેમાં ડૂબકી મારી સત્યરૂપી મોતી મેળવનારે પ્રયત્ન કરનાર સંશોધકોને તે આવકારવા ઉત્સુક છે. છતાં આ માહિતીના સમુદ્રમાંથી મોતી મેળવવાનો પ્રયાસ કરનાર ઉત્સાહી સંશોધકોની કમી જણાય છે. ધીમે ધીમે તેમાં સુધારો થઈ રહયો છે, તે આવકારદાયક છે.

આ દફતર ભંડારોમાં સૌરાષ્ટ્રમાં થયેલ આઝાદીની ચળવળ, તેમાં ભાગ લેનારા સત્યાગ્રહીઓ અને આગેવાનોનાં કાર્યો, તેમાંથી કેટલાકની જેલ-ડાયરી, દા.ત. જેઠાલાલ જોશીની જેલની આત્મનોંધ બળવંતરાય મહેતાની નોંધ, તત્કાલીન પોલીસ રિપોર્ટ, વિવિધ સત્યાગ્રહો અંગેની વિગતો જેવી કે રાજ્ય અને પ્રજાના દૃષ્ટિબિંદુ જેવી અનેક બાબતો પણ અહીંની અનેક ફાઈલોમાં સંગ્રહિત છે. સંશોધકો માટે તો જાણે સોલોમનનો ખજાનો છે.

રાજકોટ સહિતનાં સૌરાષ્ટ્રનાં દફતર ભંડારોમાં ઓગણીસમી અને વીસમી સદીના ગુજરાતના ઈતિહાસને લગતી વિપુલ સામગ્રી પ્રાપ્ય છે. તેમાં મુખ્યત્વે હસ્તપ્રતોની ફાઈલો, સમાચાર-પત્રો અને સામયિકોની ફાઈલો, ધોલેરા-વીરગામ સત્યાગ્રહ અંગેની પત્રિકાઓ, ૧૯૪૨ની લડત અંગેની ફાઈલો, વિવિધ રાજયો અને સંસ્થાઓના વાર્ષિક અહેવાલો, ગ્રંથાલયમાં સચવાયેલા મહત્વનાં સંદર્ભ ગ્રંથો, ડાયરીઓ, જીવનચરિત્રો, પોલિટિકલ એજન્ટોએ મુંબઈના ગવર્નરને લખેલા પત્રો, સ્વાતંત્ર્ય સેનાનીઓએ ગાંધીજી, કે સરદાર પટેલને કે સ્થાનિક નેતાઓને કે રાજવીઓને લખેલા પત્રો મહત્ત્વનાં ગણાવી શકાય. આમ ગુજરાતના ઈતિહાસને લગતી સામગ્રી આ દફતર ભંડારોમાં આવેલી છે. પરંતુ તેને શોધીને તેને પારસમણિનો સ્પર્શ આપનાર કીમિયાગર સંશોધકની જરૂર છે. ઈતિહાસકારનું કાર્ય એક ધૂળધોયાનું કાર્ય છે. તેથી તેણે તો સત્યરૂપી સોનું મેળવવા માટે ખૂબ પરિશ્રમ કરવાનો રહે છે.

આ દફતર ભંડારોમાં સંગ્રહિત આધાર સાધનોનો ઉપયોગ કરીને ગુજરાતના ઈતિહાસનું વૈજ્ઞાનિક પદ્ધતિએ યોગ્ય પ્રમાણમાં અને પરિમાણમાં આલેખન કરવું જોઈએ. ઈતિહાસ લેખનમાં સાધનોના એકત્રીકરણનું કાર્ય સાવચેતી અને સાવધાની માગી લે છે. વળી એકત્રીકરણ માટે સંશાધકમાં તે માટેની રુચિ, દૃષ્ટિ અને વૃત્તિ હોવાં જોઈએ. સાધનોનું એકત્રીકરણ કર્યા પછી તેનું વૈજ્ઞાનિક ઢબે વિશ્લેષણ કરવું જરૂરી છે. ઈતિહાસનું સંશોધન અને આલેખન એ કાંઈ માહિતીનો ઢગલો ઊભો કરવાનો નથી, પરંતુ તે એક વૈજ્ઞાનિક ઢબની ક્રિયા, પ્રક્રિયા અને આંતરક્રિયામાંથી પસાર થાય છે. વળી આધારસામગ્રીને ઉપયોગમાં લેતાં પહેલાં તેનું આંતરિક અને બાહ્ય વિવેચન કરવું જોઈએ. ઈતિહાસ આલેખનમાં તે કેન્દ્રિય ભાગ ભજવે છે. વિવેચન એટલે સાધનોની પ્રમાણભૂતતા અને વિશ્વસનીયતાની ચકાસણી. સાધનોની પ્રમાણભૂતતા અને વિશ્વસનીયતાની ચકાસણી સાધનોની વિશ્વસનીયતા સાધનના કર્તાની સત્ય કહેવાની ખુશી અને સત્ય કહેવાની શકિત ઉપર આધાર રાખે છે. ઈતિહાસનાં સાધનો કે પુરાવાનું શુદ્ધિકરણ કરવા માટે તેની ચાળણી કરીને સત્ય શોધી કાઢવાનું રહે છે. કારણ કે ટ્રેવેલ્યાન કહે છે તે પ્રમાણે ઈતિહાસ એ તો સત્ય કહેતું શાસ્ત્ર છે.[૮]

જૂનાગઢ રાજયમાં નવાબ હામદખાનજી બીજાના સમયથી (૧૮૪૦-૧૮૫૧) દફતરોની જાળવણી થતી હતી. આ રાજયનું દફતર ૮૯ રૂમોમાં સંગ્રહિત છે. તેમાં ૯૬ પ્રકારનાં દફતર છે. તેનાં નામ પણ એવાં સરસ અપાયાં છે કે સંશોધકને પોતાને જરૂરી માહિતી કયા દફતરમાંથી મળી રહેશે તે જાણી શકાય છે. દા.ત. રાજકુટુંબ દફતર, વઝીર દફતર, શાહજાદા દફતર, શાહી દફતર, ચાંદ દફતર, પેલેસ રોજમેળ દફતર, સહકારી મકાન, ઈનામ દફતર, દેવસ્થાન દફતર, શિકાર દફતર, ગુપ્ત પ્રયાગ દફતર પેન્શન દફતર, બહાઉદ્દીન કોલેજ દફતર, બહારવટિયા દફતર, ગિરનાર-કેસ દફતર, રેલવે દફતર, એજન્સી દફતર, ગિરનાર લોટરી દફતર વગેરે.


રાજકોટના અભિલેખાગારમાં જે દફતરો છે તેમાં નામ આ પ્રમાણે છે- હજુર રેવન્યુ, મેનેજમેન્ટ, સિવિલ સ્ટેશન વેચાણ, પ્રજા પ્રતિનિધિ સભા, ન્યાયધીશ-વકીલ, પોલીસ, હજુર બગીચા, ઘાસ, કેળવણી, ટ્રામવે, કોટન મિલ, રિયાસત, પેડોક, ફોરેસ્ટ,ડેરી, જેલ દફતર વગેરે.

ભાવનગરના અભિલેખાગારમાં ૧૧૦ દફતરો નોંધાયેલ છે. તેમાંથી મુખ્ય છે-ભાવનગર તળાવ રેલવે, ખેડૂત સંરક્ષણ ધારો, દીવાન ઠરાવની ફાઈલ, મહારાજા સાહેબની મુસાફરી, મહારાજા હુકમ, દુકાળ-ધારો, બોટાદ ટ્રામવે, નકશાઓ, રાજકુમાર કોલેજ માટે દાન, ન્યૂઝ પેપર કટિંગની ફાઈલો, વૉર ડિપાર્ટમેન્ટ કસ્ટમ, શામળદાસ કૉલેજ, ભાવનગર-ગોંડેલ રેલવે, કાઠિયાવાડ એર-સર્વિસ, બોઈઝ સ્કાઉટ, તપ્તેશ્વર મહાદેવ મંદિર, નીલમબાગ, લાલ બંગલો, ભાવનગર સેવિંગ બેંક, ભેંસલા બેટ, સાહિત્ય-પરિષદ, કેદીઓને શિક્ષા અંગેની ફાઈલ વગેરે. [૯]


સૌરાષ્ટ્રના અભિલેખાગારોમાં દફતરોનો તો અઢળક ભંડાર છે. તેમાં સચવાયેલા મૂળ દસ્તાવેજોમાંથી હજુ સુધી સંશોધકોએ માત્ર ૧૦ થી ૧૫ ટકાનો જ ઉપયોગ કર્યો છે. કેટલીકવાર તો સંશોધન કરનારના માર્ગદર્શકને પણ તેમાં વિદ્યાર્થીના સંશોધનને ઉપયોગી મહત્ત્વની માહિતી કયાંથી મળી રહેશે તેની જાણ હોતી નથી. તેથી કૂવામાં ન હોય તો હવાડામાં કયાંથી આવે ? તેમ છતાં કેટલાક અત્યંત પરિશ્રમી અને નિષ્ઠાવાન સંશોધકો ખાંખાખોળા કરીને પોતાને જરૂરી દસ્તાવેજો મેળવી, તેનું અધ્યયન કરી, તારણો રજૂ કરે છે, તે આવકારદાયક છે.

વિવિધ યુનિવર્સિટીઓ અને સંશોધન કેન્દ્રોમાં એમ.ફિલ. કે પી.એચ.ડી.ની ડિગ્રી માટે સંશોધન કરનાર વિદ્યાર્થીને માર્ગદર્શન મળી રહે તેવા હેતુથી અહીં કેટલાક નમૂનારૂપ દફતરોની ફોટો-સ્ટેટ (ઝેરોક્ષ) નકલ મૂકી છે.

વળી તેમાંથી કયા પ્રકારની માહિતી મળે છે અને તેનું શું મહત્ત્વ છે, તે તેનું અર્થઘટન કરીને દર્શાવવાનો અહીં પ્રયાસ કરાયો છે તેનું વિવેચન પણ કરાયું છે.



અત્રે દસ્તાવેજ ભાવનગરના ક્રમાંક-૧ રજૂ કર્યો છે તે દર્શાવે છે કે ભાવનગરના મહારાજા વિજયસિંહજી (શાસન વર્ષો ૧૮૧૬-૧૮૫૨)ના શાસનકાળમાં જોગીદાસ ખુમાણ બહારવટે ચડયા હતા. જોગીદાસ ખુમાણ અને મહેરામે ભાવનગરના મહારાજા વજેસિંહજી (વિજયસિંહજી)ને વિ.સં. ૧૮૮૫ના મહા સુદ ૮ એટલે કે ઈ.સ.૧૮૨૯માં એક પત્ર લખ્યો હતો. તેમાં જોગીદાસ અને મહેરામની સહી તરીકે સૂર્યનું ચિત્ર રજૂ થયેલ. ૧૯મી સદીનો આ દસ્તાવેજ રાજા અને બહારવટિયા વચ્ચેના સંબંધો ઉપર પ્રકાશ પાડે છે. વિજયસિંહજીએ જોગીદાસ અને મહેરામની સહી તરીકે સૂર્યનું ચિત્ર રજૂ થયેલ. ૧૯મી સદીનો આ દસ્તાવેજ રાજા અને બહારવટિયા વચ્ચેના સંબંધો ઉપર પ્રકાશ પાડે છે. વિજયસિંહજીએ જોગીદાસ ખુમાણના પિતા હાદા ખુમાણનું કારજ એક પુત્રની જેમ કર્યું હતું. અને જોગીદાસ ખુમાણના પત્ની, બે પુત્રો હરસર અને ગોલણ અને એક પુત્રી કમરીબાઈને દરબારગઢમાં માનભેર રાખી ઉછેર્યા હતાં.[૧૦] તો વિજયસિંહજીના રાજકુંવરનું મૃત્યુ થયું ત્યારે જોગીદાસ ખુમાણ કોઈ પણ ભય રાખ્યા વિના રાજા પાસે ખરખરો કરવા ભાવનગર ગયા હતા. રાજાએ પણ તેની ધરપકડ કરવાને બદલે જવા દીધા હતા.[૧૧] કવિ ન્હાનાલાલ તો તેને 'જોગી બહારવટિયો' કહેતા. આમ જોગીદાસ અને વિજયસિંહની શત્રુ-જોડણી અપૂર્વ હતી. બંને વચ્ચે જાણે કે વીર ધર્મ પાલનની સ્પર્ધા હતી.[૧૨] આમ ઓગણીસમી સદીમાં ભાવનગર રાજયના રાજાઓ અને તત્કાલીન બહારવટિયાઓના કેવા સંબંધ હતા તેના ઉપર આનાથી પ્રકાશ પડે છે.



To
His Highness Maharaja Sahib Bhavsinghji
Takhtsinghji of Bhavnagar.

Your Highness,
Your Highness will already have learnt through the Government of Bombay that Her Majesty the Queen, Empress of India, and Her Majesty's Government have expressed their warm appreciation of the loyal manner in which Your Highness has offered to furnish horses for service in South Africa.

It was with great satisfaction that I was able to report the loyal spirit displayed by Your Highness and I have further to thank you for your generous proposal to give the horses free of cost.

I remain,
Your Highness's sincere friend,
Curzon of Kedleston
Viceroy and Governor General of India.

Fort William,
the 8th January 1900.


ભાવનગર દફતર ભંડારનો એક બીજો દસ્તાવેજ પણ અત્રે રજૂ કરેલ છે. (દસ્તાવેજ ક્રમાંક-૨). આ દસ્તાવેજ

તા.૧૮ જાન્યુઆરી, ૧૯૦૦ ના ભારતના તત્કાલીન વાઈસરોય અને ગવર્નર જનરલ લોર્ડ કર્ઝને (શાસનકાળ ૧૮૯૪-૧૯૦૫) ભાવનગરના તત્કાલીન રાજા ભાવસિંહજી બીજા (શાસનાળ ૧૮૯૬-૧૯૧૯) ને લખેલ પત્રરૂપે છે. દક્ષિણ આફ્રિકામાં બ્રિટિશ સરકાર યુદ્ધરત હતી ત્યારે તેને ભાવસિંહજીએ પોતાના લશ્કરની ટુકડીના ઘોડા કોઈ પણ જાતની કિંમત લીધા વિના બ્રિટિશ સરકારને સોંપવા તૈયારી દર્શાવેલી. તેમની આ શુભેચ્છા અને લાગણી માટે ઈંગ્લેન્ડનાં રાણી અને ભારત સરકાર વતી આ પત્રમાં લોર્ડ કર્ઝને તેમની વફાદારી અને મદદની તત્પરતા માટે આભારની લાગણી વ્યકત કરી હતી. આમ આ દસ્તાવેજ ભાવનગર રાજય અને બ્રિટિશ સરકાર વચ્ચેના મૈત્રીપૂર્ણ સંબંધો દર્શાવે છે. પત્રના અંતે વાઈસરોય કર્ઝને પોતાને મહારાજાને સંનિષ્ઠ મિત્ર આલેખી સહી કરી છે. આમ આ પત્રની તારીખ (તા.૧૮ જાન્યુઆરી, ૧૯૦૦) મહત્ત્વની છે. તત્કાલીન વાઈસરોય લોર્ડ કર્ઝનની તેમાં અસલ સહી છે. વળી તેમાં કેડલટનનો કર્ઝન એવા પૂરા નામથી તેણે સહી કરી છે, તેથી તેનું પૂરું નામ જાણી શકાય છે.

આ પૂર્વેનો ભાવનગરનો ઈતિહાસ જોઈએ તો ભાવનગર રાજયે વિવિધ સમયે બ્રિટિશ સરકારને મદદ કરી તેમની વાહ અને ચાહ મેળવ્યાં હતાં. ૧૮૫૭ના ઉદ્રેક જેવા કટોકટીના સમયે ભાવનગરના રાજવી જશવંતસિંહજી (૧૮૫૪-૧૮૭૦)એ મુંબઈથી દરિયા માર્ગે આવેલ બ્રિટિશ સેનાને અમદાવાદ પહોંચાડવામાં મદદ કરી હતી. તેનાથી બ્રિટિશ સરકાર ખૂબ પ્રભાવિત થઈ હતી. ત્યાર પછીથી પ્રથમ વિશ્વયુદ્ધ (૧૯૧૪-૧૯૧૮) જેવા જાગતિક મહત્ત્વના બનાવ સમયે પણ ભાવનગર રાજયે તન, મન અને ધનથી સહકાર આપ્યો હતો. રાજયે કર્નલ જોરાવરસિંહ ગોહિલના નેતૃત્વ હેઠળ પોતાની લશ્કરી ટૂકડી પણ બ્રિટિશ સરકારે મુકતકંઠે પ્રશંસા કરી હતી.[૧૩] ઉપરાંત વોર-બોન્ડ ખરીદીને પણ બ્રિટિશ સરકારને આર્થિક મદદ કરી હતી. આમ ભાવનગર રાજયે અવારનવાર બ્રિટિશ સરકારને મદદ કરી પોતાનાં રાજકીય હિતોની કુનેહપૂર્વક જાળવણી કરી હતી. આ મદદથી ખુશ થઈને બ્રિટિશ સરકારે ભાવસિંહજી-૨ જાને ૧૯૦૯ માં મહારાજા નું બિરૂદ અને ૧૯૧૨ માં કે.સી. એસ.આઈ. નો ઈલકાબ આપ્યો હતો અને ૧૯૧૮માં તેમને અપાતું તોપોનું માન ૧૩માંથી વધારીને ૧૫નું કરવામાં આવ્યું હતું.

જૂનાગઢનું રાજય એ તો સૌરાષ્ટ્રનું પ્રથમ વર્ગનું સૌથી મોટું અને સૌથી વધુ આવક ધરાવતું રાજય હતું. તે સૌરાષ્ટ્રનાં ૧૩૭ દેશી રાજયો પાસેથી રૂા.૯૨૪૨૧ 'જોરતલબી' પેઠે મેળવતું હતું. તે જ તેની શકિત અને મહત્તા દર્શાવે છે. વળી આ રાજયની ૮૨ % વસ્તી હિંદુ હતી પણ તેના શાસક (નવાબ) મુસ્લિમ હતા. આવા રાજયનો એક મહત્ત્વનો જૂનાગઢ દફતર ભંડારનો એક દસ્તાવેજ અત્રે ક્રમાંક-૩ થી રજૂ કર્યો છે. આ દસ્તાવેજ હજૂર ફરમાન નંબર ૮ તરીકે છે. તેની તારીખ ૧૭ જાન્યુઆરી ૧૮૯૫ની છે અને તેમાં જૂનાગઢના તત્કાલીન નવાબ રસૂલખાનગી શાસનવાળ (૧૮૯૨-૧૯૧૧)ની સહી છે. એવી પણ લોકવાયકા છે કે નવાબ રસૂલખાનને પોતાના હસ્તાક્ષર સિવાયનું અક્ષરજ્ઞાન ન હતું. પરંતુ તેમના દીવાનોએ તેમને સહી કરવાનું શીખવી દીધું હોવાનું મનાય છે. નડિયાદના પાટીદાર હરિદાસ વિહારીદાસ દેસાઈ જૂનાગઢમાં દીવાન તરીકે ૧૮૮૩માં નીમાયા હતા. તેમણે જૂનાગઢના વિકાસમાં મહત્ત્વનું પ્રદાન કર્યું હતું. તે પૂર્વે તેઓએ ૧૮૭૫ થી ૧૮૮૧ વઢવાણ રાજયના મુખ્ય કારભારી તરીકે કામગીરી બજાવી હતી. પછીથી તેઓએ વાંકાનેર રાજયના મેનેજર અને ઈડરના દીવાન તરીકે પણ નામના મેળવી હતી. તેમણે સંપૂર્ણ નિવૃત્તિ માટેની ઈચ્છા દર્શાવતાં નવાબ રસૂલખાને ૧૬-૧-૧૮૯૫ના તેમની નિવૃત્તિની વિનંતી સ્વીકારી હતી. બિનવવાદસ્પદ અને પ્રજાકીય કાર્યોને પ્રોત્સાહન આપનાર આ દીવાન સારા અને સાચા વહીવટકર્તા હતા. તેથી હજૂર ફરમાન ૨૭/૫૧ (જૂનાગઢ દફતર ભંડારમાં તે છે) દ્વારા તેમનું રાજીનામું મંજૂર કરાયું હતું અને તેમને આજીવન માસિક રૂ.૫૦૦નું પેન્શન અને ઈનામ તથા પોશાક પેટે રૂ. ૨૫ હજાર આપવાનો નિર્ણય કરાયો હતો. તેમનું અવસાન ૧૭-૬-૧૮૯૫ના થયું હતું. (નિવૃત્તિના પાંચ મહિના પછી).

દીવાન હરિદાસ વિહારીદાસ દેસાઈના દીવાન તરીકેના કાર્યકાળ દરમ્યાન જ જૂનાગઢમાં બહારવટિયા કાદુ મહારાણીનો અને મૈયાઓનો પ્રશ્ન ઉપસ્થિત થયો હતો. તેમના કાર્યકાળ દરમ્યાન જ સ્વામી વિવેકાનંદ ૧૮૯૨માં જૂનાગઢ આવ્યા હતા અને તેમને દીવાન પોતાના નિવાસસ્થાને લઈ આવ્યા હોવાનું મનાય છે. દીવાન હરિદાસના સમયમાં જ ગિરનાર પર્વત ઉપર ચઢવાના પગથિયાં કરવા માટે 'ગિરનાર લોટરી' કાઢવામાં આવી હતી. જૂનાગઢ રાજયના આધુનિકીકરણ માટે તેમણે મહત્ત્વનાં પગલાં લીધાં હતાં.




હવે અત્રે ઉપર જે દસ્તાવેજ પ્રસ્તુત છે (દસ્તાવેજ ક્રમાંક-૩) તેમાં હરિદાસ વિહારીદાસનું રાજીનામું મંજૂર કરાયાનું દર્શાવાયું છે અને તેમની જગ્યાએ જૂનાગઢના મુખ્ય દીવાન તરીકે પંડિત શ્યામજી કૃષણવર્મા, એમ.એ. બારીસ્ટર એટ લોને નીમવામાં આવ્યાનું દર્શાવાયું છે. આ નિમણૂક પત્રમાં જૂનાગઢના તત્કાલીન નવાબ રસૂલખાનજીની સહી છે અને તા.૧૭ જાન્યુઆરી ૧૮૯૫ દર્શાવાઈ છે. તેમના પૂર્વેના દીવાનોને માસિક રૂ. ૧૨૦૦નો પગાર મળતો, પરંતુ નવાબે ૬ ફેબ્રુઆરી ૧૮૯૫ના ફરમાનથી શ્યામજી કૃષ્ણવર્માને માસિક રૂ.૧૫૦૦નો પગાર આપવાનું જણાવેલું.[૧૪] (તેઓએ તા.૬-૨-૧૮૯૫ના દીવાનનો હોદો ધારણ કર્યો હતો.)

૬ ફેબ્રુઆરી ૧૮૯૫ના એક બીજા હજૂર આદેશથી પં.શ્યામજી કૃષ્ણવર્માને મુખ્ય દીવાનનો દરજ્જો આપવાનું જણાવાયું છે. ઉપરાંત તેમાં ઉલ્લેખ છે કે ''આશા રાખવામાં આવે છે કે તમારી નિમકહલાલીવાળી નોકરી અને વફાદારીથી અમને અને અમારી રિયાસતમાં સઘળા માણસોને તમો હંમેશાને માટે સંતોષ આપી સારી કામગીરીમાં રહેશો.''

સામાન્ય રીતે આપણે પંડિત શ્યામજી કૃષ્ણવર્મા (૧૮૫૭-૧૯૩૦) વિશે એક ક્રાંતિકારી તરીકેની જ વિગતો જાણીએ છીએ. કચ્છમાં માંડવીમાં ૧૮૫૭માં જન્મેલા અને ૭૩ વર્ષની વયે સ્વિટ્ઝર્લેન્ડમાં જીનિવામાં અવસાન પામેલા આ ક્રાંતિકારી લંડન-પેરિસ અને જીનિવામાં રહીને ભારતની આઝાદી માટેની ચળવળ સક્રિય રીતે ચલાવતા હતા. પરંતુ તે પૂર્વે તેઓએ ભારતમાં આર્યસમાજની પ્રવૃત્તિઓ વિસ્તારમાં અને સંસ્કૃત તથા સંસ્કૃતિના પ્રચાર અને પ્રસાર માટેની મહત્ત્વની કામગીરી બજાવી હતી. ઉપરાંત તેઓ ભારતના મહત્ત્વના રજવાડા એવા રતલામમાં મહારાણીના દીવાન રહ્યા હતા, અજમેરની એજન્સીમાં વકીલાત કરતા અને ૧૮૯૨માં ઉદયપુરના રાજાના સલાહકાર તરીકે નીમાયા હતા.


એવું કહેવાય છે કે શ્યામજી કૃષ્ણવર્મા મુંબઈના શેઠ છબીલદાસના જમાઈ હતા અને છબીલદાસના મિત્ર મનસુખરામ હતા. આ મનસુખરામ સૂર્યરામ ત્રિપાઠીની સૂચનાથી શ્યામજી કૃષ્ણવર્મા જૂનાગઢના દીવાન તરીકે ૧૬-૧-૧૮૯૫ના ઠરાવથી નીમાયા હતા. તેમણે પોતાના હોદ્દાનો ચાર્જ ૬ ફેબ્રુઆરી, ૧૮૯૫ના લીધો હતો.[૧૫] પરંતુ જૂનાગઢના રાજ્યની રાજરમતમાં પોતાના અંગ્રેજ મિત્ર મેકોનેકી અને નાયબ દીવાન રાયજી સાહેબે, નવાબની કાન ભંભેરણી કરતાં રસુલખાનજીએ તેમને દીવાનપદેથી છૂટા કર્યા. વજીર શેખ બહાઉદીન તથા નાયબ દીવાન પુરુષોતમરાય ઝાલા સાથે તેમનો મનમેળ ન થયો. વળી નવાબ પણ તેમને શંકાની નજરે જોતાં તેથી તેને છૂટા કરાયા.[૧૬]

આમ તેમણે માંડ છ મહિના જૂનાગઢની દીવાનગીરી ભોગવી.[૧૭] તેમણે ૦૬-૦૨-૧૮૯૫ થી ૧૪-




૦૯-૧૮૯૫ સુધી ઉર્ફે માત્ર ૨૨૦ દિવસ સુધી જૂનાગઢનું દીવાન પદ ભોગવ્યું. તેમનું અવસાન ૧૯૩૦માં સ્વિટ્ઝર્લેન્ડના જીનિવા શહેરમાં થયું હતું. પછીથી તો છેક ૦૪-૦૯-૨૦૦૩ ના તેમનાં અસ્થિ ત્યાંથી તેમના જન્મસ્થળ માંડવીમાં લાવી શકાયાં હતાં.

સ્વતંત્રતા પૂર્વે સૌરાષ્ટ્રના મોટાં, મહત્ત્વનાં અને પ્રથમ વર્ગનાં દરેક રાજય પોતાનું એક દરબારી ગેઝેટ પ્રકાશિત કરતાં હતાં. અહીં ગોંડલ રાજયના તા.૨૦ જાન્યુઆરી, ૧૮૯૬ના દરબારી ગેઝેટની ઝેરોક્ષ નકલ દસ્તાવેજ ક્રમાંક-૪ તરીકે મૂકી છે તેમાંથી સૌરાષ્ટ્રના તત્કાલીન રાજયો વચ્ચેના આંતર-સંબંધો વિશે જાણી શકાય છે. ગોંડલ અને ભાવનગર રાજય વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધો હતા. તેથી ભાવનગરના મહારાજા તખતસિંહજીનું યુવાવસ્થામાં અવસાન થતાં તે અંગે દિલગીરી વ્યક્ત કરી તેમની સ્મૃતિમાં એક દિવસ રાજયના કાર્યાલયો બંધ રાખવાનો તથા રાજયનાં તમામ કર્મચારીઓએ પંદર દિવસ (તા.૧૩ ફેબ્રુઆરી ૧૮૯૬ સુધી) શોક પાળવાનું ફરમાન કરવામાં આવ્યું હતું. આ ફરમાન ગોંડલ રાજયના તત્કાલીન દીવાન બેઝનજી મેરવાનજીના નામથી અપાયું હતું. વળી તેમાં તખતસિંહજીને શ્રદ્ધાંજલિ આપતાં તેમની મમતાપૂર્ણ પ્રકૃતિ અને ઉદાર વૃત્તિને યાદ કરવામાં આવી હતી.


૫


શ્રીમાન મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધી


૬

મહાત્મા ની પદવી અને માનપત્ર

જગદ્વંદનીય મહાત્મા


ઈ.સ. ૧૯૧૫ માં ગાંધીજી આફ્રિકાથી હંમેશ માટે ભારત આવી ગયા અને ટૂંક સમયમાં ભારતની રાષ્ટ્રીય દક્ષિણ આફ્રિકાની કામગીરીને બિરદાવવા તેમને મહાત્માની ઉપાધિ આપવામાં આવી હતી. ગાંધીજીને મહાત્માની ઉપાધિ સૌપ્રથમ કોણે આપી, તે અંગે અનેક સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પ્રશ્ન પૂછાયા છે, જેનો જવાબ રવીન્દ્રનાથ ટાગોરે તે ઉપાધિ આપેલી તેવો અપાય છે. પરંતુ ઈતિહાસના અભ્યાસીએ એ માટે સંશોધન કરી સત્ય જાણવું જરૂરી છે. ૯ જાન્યુઆરી ૧૯૧૫માં ગાંધીજી મુંબઈ ઊતર્યા. ત્યાં થઈને અમદાવાદ થઈ પોતાના વતન સૌરાષ્ટ્રમાં આવ્યા હતા. ત્યારે તા.૨૧ જાન્યુઆરી, ૧૯૧૫ના જેતપુરમાં ૪૮ નામાંકિત વ્યકિતઓની સહીથી ગાંધીજીને એક માનપત્ર અપાયેલું તેના શીર્ષકમાં જ શ્રીમાન મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધી, બારિસ્ટર-એટ-લો દર્શાવેલું છે. (જુઓ દસ્તાવેજ ક્રમાંક-૫) પછીના ૬ દિવસ પછી ૨૭-૦૧-૧૯૧૫ ના તેમને ગોંડલમાં પણ એક માનપત્ર વૈદ્યરાજ જીવરામ કાળિદાસ શાસ્ત્રી (અધ્યક્ષ, રસશાળા ઔષધાયશ્રમ-આયુર્વેદ રહશ્યાર્ક)ની સહીથી અપાયું હતું. (દસ્તાવેજ ક્રમાંક-૬) આમ ગાંધીજીને મહાત્માનું બિરૂદ સૌ પ્રથમ ક્રમશઃ જેતપુર અને ગોંડલમાં અપાયું હતું તે હકીકત લોકો સુધી પહોંચી નથી, તેથી તેમને બિરૂદ સૌ પ્રથમ આપનાર સૌરાષ્ટ્ર તેના ગૌરવથી વંચિત રહયો છે. વળી દર્શાવેલ દસ્તાવેજ ક્રમાંક-૫ અને ૬થી તે




સ્વયં સ્પષ્ટ છે. ઈતિહાસકાર પ્રમાણ વિના કોઈ માહિતીને માન્ય ન રાખે. પણ ઉપરોકત દસ્તાવેજ તો પ્રાપ્ય છે. જરૂર છે તે દસ્તાવેજોના પ્રચાર અને પ્રસાતરની, જેથી સંપૂર્ણ જગત આ હકીકતથી પ્રમાણબદ્ધ રીતે વાકેફ થઈ શકે, અને ગુજરાતના આ ગૌરવને યોગ્ય પ્રસિદ્ધ મળી રહે.

જૂનાગઢ રાજયના નવાબે બહુમતી હિંદુ પ્રજાની ઈચ્છાને અવગણીને પાકિસ્તાન સાથે જોડાણ કર્યું. ત્યારે જૂનાગઢની પ્રજાની મુકિત માટેની લડત ચલાવવા જૂનાગઢ રાજયના લોકોની બનેલી. આરઝી હકૂમતની રચના કરાઈ હતી. જૂનાગઢ રાજયને ભીંસમાં મૂકવા તેણે જે કેટલાક કાર્યક્રમો આપેલા તેમાંથી એક જૂનાગઢ રાજયનો આર્થિક બહિષ્કાર કરવાનો હતો. આરઝી હકૂમતની આર્થિક બહિષ્કાર સમિતિના મંત્રી શ્રી બાલકૃષ્ણ શુક્લનો ધ્રોળ રાજયના દીવાન ઉપર તા. ૨૬-૧૦-૧૯૪૭ના લખેલો પત્ર તે અંગેની કામગીરીનો ખ્યાલ આપે છે. (આ પત્રની ઝેરોક્ષ નકલ દસ્તાવેજ ક્રમાંક-૭ તરીકે સામેલ છે.) તેમાં જૂનાગઢ રાજયે વેપારીઓને મોકલાવેલી દીવાસળીની પેટીઓ પરત મોકલવા ધોળ રાજયના દીવાનને જૂનાગઢના આર્થિક બહિષ્કાર રૂપે વિનંતી કરી હતી. તેમાં બાલકૃષ્ણ શુક્લની સહી છે તારીખઃ ૨૬-૧૦-૧૯૪૭ નો પત્ર છે. આ પત્રથી આરઝી હકૂમતની આર્થિક બહિષ્કાર સમિતિના કાર્યોની વિગતવાર માહિતી મળી રહે છે આ કાર્યની જૂનાગઢના અર્થતંત્ર ઉપર ઘેરી અસર થઈ હતી, જેના પરિણામે અંતે જૂનાગઢ રાજયને કારણે થવા ફરજ પડી હતી. પત્રના લેટર-હેડમાં જૂનાગઢની આરઝી હકૂમતની મુદ્રા જોઈ શકાય છે. (લેખકે શ્રી બાલકૃષ્ણ શુક્લની રાજકોટમાં રાષ્ટ્રીયશાળા પાસેના જાની બિલ્ડિંગમાં તેમના નિવાસસ્થાને તેમની મુલાકાત લીધી હતી.)

વિવિધ પરિબળોને પરિણામે જૂનાગઢ રાજય મુશ્કેલીમાં મૂકાઈ ગયું અને ૨૪-૧૦-૧૯૪૭ ને દશેરાના દિવસે જૂનાગઢના નવાબ મહાબતખાન ઉજા કુટુંબ અને કૂતરાઓ સાથે, વિમાનમાર્ગે કેશોદથી કરાંચી નાસી ગયા હતા. વળી આરઝી હકૂમતની લોકસેનાના વિજયોને પરિણામે દીવાન શાહનવાઝ ભુટ્ટોના નિયંત્રણ હેઠળનું વહીવટતંત્ર વિવિધ


INDIAN POSTS AND TELEGRAPHS DEPARTMENT


જૂનાગઢ રાજ્યનો ભારત સરકારે ૯-૧૧-૧૯૪૭ના
કબજો લીધો તે અંગેનો ઢંઢેરો.

(૯)

દસ્તાવેજ ક્રમાંક-૯

DASTURAL AMAL SARKAR JUNAGADH

Published by Authority

EXTRAORDINARY.

PROCLAMATION

ઢંઢેરો.

પ્રકારની સમસ્યાઓથી ઘેરાઈ જતાં દીવાને ભારતના તત્કાલીન વડાપ્રધાન પં.જવાહરલાલ નેહરુને તાર કરી જૂનાગઢમાં કાયદો અને વ્યવસ્થા સ્થાપવામાં મદદ કરવા અને તેનો કબજો લેવા જણાવેલ. આ તાર ૯ નવેમ્બર ૧૯૪૭ના કરાયેલ. તેની નકલ રિયાસની ખાતાના સચિવ અને ભારતના ગવર્નર જનરલ લોર્ડ માઉન્ટબેટનને મોકલાઈ હતી. આમ જૂનાગઢની આ વિનંતી દર્શાવતો તાર સ્વયંસ્પષ્ટ છે. (જુઓ દસ્તાવેજ ક્રમાંક-૮)

જૂનાગઢના દીવાન ભુટ્ટોની ઉપરોકત વિનંતીના અનુસંધાને તા.૯ નવેબર, ૧૯૪૭ને સોમવારને ધન તેરસના દિવસે ભારત સરકાર વતી વેસ્ટર્ન ઈંડિયા, એન્ડ ગુજરાત સ્ટેટસ રિજિયનના પ્રાદેશિક કમિશનરશ્રી એન.એમ.બુચે જૂનાગઢ રાજયનો કબજો લીધો હતો. તે અંગેનો ઢંઢેરો શ્રી એન.એમ.બુચની સહીથી જૂનાગઢ રાજયના મુખપત્ર દસ્તુર અમલ સરકારના અસાધારણ અંકમાં તા.૧૦ નવેબર ૧૯૪૭ના છપાયો હતો. (જુઓ દસ્તાવેજ ક્રમાંક-૯) તેની વિગતો પણ સ્વયં સ્પષ્ટ છે. આ રીતે સંશોધકે પોતાના સંશોધન માટે વિવિધ પ્રકારની સાધનસામગ્રી મેળવી તેની વિશ્વસનીયતાની કસોટી કરી પછી જ તેનો ઉપયોગ કરવાનો રહે છે. તેના એક સાધનની માહિતી બીજા સાધન દ્વારા સમર્થન મેળવતી હોય તો તે વધુ વિશ્વાસપાત્ર બને છે. વળી તે સમકાલીન હોય તો અનુકાલીન કરતાં સામાન્ય રીતે વધુ પ્રમાણભૂત માની શકાય. બધા જ પ્રકારનાં સાધનો દરેક પ્રસંગ અંગે પ્રાપ્ત ન પણ થાય, છતાં શકય તેટલાં બધાં જ સાધનો મેળવી તેનું વિવેચન કરી, તેનું સંકલન કરી પછી જ તેનું આલેખન કરવું જોઈએ.

ઈતિહાસનું સંશોધન અને આલેખન એ ખૂબ કઠિન કાર્ય છે. તે જે તે યુગનું પ્રતિબિંબ પાડે છે. સંશોધકે પોતાના પૂર્વગ્રહો બાજુએ મૂકીને પોતાનાં આધારસાધનોનાં લખાણની ચકાસણી અન્ય સાધન સાથે સરખાવીને કરવાની હોય છે. તેનું કાર્ય ન્યાયાધીશનું છે. વકીલનું નહિ. એ રીતે તેનું કાર્ય એક રીતે ડિટેક્ટિવ જેવું છે જે સત્ય શોધવા મથે છે.[૧૮] ઈતિહાસકારે તો મનની કોરી પાટી ઉપર આ પ્રસંગોને પ્રમાણોને આધારે મૂલવાના હોય છે. ગોવિંદ સખારામ સરદેસાઈએ કહ્યું છે તેમ તેણે ''દસ્તાવેજો કે દફતરોને જ પોતાની વાત કહેવા દેવી જોઈએ.'' પોલીબિયસે કહ્યા પ્રમાણે સત્ય એ ઈતિહાસની આંખ છે. તેથી ઈતિહાસમાંથી સત્ય લઈ લઈએ તો તેમાં અર્થહીન કથા સિવાય કાંઈ રહે નહિ.[૧૯] પીટ રગે કહે છે તે પ્રમાણે સાચો સંશોધક કોઈ વિવાદાસ્પદ બાબત હોય તો તે કોઈનો પક્ષ લે નહિ, કારણ કે તે પક્ષીય રાજકારણી કે રાજકીય પ્રચારક નથી. તેણે તો તથ્યો તેને જે રીતે મળે છે, તે રીતે તેને રજૂ કરવાનાં હોય છે કે તેનું અર્થઘટન કરવાનું હોય છે.[૨૦] ઈતિહાસકારનું મન વૈજ્ઞાનિક ફેરાડે જેવું હોવું જોઈએ, જેની પાસે "expecting nothing and observing everything" ની અજબની કુનેહ હતી.

સ્વદેશના ઈતિહાસ આલેખનમાં રાષ્ટ્રીયતા બાધારૂપ ન બને તે અંગે ઈતિહાસકારે સભાન રહેવું જોઈએ. રાષ્ટ્રના ઈતિહાસ આલેખનમાં પણ તેને સત્યમેવ જયતેના સિદ્ધાંત અમલમાં મૂકવો જોઈએ. બંગાળમાં મળેલ ઈતિહાસ પરિષદમાં સર જદુનાથ સરકારે આ અંગે પોતાનો સ્પષ્ટ મત દર્શાવતા જણાવેલું કે હું એ વાતની પરવાર નહીં કરું કે સત્ય પ્રિય છે કે અપ્રિય, તે પ્રવર્તમાન દષ્ટિબિંદુ સાથે બંધબેસતું છે કે નહીં. એ બાબતની પણ હું પરવા નહીં કરું કે સત્ય મારા રાષ્ટ્રના ગૌરવ માટે કલંકરૂપ છે કે નથી. જરૂર પડ્યે હું સમાજ અને મિત્રોનો રોષ વહોરીને પણ સત્યનું આલેખન કરીશ. હું સત્ય જ શોધીશ, સત્યને

જ સમજીશ અને સત્યને જ સ્વીકારીશ. ઈતિહાસકારનો આ દઢ નિર્ણય હોવો જોઈએ.[૨૧] આમ સર જદુનાથ સરકારે ઈતિહાસકાર માટે મહત્ત્વના અને જરૂરી ગુણો દર્શાવ્યા છે. ૧૯૩૭માં સર જદુનાથ સરકારના રાષ્ટ્રીય ઈતિહાસ અંગેના આ મંતવ્યને ડૉ.રાજેન્દ્ર પ્રસાદે પણ સમર્થન આપ્યું હતું.

ડૉ.આર.સી. મજુમદાર નિબુર અને રાન્કે નામના યુરોપિયન ઈતિહાસકારોને ઈતિહાસ આલેખન વિદ્યામાં નવો પ્રાણ પૂરનાર ગણાવે છે. તેમણે ઇતિહાસને એક ગૌણ સ્થાનમાંથી ઉપર ઉઠાવીને સ્વતંત્ર વિજ્ઞાનનો દરજ્જો અપાવ્યો.[૨૨] તેથી તે બને તે આધુનિક ઈતિહાસલેખન વિદ્યાના જનક ગણાવે છે. ઈતિહાસકાર નિબુરે રોમનો ઈતિહાસ લખતી વખતે કોઈપણ ઈતિહાસકારે ઈતિહાસલેખન માટે પ્રથમ અને પાયાનો સિદ્ધાંત પાલન કરવાનો હોય છે તે દર્શાવ્યો છે. તદનુસાર દરેક ઈતિહાસકારે આલેખન કરતી વખતે એ આદર્શ સામે રાખવો જોઈએ કે હું ઈશ્વરની સાક્ષીએ જણાવું છું કે મેં જાણ્યે કે અજાણ્યે કે પૂર્ણ ચકાસણી વિના એવું કોઈ લખ્યું નથી જે ખોટું હોય. રાન્કે પણ માનતા હતા કે સત્ય એ કલ્પના કરતાં વધુ રસપ્રદ અને સુંદર છે. તેમના આ આદર્શોને સ્વીકારીને ડૉ.આર.સી.મજુમદાર પણ કહેતા કે ''ઈતિહાસમાં સત્ય, સંપૂર્ણ સત્ય અને સત્ય સિવાય બીજું કોઈ લખવું જોઈએ નહીં.'' આમ આ બધા વિદ્વાનો સત્યને જ ઈતિહાસ લેખનનો પ્રાણ ગણાવે છે. આમ આ સંશોધન લેખમાં સૌરાષ્ટ્રના દફતર ભંડારોમાં ઈતિહાસની સાધન સામગ્રીની વિગતો આલેખી તેમાંથી કેટલાક (નવ) દસ્તાવેજ રજૂ કરી તેમનું વિવેચન અર્થઘટન કરવામાં આવ્યું છે.

**સંદર્ભો :**


૧. Langlois and Scignbos-Introducation to the study of History, London, 1932, p.17

૨. પંડ્યા, ચંદ્રકાન્ત બ.- ઈતિહાસ સંશોધનમાં દફતરોનું મહત્ત્વ, ગાંધીનગર, ૧૯૮૩, પૃ.૧

૩. Garraghan G.J.- A Guide to Historical Method, New York, 1957, p-104

૪. Gottschalk Lonis. Understanding History, New York, 1969, pp-45-46

૫. Carr, E.H.- What is History, New York, 1964, p.24

૬. Ghate, V.D. – The Teaching of History, Bombay, 1964, p-19

૭. માહિતી પત્રિકા- અભિલેખાગાર ભવન, રાજકોટ, પૃ.૨

૮. જાની, એસ.વી-ઈતિહાસનું શિક્ષણ – સંશોધન આલેખન અને ઈતિહાસકાર, રાજકોટ ૨૦૦૬, પૃ.૫૭-૫૮.

૯. વાળા, ધીરુભાઈ પી.-ઈતિહાસનો આરાધક, જૂનાગઢ, ૨૦૧૩, પૃ.૧૯૪ થી ૨૧૫

૧૦. કોરાટ, પી.જી., જાની, એસ.વી. ભાલ, જે.ડી. ભાવનગર રાજયનો ઈતિહાસ, અમદાવાદ, ૧૯૯૫, પૃ.૬૯

૧૧. જાની, એસ.વી-સૌરાષ્ટ્રનો ઈતિહાસ, અમદાવાદ, ૨૦૦૩, પૃ.૧૭૨

૧૨. મેઘાણી, ઝવેરચંદ, - સોરઠી બહારવટિયા, ભાગ-૨ ભાવનગર, ૧૯૮૧૪ નવમી આવૃત્તિ પૃ.-૩

૧૩. મહેતા ગોરધનદાસ ના-સૌરાષ્ટ્ર ઈતિહાસ દર્શન, સિહોર, ૧૯૩૭- પૃ.૧૦૧

૧૪. જોશી, વિશાલ-આધુનિક જૂનાગઢનો ઈતિહાસ, જૂનાગઢ, ૨૦૧૩, પૃ.૧૫૬

૧૫. દસ્તુરલ અમલ સહકાર પૃ.૨૮

૧૬. ડામોર, ભુરજીભાઈ, જૂનાગઢ રાજયની પત્રિકા દસ્તુરલ અમલ સરકાર-એક અધ્યયન પૃ.૩૩

૧૭. પંડયા વિષ્ણુ – પંડિત શ્યામજી કૃષ્ણવર્મા, ગાંધીનગર, ૨૦૦૩, પૃ.૧૨

૧૮. Gustavson, C.G., A preface to History, New York, 1955, p-171

૧૯. પરીખ, ૨.છો.- ઈતિહાસ સ્વરૂપ અને પદ્ધતિ, અમદાવાદ, ૧૯૬૯, પૃ.૬૪-૬૫

૨૦. Prasad Ishwari- History of Medieval India, Allahabad, 1925, Preface, p.11

૨૧. Majumdar, R.C.- Historigraphy in Modern India, New Delhi, 1970, P-56

૨૨. Gooch, G.P., - History and Historians of Nineteenth Century, 1913, P-1



**(શિવમ્, સેતુબંધ સોસાયટી, મહિલા કૉલેજ પાછળ, રાજકોટ-૩૬૦૦૦૭ મોઃ ૯૪૨૮૭૦૧૧૮૯)**

# સ્મૃતિકાલીન વિવાહ

પારુલટીના દોશી

**ઢોલ ઢમક્યા ને વરવહુના હાથ મળ્યા**
**વાજાં વાગ્યાં ને વરવહુના હાથ મળ્યા..**

લગ્નપ્રસંગે ગવાતાં આ પ્રકારનાં ગીતો દ્વારા હૈયાનો હરખ પ્રદર્શિત થાય છે. સ્મૃતિકાળમાં આવું ગીત જોકે ગવાતું નહીં પણ ઢોલવાજાં વગાડીને ખુશાલી તો ત્યારે પણ વ્યકત કરાતી. આજની જેમ જ ત્યારે પણ વિવાહ આનંદનો અવસર ગણાતો હતો !

સ્મૃતિકાળમાં વિવાહ ગૃહસ્થાશ્રમની આધારિશલા ગણાતા. અને કામ એ વિવાહનું મૂળ હતું. કામ એટલે ભોગવૃત્તિ. માણસમાં અને પશુમાં સમાનરૂપે આ વૃત્તિ જોવા મળે છે. ફરક માત્ર એટલો છે કે પશુઓમાં અમર્યાદિત કામવાસના હોય છે, જયારે મનુષ્યમાં તે મર્યાદિત કરાઈ છે. એમ કહી શકાય કે સ્વચ્છંદ કામતૃપ્તિને નિયંત્રિત કરવા માટે જ વિવાદ સંસ્કારનો ઉદ્‌ભવ થયો હશે.[૧] આ સંસ્કાર સંપન્ન કરવા માટે સ્ત્રીપુરુષ બન્નેનું હોવું આવશ્યક છે. એટલે જ મનુએ કહ્યું છે કે બ્રહ્માએ પોતાના શરીરના બે ભાગ કર્યા. તેમાંથી એક ભાગ પુરુષ થયો.[૨] અને બીજો ભાગ સ્ત્રી થયો. વ્યાસના મતે સૃષ્ટિના આરંભમાં દ્વિજને એક દેહવાળો બનાવાયો. તેમાંથી અડધું શરીર પતિનું હતું અને અડધું શરીર પત્નીનું હતું.[૩]

આ પતિપત્નીને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવા માટે વિવાદ સંસ્કાર આવશ્યક હતા. જો કે આ સંસ્કાર સંપન્ન કરવા માટે એક પૂર્વશરત પણ હતી. એ વિશે મનુએ કહ્યું છે કે, વિદ્યાર્થીએ પોતાના બ્રહ્મચર્ય વ્રતને અખંડ રીતે પાળીને અનુક્રમે ત્રણ, બે અથવા એક વેદ ભણી લીધા પછી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો.[૪] અતિયા દાનિશે નોંધ્યું છે કે વિવાહ સંસ્કાર સૌથી મોટા શાસ્ત્રીય સંસ્કાર છે તેનો સંબંધ આ લોકનો જ નહીં, જન્મજન્માંતરનો માનવામાં આવે છે. વિવાહ જ દેવઋણ, ઋષિઋણ અને પિતૃઋણથી મુક્ત થવાનું સાધન છે. તેની અવહેલના કોઈપણ ન જ કરી શકે. વિવાહથી સ્ત્રીપુરુષના સંબંધ નિયમિત થાય છે. મનુષ્યની અનર્ગળ ભોગપ્રવૃત્તિને રોકીને સમાજને નિયંત્રિત કરવામાં આવે છે. વિવાહ શરીર સંસ્કાર પણ છે અને ધાર્મિક સંસ્કાર પણ.'[૫]

વિવાહ એટલે વિશિષ્ટ રૂપથી વહન કરવું. અર્થાત્ વધૂને તેના ઘેરથી વિશેષરૂપે લઈ જવી. વિવાહના કેટલાક પર્યાય પણ છે. ઉદ્વાહ ઉદ્વહન, પરિણય, પાણિગ્રહ, દારપરિગ્રહ અને હસ્તેકરણ. આમ વિવાહ એક સામાજિક કાર્ય ગણાતાં. જે સાધનો દ્વારા માનવસમાજ સંબંધોનું નિયમન કરે તેને વિવાહનું નામ અપાયું. મેધાતિથિએ વિવાહની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે, કન્યાને પત્ની બનાવવા માટે એક નિશ્રિત ક્રમમાં કરવામાં આવતી અનેક વિધિઓથી સંપન્ન થનારા પાણિગ્રહણ સંસ્કાર વિવાહ છે અને તેની અંતિમ વિધિ સપ્તર્ષિ દર્શન છે.

સ્મૃતિગ્રંથોમાં વિવાહવિધિનું વિસ્તૃત વર્ણન કરાયું છે. એ અંગે ડૉ.ઉષા ગુપ્તાએ નોંધ્યું છે કે સર્વપ્રથમ વરપક્ષના વડીલ કન્યાને ઘરે જતા. કન્યાના પિતા સાથે વિવાહસંબંધી વાતચીત કરતા. કન્યાના પિતાની સ્વીકૃતિ મળ્યા પછી વિવાહ નિશ્રિત થતા. દિવસ અને તિથિ નક્કી થતાં. પછી કન્યા પક્ષના લોકો વરને ઘેર જતા. વરને યજ્ઞોપવિત, ફળ, ફૂલ, વસ્ત્ર અને આભૂષણ જેવી સામગ્રી ભેટમાં આપતા. વરકન્યાના વિવાહ નકકી કરવાની આ વિધિ આજે પણ પ્રચલિત છે.''[૬]

વિવાહનો દિવસ શુભ અવસર ગણાતો. એ દિવસે વરવધૂ હળદર અને અન્ય સૌંદર્યવર્ધક સામગ્રીથી મંત્રસહિત સ્નાન કરતાં. પછી સુંદર વસ્ત્રો ધારણ કરીને વર તથા તેના પક્ષના લોકો જાન જોડીને કન્યાને ઘરે જતા. ત્યાં જાનૈયાઓનું સ્વાગત થતું. વરપક્ષ તરફથી વધૂને વસ્ત્રો અને આભૂષણો અપાતાં. પછી કન્યાદાન કરવામાં આવતું. તમામ સ્મૃતિકારોએ કુટુંબીજનોને જ કન્યાદાન કરવાને યોગ્ય ગણ્યા છે. મનુ અનુસાર બ્રાહ્મણોએ જળ આપીને જ કન્યાદાન કરવું જોઈએ. અન્ય વર્ણવાળો તો પરસ્પરની ઈચ્છા પ્રમાણે માત્ર વાણીથી પણ કન્યાદાન કરી શકે છે.[૭] યાજ્ઞવલ્કયના કહેવા મુજબ પિતા, તેમના અભાવમાં પિતામહ, તેમના અભાવમાં ભાઈ, તે ન હાય તો કુળનો કોઈ પુરુષ અને તે પણ ન હોય તો માતા કન્યાદાન કરી શકે છે.[૮]

કન્યાદાન પછી પાણિગ્રહણની વિધિ થતી. જોકે મનુના મતે માત્ર સવર્ણ કન્યાના વિવાહમાં જ પાણિગ્રહણ સંસ્કાર થતા.[૯] અસવર્ણ કન્યાએ આ વિધિ કરવાની રહેતી. પોતાનાથી ચડિયાતા વર્ણના બ્રાહ્મણ પુરુષને પરણતી વખતે ક્ષત્રિય કન્યાએ બ્રાહ્મણના હાથમાં રહેલું બાણ, વૈશ્ય કન્યાએ પરોણો અને શૂદ્ર કન્યાએ પોતાના વસ્ત્રનો છેડો ઝાલવાનો[૧૦] થતો.યાજ્ઞવલ્કય પણ એવું જ કહે છે કે પોતાની જાતિની કન્યા સાથે વિવાહ કરતી વખતે હસ્તમેળાપ કરવો. પણ ઉચ્ચ વર્ણના વર સાથે પરણતી વખતે ક્ષત્રિય કન્યાએ બાણ

અને વૈશ્ય કન્યાએ ચાબુક પકડવો.[૧૧] આ વિધિ પછી સપ્તપદીના ફેરા ફરવામાં આવતા. આ વિધિઓ વિશે પરાશર સ્મૃતિના ટીકાકાર પ્રાણજીવન હરિહર શાસ્ત્રીએ નોંધ્યું છે કે, પાણિગ્રહણ અને સપ્તપદી પતિપત્નીના સંબંધને સ્થિર કરે છે. પાણિગ્રહણ પછી વરકન્યાનો સંબંધ તોડી શકાતો નથી. કારણ કે પાણિગ્રહણ અને સપ્તપદીની વિધિ કન્યામાં પત્નીત્વ લાવે છે. એટલે જ વિદ્વાનો કહે છે કે સપ્તપદીનું સાતમું પગલું ભર્યા પછી વિવાહ મંત્રોની સમાપ્તિ જાણવી.'[૧૨]

વિવાહ મંત્રોની સમાપ્તિ થતી, પણ વિવાહ વિધિ આગળ વધતી. સપ્તપદી પછી વરવધૂના મસ્તક પર મંત્રોચ્ચાર સાથે જળનો અભિષેક કરાતો. તે વરવધૂના સ્વાસ્થ્ય માટે શુભ આશીર્વાદનું પ્રતીક ગણાતું. પછી વધૂને સૂર્યનાં દર્શન કરાવાતાં. ત્યારબાદ પરસ્પર પ્રેમ જળવાઈ રહે એ હેતુથી વર વધૂના હૃદયનો સ્પર્શ કરતો. વધૂના સેંથામાં સિંદૂર ભરતો. એ પછી પ્રથા અનુસાર વરવધૂને ગ્રહો અને નક્ષત્રો દેખાડવામાં આવતાં. દિવસે સૂર્ય અને રાત્રે ધ્રુવ તથા અરુંધતીના તારાનું દર્શન શુભ મનાતું. એ સાથે વિવાહ વિધિ પણ સંપન્ન થતી.

આ પ્રકારે થતા વિવાહનો મુખ્ય ઉદ્દેશ સંતાનોત્પત્તિ હતો. મનુએ પુત્રજન્મને વિવાહનું પ્રથમ પ્રયોજન ગણ્યું છે. તે તો સ્પષ્ટ શબ્દોમાં સ્ત્રીના જીવનનું લક્ષ્ય પ્રજનન અને માનવજીવનનું ધ્યેય સંતાન સ્વીકારે છે. તેમના મતે સ્ત્રીપુરુષના મિલન માત્રથી સંતાનોત્પત્તિ પાશવી કૃત્ય છે. તેને રોકવા માટે અને આ કાર્યને સંયમિત, પરિષ્કૃત તથા સુસંસ્કૃત કરવા માટે વિવાહ સંસ્કાર કરાતા. વિવાહને ધર્મનો આધાર આપીને આ સંસ્કારનું મહત્ત્વ વધારવામાં આવ્યું.[૧૩]

વિવાહનું ધ્યેય સંતાનની ઉત્પત્તિ જ હતું. એટલે જ મનુએ સ્ત્રીને ખેતરની તથા પુરુષને બીજની ઉપમા આપી છે અને કહ્યું છે કે ખેતર અને બીજના સમાગમથી મનુષ્યની ઉત્પત્તિ થાય છે.[૧૪] નારદનું કથન પણ એ જ છે કે સંતાન માટે સ્ત્રીનો જન્મ થયો છે. વસિષ્ઠ અને વિષ્ણુ જેવા સ્મૃતિકારોએ પું નામના નરકથી બચવા પુત્રનું હોવું અતિ આવશ્યક માન્યું છે. યાજ્ઞવલ્કયે તો ત્યાં સુધી કહ્યું છે કે પુત્રો, પૌત્ર અને પ્રપૌત્ર પ્રાપ્ત કરવા એ જ વિવાહનો ઉદ્દેશ છે. [૧૫]

પુત્રપ્રાપ્તિનો ઉદ્દેશ પાર પાડવા સ્ત્રી સાથે વિવાહ કરવામાં આવતા, પણ એ સ્ત્રી માટે વિવાહનો અર્થ શું થતો ? મનુના શબ્દોમાં જવાબ જોઈએ : વિવાહોમાં શાંતિમંત્રનો પાઠ અને પ્રજાપતિનો જે યજ્ઞ કરાય છે, તે એ સ્ત્રી માટે મંગળ છે અને એનું જે દાન કરાય છે, તે પતિની માલિકીનું કારણ બને છે.[૧૬]

એટલે, સ્મૃતિકાલીન વિવાહને ભલે ઊંચો દરજ્જો અપાયો હોય, વાસ્તવિકતા તો એ હતી કે આ પ્રથા હેઠળ પતિ માલિક અને પત્ની દાસી બની જતી. વિવાહના ઝગમગતા દીવા હેઠળ સ્ત્રીઓ માટે તો અંધારું ઘોર હતું. અને આ અંધકારમાંથી જ પેલી ઉકિત ઉદ્‌ભવતી હશે : ચરણેષુ દાસી !

**વિવાહ :**

૧. સ્મૃતિ સાહિત્ય મેં ગૃહસ્થાશ્રમ-એક વિવેચન, અતિયા દાનિશ, પૃ.૧૨૫

૨. *द्विधा कृत्वात्मनो देहमर्धेने पुरुषोऽभवत् ।*

*अर्धेन नारी तस्यां स विराजसृजत्प्रभुः ॥ मनुस्मृति १.३२*

બ્રહ્માએ પોતાના શરીરના બે વિભાગ કર્યા. તેમાંથી એક ભાગ પુરુષ થયો અને બીજો અર્ધ ભાગ સ્ત્રી થયો. એ સ્ત્રીમાં તેમણે વિરાટ પુરુષ સર્જ્યો.

૩. સ્મૃતિ સાહિત્ય મેં ગૃહસ્થાશ્રમ- એક વિવેચન, પૃ.૧૨૫

૪. *वेदानधीत्य वेदौ वा वेदं वापि यथाक्रमम् ।*

*अविप्लुतब्रह्मचर्यो गृहस्थाश्रममावसेत् ॥ मनुस्मृति ३.२*

બ્રહ્મચારીએ પોતાના બ્રહ્મચર્ય વ્રતને અખંડ રીતે પાળીને અનુક્રમે ત્રણ, બે અથવા એક વેદ ભણી લીધા પછી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવો.

૫. સ્મૃતિ સાહિત્ય મેં ગૃહસ્થાશ્રમ- એક વિવેચન, પૃ.૧૨૬

૬. યાજ્ઞવલ્કય સ્મૃતિ કા સમીક્ષાત્મક અધ્યયન, ડૉ. ઉષા ગુપ્તા પૃ.૭૨

૭. *अद्भिरेव द्विजाग्रयाणां कन्यादानं विशिष्यते ।*

*इतरेषां तु वर्णानामितरेतरकाम्यया ॥ मनुस्मृति ३.३५*

બ્રાહ્મણોએ જળ આપી જ કન્યાદાન કરવું, એ ઉત્તમ છે. બીજા વર્ણવાળાઓ તો પરસ્પરની ઈચ્છા પ્રમાણે કેવળ વાણીથી જળ આપ્યા વગર પણ કન્યાદાન કરી શકે છે.

૮. *पिता पितामहो भ्राता सुकुल्यो जननी तथा ।*

*कन्याप्रदः पूर्वनाशे प्रकृतिस्थः परः परः ॥*

*याज्ञवल्क्य स्मृति ३.६३*

પિતા, પિતામહ, ભાઈ, કુળનો કોઈ પુરુષ, માતા વગેરે અનુક્રમે પ્રથમના અભાવમાં પછીની વ્યક્તિ

ઉન્માદાદિક રોગથી રહિત હોય તો તે કન્યાદાન કરે.

૯. *पाणिग्रहणसंस्कारः सवर्णासूपदिश्यते । मनुस्मृति ३.४३*
હસ્તમેળાપનો સંસ્કાર તો સવર્ણ કન્યાના સંબંધમાં જ કહ્યો છે.

૧૦. *शरः क्षत्रियया ग्राह्यः प्रतोदो वैश्यकन्यया।*
*वसनस्य दशा ग्राह्या शूद्रयोत्कृष्टवेदने ॥ मनुस्मृति ३.४४*
પોતાનાથી ચડિયાતા વર્ણના બ્રાહ્મણ પુરુષને પરણતી વખતે ક્ષત્રિય કન્યાએ બાણ, વૈશ્ય કન્યાએ પરોણો અનશૂદ્ર કન્યાએ પોતાના વસ્ત્રનો છેડો ઝાલવો.

૧૧. *पाणिर्ग्राह्यः सवर्णासु गृहीयात्क्षत्रिया शरम् ।*
*वैश्या प्रतोदमादद्याद्वेदने त्वग्रजन्मनः ॥*
*याज्ञवल्क्य स्मृति ३.६२*
પોતાની જાતિની કન્યા સાથે વિવાહ કરતી વખતે પાણિગ્રહણ કરવું. ઉચ્ચ વર્ણના વર સાથે પરણતી વખતે ક્ષત્રિયની કન્યાએ શર કે બાણ અને વૈશ્યની કન્યાએ પ્રતોદ કે ચાબુક પકડવો.

૧૨. પરાશર સ્મૃતિ, પ્રાણજીવન હરિહર શાસ્ત્રી, પૃ.૯૩ (૧૨) *पाणिग्रहणिका मन्त्रा नियतं दारलक्षणम् । तेषां निष्ठा तु विज्ञेया विद्वाद्भिः सप्तमे पद ॥ मनुस्मृति ८.२२७*

૧૩. સ્મૃતિ સાહિત્ય મેં ગૃહસ્થાશ્રમ એક વિવેચન, પૃ.૧૩૦

૧૪. *क्षेत्रभूता स्मृता नारी बीजभूतः स्मृतः पुमान् ।*
*क्षेत्रबीजसमायोगात्संभवः सर्वदेहिनाम् ॥ मनुस्मृति ९.३३*
સ્ત્રી ખેતર જેવી અને પુરુષ બીજ જેવો છે. ખેતર અને બીજના સમાગમથી દેહધારીઓની ઉત્પત્તિ થાય છે.

૧૫. સ્મૃતિ સાહિત્ય મેં ગૃહસ્થાશ્રમ-એક વિવેચન, પૃ.૧૩૦

૧૬. *मंगलार्थं स्वस्त्ययनं यज्ञश्चासां प्रजापतेः ।*
*प्रयुज्यते विवाहेषु प्रदानं स्वाम्यकारणम् ॥ मनुस्मृति ५.१५२*
વિવાહોમાં શાંતિમંત્રનો પાઠ અને પ્રજાપતિનો જે યજ્ઞ કરાય છે તે સ્ત્રી માટે મંગળ છે અને એનું જે પ્રદાન કરાય છે તે પતિની માલિકીનું કારણ બને છે.

પાણિગ્રહણના મંત્રો કન્યામાં પત્નીનું લક્ષણ કરનારા છે, પણ વિદ્વાનોએ તેની પૂરી સિદ્ધિ સપ્તપદીના સાતમે પગલે જાણવી. **(ક્રમશઃ)**

(સીવીએમ બંગલો-૧૧,ગો.જો. શારદામંદિર સામે,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦ જિ.આણંદ, મો.૯૮૯૮૦૭૦૨૦૫૭)

## લેખ સામગ્રી અને ગ્રંથાવલોકન

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત મુખપત્ર 'વિ-વિદ્યાનગર' માટે લેખસામગ્રી સહિતની મૌલિક રચનાઓ તંત્રીશ્રીના સરનામે પાઠવવા સાહિત્ય-સાહિત્યેતર ક્ષેત્રના કલમકશો અને સંશોધકોને ભાવભીનું ઈજન છે. આપને ખાસ વિનંતી એ કરવાની કે આપની અન્યત્ર પ્રકાશિત ના થયેલી અથવા ના પાઠવેલી મૌલિક કૃતિનું મૂળ લખાણ જ પાઠવવું અથવા ટાઈપ થયેલી નકલ હોય તો તેની સાથે સાથે પત્રનોંધમાં 'વિ-વિદ્યાનગરને પાઠવેલી કૃતિ/લેખ અન્ય કોઈ સામયિક/પ્રકાશનમાં પ્રકાશિત થયેલી નથી' એવી બાંહેધરીની નોંધ અચૂક મૂકવી. આ સિવાયની લેખ/કૃતિ કે અન્ય સામગ્રી પ્રકાશન માટે સ્વીકારવામાં નહીં આવે. 'વિ-વિદ્યાનગર'માં ગ્રંથાવલોકન ઈચ્છુક પ્રકાશકો-સર્જકોએ નવપ્રકાશિત ગ્રંથની બે નકલ તંત્રીના નામે પાઠવવી અનિવાર્ય છે.

### વાચક પ્રતિભાવ

'વિ-વિદ્યાનગર' સામયિક હવે ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ www.ecvm.net પર જાન્યુઆરી-૨૦૧૦થી મૂકાય છે. સામયિકના ગ્રાહકો-વાંચકોના પ્રતિભાવો, સૂચનો અને અન્ય પ્રકાશનયોગ્ય સામગ્રી માટે પણ નિયમિત રીતે જગ્યા ફાળવાશે. તમારા પ્રતિભાવો ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં પાઠવવાની મોકળાશ અનુભવશો.

તમે ઈમેઈલઃ editor.vidyanagar@gmail.com પર પણ પાઠવી શકો છો.

# Bacteriophage Therapy

## Ami Lokhandwala

A bacteriophage is a virus that infects and replicates within a bacterium. The term is derived from a Greek word "bacteria" which means "to devour". Bacteriophages are composed of proteins that encapsulate a DNA or RNA genome, and have relatively simple or elaborate structures as shown in the figure. Their genomes may encode as few as four genes, and as many as hundreds of genes. Phages replicate within the bacterium following the injection of their genome into its cytoplasm. Bacteriophages are among the most common and diverse entities in the biosphere. Phages are widely distributed in locations populated by bacterial hosts, such as soil or the intestines of animals. One of the densest natural sources for phages and other viruses is sea water, where up to 9×108 virions per milliliter have been found in microbial mats at the surface, and up to 70% of marine bacteria may be infected by phages.





**Figure: Structure of bacteriophage**

**Bacteriophage as medicine**

**History**

Bacteriophages were first used as medicines in 1919 to treat wide range of infections. They have been used for over 90 years as an alternative to antibiotics in the former Soviet Union and Central Europe, as well as in France. Phages have been investigated as a potential means to eliminate pathogens like Campylobacter in raw food and Listeria in fresh food or to reduce food spoilage by bacteria. In agricultural and aquaculture practices phages were used to fight pathogens in farm animals, plants of agricultural importance and fish. The oldest use was, however, in human medicine. Phages have been used against diarrheal diseases caused by E. coli, Shigella or Vibrio and against wound infections caused by facultative pathogens of the skin like Staphylococci and Streptococci.

However eventually, phage therapy fell out of favor with the arrival of antibiotics; the practice has only persisted in some European countries as an experimental treatment.

**Present Scenario**

Earlier this year, phage therapy was highlighted as one of seven approaches for "achieving a coordinated and quick approach towards antibacterial resistance threats" in a 2014 status report from the National Institute of Allergy and Infectious Diseases (NIAID). Recently the phage therapy approach has been applied to systemic and even intracellular infections.

"All phages do is to interact and parasitize the bacteria, so we can learn from them exactly how they do this, and identify a number of different Achilles' heels of the bacteria," said microbiologist Raymond Schuch of Rockefeller University in New York City.

Basically, the treatment uses a bacteriophage, or blend of several phages, to specifically lyse target pathogenic bacteria. Scientists have honed in on the bactericidal enzymes or devices used by phages to identify potential small-molecule antibacterial drugs and beyond human medicine, phage therapies have been successfully commercialized for use in farms and on food products. Their success—or failure—in these other applications will decide the path ahead for clinical phage therapy.

Antibiotic over use in clinics has escalated microbial resistance is the major reason for renewed interest in phage therapy. On farms, however, small amounts of antibiotics are routinely used to promote animal growth or prevent disease

outbreaks; the practice has been linked to long-term changes to animals' commensal microbiomes, increased transfer of antibiotic-resistant bacteria which are transmitted from animals to farm workers, and leads to potential risks to human health. Recent governmental initiatives to curb antibiotic use have largely overlooked their use on farms. Small numbers of phage-based alternatives are now available from Maryland-based biotech Intralytix, which manufactures sprays that target Listeria, Salmonella, and E. coli O157:H7 in foods and food-processing facilities.

Moreover; a few research groups in the West are engineering a broader spectrum phage, and also a variety of forms of MRSA treatments, including impregnated wound dressings, preventative treatment for burn victims, phage-impregnated sutures. Enzybiotics are a new development at Rockefeller University that creates enzymes from phage. These show potential for preventing secondary bacterial infections, e.g. pneumonia developing in patients suffering from flu and otitis. Purified recombinant phage enzymes can be used as separate antibacterial agents in their own right.

In case of humans, some evidence shows the ability of phages to travel to a required site—including the brain, where the blood brain barrier can be crossed—and multiply in the presence of an appropriate bacterial host, to combat infections such as meningitis. For some bacteria, such as multiple-resistant Klebsiella pneumoniae, there are no effective non-toxic antibiotics, but killing of this bacteria via intraperitoneal, intravenous, or intranasal route of phages in vivo has been shown to work in laboratory tests.

**Setbacks**

Scientific clarity—understanding why and how to design phage treatments—is a higher priority, according to Gill. In a 2006 Antimicrobial Agents and Chemotherapy study, he and his colleagues attempted to use phages to treat bovine mastitis caused by Staphylococcus aureus, a growing concern in the dairy industry. However, only 16 percent of cows treated were cured. High phage concentrations in milk up to 36 hours after treatment also suggested that the virus was being inactivated or destroyed within the gland. That brings us to the conclusion that not every bacterial infection is going to be equally successfully treated with phage therapy.

The work highlights one of its many peculiarities: viruses that look like efficient killers in experiments can fail to cure an infection in the field. Phages may work better at targeting subsets of infections, such as on the skin or deep within organs but not on organisms in natural systems like fish, plants or animals. Even when bacteriophage therapy is successful, scientists know little about the theses underlying mechanisms.

Researchers and biotech companies continue to refine this method, but in the absence of clear regulatory and manufacturing practices—and potential profits—phage therapy has yet to become mainstream for "the same reason many big companies have gotten out of making new antibiotics," said microbiologist Jason Gill of Texas A&M University. "The development costs are the same as for any other drug, but the profits are not as high as you might make from a new kind of drug."

**Future**

Early attempts at phage therapy were conducted in an enthusiastic time, when little was understood about the viruses themselves. It sort of had one, before antibiotics came along, but it wasn't well understood then. Now, scientists are more intrigued by the complexity of it than just experimenting with an idea.

"Bacteriophage therapy will have its day again," said Loc-Carillo.

**References:**


1. Dralis- Kawa et al. (2015). Bacteriophage and phage delivered proteins- Application approaches. Curr Med Chem, 22, 1757-1773.
2. Bacteriophage Boom? Editor:Jyoti Madhusrodavan, The Scientist. Sep. 29, 2014.
3. Sulakvelidze et al. (2001). Bacteriophage therapy. Antimicrobial agents and chemotherapy. 45, PMC 90351.
4. Cocktail that cures. The Hindu. Nov. 26, 2000.



(Research Associate, Natubhai V. Patel College of Pure and Applied Sciences,Vallabh Vidyanagar.
M: 07567318389)

॥ કળા વિમર્શ ॥

# કળામાં સંગતિ

**નંદલાલ બોઝ**

**અનુ. કનુ પટેલ**

શરીરમાં સ્થૂળ અને સૂક્ષ્મ જેટલી પણ ઇન્દ્રિયો છે તેના આશ્રયે કાવ્ય, ચિત્ર, શિલ્પ, સ્થાપત્ય, નૃત્ય, અભિનય, કોતરણીનું કામ વગેરે સમસ્ત ચોસઠ કળાઓનું સર્જન કરવામાં આવે છે. આમાંથી એક ઇન્દ્રિય બીજી ઇન્દ્રિય ઉપર આધાર રાખીને પોતાનું સ્વરૂપ પ્રગટ કરવામાં સક્ષમ હોય છે. દરેક ઇન્દ્રિય વડે જાત રચનાની જ મજા માણે છે અને દરેક કળાના માધ્યમથી એ જ રસને સાકાર અને સગોચર રૂપ પ્રદાન કરે છે. અંતરમાં રહેલા તે રસની દૃષ્ટિએ સંગીત, કાવ્ય, ચિત્ર, શિલ્પ અથવા એમ કહી શકાય કે કોઇપણ કળા અન્ય કળાથી ભિન્ન નથી, અને આ વાત પણ ધ્યાનમાં રાખવા યોગ્ય છે કે સમસ્ત કળાઓ સ્વરૂપની દૃષ્ટિએ સુનિશ્ચિત હોય છે, તથાપિ વ્યંજનાની દૃષ્ટિએ અસીમ અને અવર્ણનીય હોય છે.

સાધનો અને વસ્તુઓની ભિન્નતાને કારણે કવિતા અને ચિત્રકળા બાહ્યરૂપે જુદાં લાગે છે. જેમ કાવ્યમાં પહેલા ઇંગિત આવે છે. ઘાસ,વૃક્ષ, ફૂલ વગેરે શબ્દ પ્રતીકો છે. આ શબ્દોથી વસ્તુનો બોધ થાય છે. ચિત્રમાં પહેલાં વસ્તુ આવે છે. રંગ અને રેખાની ભાષાના યોગ થકી તે ચિત્રનો આધાર બને છે. ત્યારબાદ જોઇએ તો કવિતાનું વૃક્ષ અને ચિત્રનું વૃક્ષ બંનેમાંથી કોઇપણ વૃક્ષના સ્વરૂપને સ્થિર નથી થતું. પોતપોતાની વ્યંજના દ્વારા રસિકોના મનમાં રસ પ્રગટાવવા માટે પ્રેરણા બને છે.

ઘણા લોકોને લાગે છે કે ચિત્રનો કાર્યવ્યાપાર એક ક્ષણ (moment unit of time) સાથે સંકળાયેલો હોય છે. અને કાવ્ય અને ગીતમાં સમયનો પ્રવાહ હોય છે. ઊંડાણપૂર્વક જોઇએ તો ખ્યાલ આવશે કે આ વાત અંશતઃ સત્ય છે. એ સાચું છે કે ચિત્ર આંખના એક પલકારામાં જોઇ શકાય છે. તેનો મતલબ એ નથી કે પલકારામાં ચિત્ર જોવાઇ જાય છે. ચિત્રમાં ઘેરાયેલું વૃક્ષ, ફૂલ, પાન અને અન્ય નાની મોટી વિગતો અને કાળાકારીગરીને વારંવાર જોવું પડે છે. આ રીતે જેને એક જ ક્ષણમાં આંખોએ જે જોયું તેને અસંખ્ય સમયોમાં વિભાગવાર જોવાથી એ ક્ષણના વાસ્તવિક રહસ્ય સુધી પહોંચી શકાય છે. અને કવિતા કે ગીતમાં પણ હકીકતે અનેક સમયખંડો નથી હોતા. તે ખંડ ખંડ સમય જોડાઇને જ્યાં સુધી સમગ્ર સમય ખંડ સુધી ન પહોંચીએ. અખંડ સમયના અનુભવ સુધી પહોંચી નથી શકાતું, ત્યાં સુધી કવિતા કે ગીત પકડમાં નથી આવતું, કવિતા કે ગીતના ક્ષેત્રે આ અનન્ય પળ (ક્ષણ) આભાસરૂપે પ્રાપ્ત થાય છે. ફળસ્વરૂપે નિશ્ચિત ઉપલબ્ધિના રૂપે સ્થિર થાય છે. એટલે દૃશ્યકળા અને શ્રાવ્ય કળામાં આ દૃષ્ટિએ અંતર નથી હોતું.

કળાના ક્ષેત્રમાં એક દૃષ્ટિગોચર વસ્તુને બીજી દૃષ્ટિગોચર વસ્તુ બનાવી દેવાનું કળાનું વિશેષ કાર્ય કે કૌશલ છે. ગાયક કે કવિનું હાઇવ પ્રસન્ન ત્યારે થાય છે જ્યારે તે સ્વર કે શબ્દ દ્વારા રૂપને આભાસ આપે છે. જ્યારે પ્રભાત કે સંધ્યા કે ઘનઘોરના સ્વરૂપને લય અને સ્વરના માધ્યમથી પ્રસ્ફૂરિત કરવામાં આવે છે. આટલું જ નહીં કળાકાર એ પણ ઇચ્છે છે કે તેના દ્વારા દોરાયેલા ફૂલથી ફૂલની કોમળતા અને તેની મીઠી સુગંધનો અનુભવ કરી શકાય આવું જ થાય છે એટલે તેઓએ પહેલાં જ કહ્યું છે કે ચોસઠકળાઓ પરસ્પર એક બીજા પર આધાર રાખીને પોતાના સ્વરૂપે પ્રગટ કરવામાં સક્ષમ હોય છે.

શ્રીકૃષ્ણની રાસલીલાની સાથે તુલના કરીને સમજી શકાય છે કે બધાં જ કળાસર્જનોનું કાર્ય કેવી રીતે થાય છે. વચ્ચે અવર્ણનીય રસધન મૂર્તિ શ્રીકૃષ્ણ સ્વપ્રકાશમાન પરા પ્રકૃતિને લઇ બિરાજમાન છે. તેમની ચારેબાજુ જુદી જુદી કળાઓ, જુદા જુદા રસ હાથ પકડીને અને કૃષ્ણ અને અનેક ગોપીઓના રૂપે વર્તુળાકારે ફરતાં ફરતાં નાચે છે. લયબદ્ધ-તાલબદ્ધ.

**કલાવસ્તુ કોને કહેવાય છે?**

કળા એટલે કલ્પના, રેખા રંગ અને રૂપના માધ્યમથી રસાનુભૂતિનો પ્રકાશ, રસની વૃદ્ધિ કરાવવામાં જ તેની સાર્થકતા છે. રસાનુભૂતિ કરાવવા માટે કરણ કૌશલની જરૂરિયાત હોય છે. પરંતુ તે સાધન હોય છે, સાધ્ય નહીં.

કરણ(tool)ના ઉપયોગથી કૌશલ (technique)નું જ્ઞાનકલાની પ્રેરણા હોતું પણ નથી. કળાકારના કામમાં રસની પ્રરેણાથી જ રૂપનો એક પ્રાણ છંદ જન્મે છે. અને કોઇ વિશિષ્ટ રૂપનો વિશિષ્ટ છંદ વિશ્વવ્યાપી પ્રાણના છંદ સાથે ભળી જાય છે. તેનામાં સમન્વય પામે છે.લગનની ઊંડી અનુભૂતિના પરિણામસ્વરૂપ જ કળાકાર પોતાના ધ્યાનની વસ્તુ,પોતાની આધાર-વસ્તુ (એ વસ્તુ જેના વિશે રચના કરવાની હોય છે) ની સાથે એકાત્મ થઇ જાય

છે.કળાકૃતિના રૂપે કળાકાર પણ અમરતા પ્રાપ્ત કરે છે. કળાકારનું જીવન-કળાકારની હયાતી- કળાકૃતિના નિર્મળ દર્પણમાં ઊભરી આવે છે. બંનેને જુદા નથી પાડી શકતા.

કળા એટલે સૃષ્ટિ પ્રવૃત્તિનું અનુકરણ નહીં. બહારની પ્રકૃતિમાં સૃષ્ટિનો જે આવેગ સતત વહ્યા કરે છે.કળાકારના મનમાં પણ તેની પ્રેરણા, તેનાં જ કાર્યકલાપ હોય છે એટલે અનુકરણનો પ્રશ્ન ઊભો થતો નથી.

કળા છે કળાકારની વ્યાખ્યા કે તેનું ચિંતન, બીજાની વ્યાખ્યા કે ચિંતનના ક્ષેત્રમાં વિહાર કરવા માટે તેણે નિમ્નરૂપ ગ્રહણ કરવું પડે છે. જુદા જુદા વ્યક્તિઓના મનમાં ઘણું બધું અનેકાનેક ઊણપો થકી સંચરીત થતું રહેતું હોય છે. પરંતુ રસનો સંચાર કેવળ કળાનો ભાષા દ્વારા જ થાય છે.

કળા છે છંદ, ભાવ, અનુભૂતિ, રૂપ, રંગ ગતિ વગેરે એક લયમાં ગુંથાઈને જ સૌંદર્ય (esthetic value)ને પામે છે. રસનું સૌથી મનોહર રૂપ છંદમાં જ મળે છે. કળાસર્જનના ક્ષેત્રમાં જ્યારે સાધ્ય, સાધન અને ઉપકરણ એક જ છંદમાં ગુંથાય છે ત્યારે શક્તિનો લય નથી થતો.

અલંકારશાસ્ત્રીઓની ભાષામાં કહી શકાય કે કળા છે ધ્વનિ યા વ્યંજના. થોડું રૂપ, થોડો રંગ, થોડી રેખા- આ બધા વડે ઇંગિત માત્રથી સુંદર રીતે ભાવના અને વેદનાને ઉજાગર કરવાનું જ તેનું કાર્ય છે.

**પરસ્પેક્ટિવ કોને કહેવાય? ચિત્રકળામાં તેની ઉપયોગિતા શું?**

દશ્યમાન વસ્તુના જુદા જુદા ભાગોના સંબંધે જેટલું અંતર, નિકટતા કે ઘનતાનો બોધ થાય છે. તેનું ચિત્રમાં તેવું જ નિરૂપણ તે પર્સ્પેક્ટિવ કહેવાય છે. વાક્યને સ્પષ્ટ કરવાની દૃષ્ટિએ કહી શકીએ કે ચિત્રકારને એ જ્ઞાન હોવું જોઇએ કે એક સપાટી પરની બે વસ્તુઓમાંથી નજીકની મોટી અને દૂરની નાની દેખાય છે. ચિત્ર બનાવતી વખતે આ વાત ભૂલી જવાથી દૃષ્ટિ અભ્યાસમાં ખલેલ પડશે કે ચાક્ષુષ પર્સ્પેક્ટિવનું ખંડન થશે. પરંતુ એ પણ ન ભૂલવું જોઇએ કે ચિત્ર કેવળ નજરે જોયેલું નથી હોતું. અંતરમનથી જોવાથી દૂરની વસ્તુ પણ નજીક આવે છે. અને પાસે રહેલી વસ્તુ દૂર જઇને નાની અને લુપ્ત પણ થઇ શકે છે. અંતર્મનમાં દૂરના માપદંડ નથી હોતા. પૂર્વના કળાકારો આ વાતને માને છે. ચાહે જાણીને કે ચાહે અજાણતાં એટલે પૂર્વેની ચિત્રકળામાં દૃષ્ટિગત કે પ્રાકૃતિક પર્સ્પેક્ટિવ નષ્ટ થવાથી રસ-સૃષ્ટિ કે છંદસૃષ્ટિની હંમેશા હાનિ થાય છે જ એમ નથી માનતા. કળાકારની આંખો તો સર્જનકર્તા નથી હોતી. સર્જનકર્તા હોય છે મન. કળાનું રસગ્રહણ પણ આંખો દ્વારા નહીં, મન દ્વાર થાય છે.

આપણે લોકો એક ઝાડ જોયા છતાં નથી જોતાં પરંતુ કળાકારની પીંછી તેને રૂપ આપી દે છે. ત્યાં જ તેમાં નિહિત ગૂઢ સૌંદર્ય પ્રગટ થઇને આપણા મનને તીવ્ર રૂપે આકર્ષિત કરતું હોય છે. આમ કેમ થાય છે?

કળાકાર પ્રકૃતિનું આબેહૂબ અનુકરણ નથી કરતો. કળાની વસ્તુમાં તે કશુંક ઉમેરે છે. આટલું જ નહીં, આકારોમાં તે એવું રૂપાંતરણ પણ કરે છે જેનાથી દર્શકના મનમાં નવીનતાની અનુભૂતિ થાય છે.

એ તો જાણીતી વાત છે કે કોઇપણ વસ્તુને એક જ સમયે, બધી બાજુથી દરેક દૃષ્ટિએ જોવું સંભવ નથી અને તે વસ્તુની બધી જ બાબતો સમગ્રરૂપે બધાને સમાનરૂપે આકૃષ્ટ નથી કરતી. પાંચ કળાકારો જો એક ઝાડનું ચિત્ર બનાવે તો તે પાંચ ચિત્રો બનશે. કોઇ પાંદડાંને લીલા જોઇને તેવાં જ બનાવશે. કોઇ પાંદડાનું હલનચલન બતાવશે, કોઇ એક કળાકારનું ધ્યાન બની શકે છે. આ બાબત પર જાય જ નહીં અને તે ઝાડને એક સંન્યાસના રૂપે જુએ અને બતાવે- શૂન્ય આકાર નીચે ઊભો ધ્યાનસ્થ સંન્યાસી.

કળાને સમજવા માટે કળા વસ્તુને જોવી પડે. હવે જોવું કેવી રીતે? બાળકની દૃષ્ટિએ કળાની વસ્તુને જોવી જોઇએ અર્થાત્ પહેલાંથી જ મનને કોઇ સંસ્કાર કે કોઇ પૂર્વાનુરાગે બાંધીને સીમિત કરી લેવાથી નહીં ચાલે.કેવળ વિચાર કરીને વિશ્લેષણ કરીને કળાને સમજી ન શકાય.

**કળાના ક્ષેત્રમાં વિશ્વની જુદી જુદી જાતિઓનું શું પ્રદાન છે?**

ચીન દેશના લોકો એ પ્રકૃતિના દશ્યો કે લેન્ડસ્કેપનો આધાર લઇને આત્મિક ઉપલબ્ધિ અને આત્મિક આવેશની અભિવ્યક્તિના ક્ષેત્રમાં અતુલનીય સિદ્ધિ પ્રાપ્ત કરી છે. યુરોપમાં પ્રતિકૃતિ કે વ્યક્તિચિત્ર રચનાક્ષેત્રે ચરમ ઉત્કર્ષ પ્રાપ્ત થયો છે.

ભારતીય કળામાં માનવ અને માનવેત્તર જીવોના રૂપને પ્રતીક બનાવીને ગંભીર આધ્યાત્મિક અનુભવને ભાષા આપી છે. ભારત અને ચીનની કળાસંબંધી સંસ્કૃતિમાં આ જ અંતર છે કે ચીની કળાકારોએ પોતાની જાતને પ્રકૃતિનું અંગ બનાવી સ્વયંને પ્રકૃતિમાં લીન કરી દીધા છે અને ભારતીય કળાકારોએ પોતાની જાતને અને પ્રકૃતિને એક જ છંદમાં વણાયેલા જાણીને

પ્રકૃતિને પોતાની હયાતીની એક તરફ પ્રકાશ કે પરિચયના રૂપમાં માન્યાં છે.

### બુદ્ધમૂર્તિનું તાત્પર્ય શું છે?

બુદ્ધમૂર્તિ ગહન ધ્યાન અવસ્થાની જ મૂર્તિ છે. કોઇ વ્યક્તિની નથી. એક વિશિષ્ટ ભાવ કે ઉપલબ્ધિના ફળસ્વરૂપે એક વિશિષ્ટ પ્રકારના આદાર કે શૈલી રચવાની પ્રવૃત્તિ હોય છે. એકવાર એ સર્વાંગસુંદર થઇ જાય ત્યાર બાદ પછી તેમાં કશું કરવાનું રહેતું નથી. બુદ્ધમૂર્તિ આવી જ એક ક્ષતિરહિત સર્વાંગ સુંદર રચના કહેવાય છે.

નટરાજ આવી જ એક બીજી સૃષ્ટિ છે. સમગ્ર સંસારમાં વ્યાપી લય અને ગતિ જ્યાં પરમ શાંતિના કેન્દ્રમાં પસાર થઇને વારંવાર જેમાં પરત ફરે છે તેનું જ સ્વરૂપ નટરાજ છે.

બુદ્ધમૂર્તિમાં સર્વ ગતિ નિર્ધારિત શાંતિમાં સમાઇને નિશ્ચલ ચેતનાના રૂપે સ્થિર થાય છે. વાયુહીન નિષ્કમ્પ, નિર્ધૂળ દીપશિખાની જેમ.

એક ચાતુરીની વાત કરવી જરૂરી છે. કળાનો આત્મિક કે આધ્યાત્મિક તાત્પર્ય સાથે લૌકિક આચાર-વિચાર કે નીતિ-ધર્મનો કોઇ સંબંધ નથી હોતો. શાંતિ, સમતા તથા ચેતનાના પ્રસારનો અનુભવ થવો અને પ્રકાશિત થવાથી જ કાર્ય થઇ જાય છે.

(આચાર્ય, સીવીએમ કોલેજ ઓફ ફાઇન આર્ટ્સ,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦ મો: ૯૮૨૫૦૪૧૨૮૯)

॥ પ્રતિભાવ ॥

## 'વિ-વિદ્યાનગર' વૈવિધ્યસભર, અધૂરા સંદર્ભોથી સાવધાન !

**નરોત્તમ પલાણ**

ઈતિહાસ એટલે માત્ર રાજકીય તવારીખો નહિ, એની પ્રતીતિ સાંપ્રતમાં તો 'વિ-વિદ્યાનગર'નો નવો અંક આવે છે ત્યારે જ થાય છે. આ વખતે (જુલાઈ-૨૦૧૫) કેટલું વિષય વૈવિધ્ય છે ! 'વૈભવ-વારસા'માં ઉમાશંકર જોશી અને સનત મહેતા આજે પણ પ્રસ્તુત છે. હા, સાહિત્યના અભ્યાસીઓ તૃણના કવિ તરીકે ઉશનસને ગણાવે છે ત્યારે તેમણે આ પણ નોંધવું ઘટે કે 'તૃણ' ને કવિતામાં પ્રતિષ્ઠિત કરનાર ઉમાશંકર છે. આ અંકનું સૉનેટ 'બીડમાં સાંજ વેળા' છેક ૧૯૩૩માં રચાયું છે, ત્યારે ઉશનસ્ માત્ર ૧૩ વર્ષના છે અને એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'પ્રસૂન' ઉમાશંકરના સૉનેટ પછી બરાબર બાવીશ વર્ષ બાદ પ્રસિદ્ધ થયો છે !

ખેર, 'સહજાનંદ સ્વામી અને અરદેશર કોટવાળ'માં સંદર્ભ નોંધ અપૂર્ણ લાગે છે જુઓ, પૃ.૧૩ ઉપરના પેરામાં આ પ્રસંગે કોટવાળની વાડીમાં ધાર્મિક ઉત્સવનું વાતાવરણ સર્જાતું હતું. જે આજપર્યત ચાલુ છે? પાસે ૮ નંબર મૂકાયો છે તે સંદર્ભોમાં ક્યાં છે ? આજ પૃષ્ઠ ઉપર (રમેશ શુક્લ પૃ.૭૧-૭૨) એટલે શું ? નથી અહીં કે નથી સંદર્ભમાં રમેશ શુક્લના પુસ્તકનું નામ? મિત્રો, અભ્યાસી જાય તો જાય ક્યાં? અને વાકય રચના પણ જરા જુઓ, 'વાતાવરણ સર્જાતું હતું'- કદાચ 'સર્જાયું'નો મુદ્રણ દોષ હશે પણ 'એ વાતાવરણ આજપર્યંત'- અમને આ વાકયનો અર્થ સુલભ જણાયો નથી. પૃ.૧૪ ઉપર બીજી તરફ અરદેશર પોતાના સમયનું કદાવર ન હોવા છતાં' 'અહીં કદાવર ન હોવા છતાં' એટલે શું? એમ નથી લાગતું કે લેખક અને તંત્રી-બન્નેને આવા અભ્યાસ લેખમાં વિશેષ સાવધાન રહેવું ઘટે ? અને ખાસ ઈતિહાસનો અધ્યાપક ઈ.સ. અને સંવત માં ભૂલ કરે તો ? પૃ.૧૧ ઉપર 'સહજાનંદ સંવત' ૧૮૨૩ ભૂલ છે. અહીં ૧૮૨૩ ઈ.સ. છે. more open community તરીકે પારસી કોમનું આ એક વધુ ઉદાહરણ છે અને તે બદલ નિઃશંક ભાઈ અરુણ વાઘેલા ધન્યવાદને પાત્ર છે.

કૌટિલ્યનું શિક્ષણ-ચિંતન(જયશ્રી કે.દવે) છેક પૃ.૨૦ ઉપર કૌટિલ્યનો સમય ૨૩૦૦ વર્ષ પૂર્વેનો જણાવે છે. તેના વિશે આરંભમાં જ થોડી ચર્ચા હોત તો વધુ યોગ્ય બનત એમ લાગે છે.

'મધ' માટે સાગર ભીંડેને ધન્યવાદ. કદાચ અમારી ઉંમર થઈ એટલે હશે પણ આ લેખ બહુ ગમ્યો.

(પોરબંદર) (ફોનઃ ૦૨૮૬-૨૨૪૭૭૦૭)

॥ આરોગ્ય ॥

# વર્ષાઋતુમાં શ્રેષ્ઠ પંચકર્મઃ બસ્તિ

**મલ્હારી સરદેશપાંડે**[૧]
**અમીતા પટેલ**[૨]

આયુર્વેદ શાસ્ત્રાનુસાર વર્ષાઋતુમાં 'વાતદોષ'નો અર્થાત વાયુનો પ્રકોપ થાય છે. આ ઋતુમાં શરીરમાં વધેલો વાયુ અનેક પ્રકારના રોગોને આમંત્રણ આપે છે.

આ ઋતુમાં વાયુના પ્રકોપથી થતા રોગો સામે બચવા માટે આયુર્વેદ શાસ્ત્રમાં પંચકર્મ ચિકિત્સા જણાવેલ છે. વાત, પિત્ત અને કફના પ્રકોપ અનુસાર પંચકર્મ ચિકિત્સા જુદી જુદી ઋતુમાં કરવામાં આવે છે. જેની અંતર્ગત વસંતઋતુમાં વમન (ઉલટી), શરદઋતુમાં વિરેચન અને વર્ષાઋતુમાં બસ્તિ (એનિમા) કરવામાં આવે છે. બસ્તિ ચિકિત્સા શરીરના શુદ્ધિકરણની અને અનેક રોગો ઈલાજ રૂપે તથા વજન વધારવા માટેની ફાયદાકારક ચિકિત્સા છે.

આમજનતા સામાન્ય રીતે બસ્તિ શબ્દથી અપરિચિત છે. બસ્તિ એટલે ગુદામાર્ગ દ્વારા ઔષધિ (ઉકાળો)/તેલ ચડાવવાની વિશેષ પદ્ધતિ. આ ચિકિત્સા સામાન્ય રીતે ગુદામાર્ગ દ્વારા થતી હોવાથી દર્દી તેમજ સામાન્ય વ્યક્તિ પણ બસ્તિ ચિકિત્સા કરાવવામાં ક્ષોભ અનુભવતા હોય છે. આ ચિકિત્સામાં વેદના થતી નથી. આયુર્વેદ શાસ્ત્રમાં 'બસ્તિ' ચિકિત્સા સર્વશ્રેષ્ઠ ચિકિત્સા છે.

### બસ્તિનું મહત્ત્વઃ-

આયુર્વેદ ચિકિત્સામાં બસ્તિ પ્રધાન તંત્ર માનવામાં આવે છે. શાસ્ત્રમાં બધાં રોગોની અડધી ચિકિત્સા બસ્તિને માનવામાં આવે છે. એવો ભાગ્યે જ કોઇ રોગ હશે જે બસ્તિ ચિક્તિત્સાથી ના મટી શકતો હોય. આથી પંચકર્મ ચિકિત્સા  બસ્તિ ચિકિત્સાનું મહત્ત્વ અત્યાધિક છે. આ ચિકિત્સા ફક્ત સ્થાનિક જગ્યામાં તેમજ મળમાર્ગમાં જ ફાયદો કરનાર ચિકિત્સા નથી. બસ્તિ દ્વારા પ્રયુક્ત ઔષધી સંપૂર્ણ શરીરમાં પહોંચીને મસ્તકથી લઈને પગ સુધીના તમામ અંગોને લગતાં રોગો માટે લાભદાયક છે.

### બસ્તિ માટે યોગ્ય સમયઃ-

શાસ્ત્ર અનુસાર સ્વસ્થ વ્યક્તિ માટે વર્ષાઋતુ (૧-જુલાઈ થી ૩૧-ઓગસ્ટ) બસ્તિ કરાવવાનો શ્રેષ્ઠ સમય ગણાય છે. પરંતુ રોગી માટે તેની પરિસ્થિતિ અનુરૂપ કોઈપણ ઋતુમાં કરી શકાય છે.

### બસ્તિ કયા કયા રોગોમાં આપી શકાય

લકવા, સંધિવાત, જુની કબજીયાત, પેશાબના રોગો, શરીરમાં ખાલી ચડવી, કમરનો દુઃખાવો, પેટના રોગો, વગેરે રોગોમાં, દુર્બળતા, બાળકોમાં થતો મગજનો લકવો, સ્થૌલ્ય (જાડાપણું) હાડકાંનો ઘસારો, વગેરે રોગોમાં બસ્તિ ફાયદાકારક છે.

### બસ્તિની અવધિઃ

અવધિ અર્થાત બસ્તિ કેટલા દિવસ સુધી આપી શકાય. શાસ્ત્ર અનુસાર બસ્તિ નીચે પ્રમાણેના દિવસ સુધી આપી શકાય છે.

યોગ બસ્તિ ૮ દિવસ

કાલ બસ્તિઃ ૧૮ દિવસ

કર્મ બસ્તિઃ ૩૦ દિવસ

જરૂરિયાત મુજબ બસ્તિની અવધિના દિવસો ઓછા અથવા વધારી શકાય છે. બસ્તિની અવધિ સામાન્ય રીતે રોગાનુસાર નક્કી કરવામાં આવે છે. એક જ દર્દીમાં નિરૂહની અનેતેની બસ્તિ આંતરા (Alternate) દિવસે આપવામાં આવે છે અથવા દર્દીના રોગ પ્રમાણે વૈદ્ય દ્વારા નિર્ધારિત ક્રમથી અવધિ નક્કી કરવામાં આળે છે. અનેક અસાધ્ય રોગો પણ આ રીતે કરવામાં આવેલ બસ્તિની ચિકિત્સાના પરિણામ રૂપે મટી શકે છે.

### બસ્તિની પદ્ધતિઃ-

બસ્તિકર્મ કરતાં પહેલાં ઔષધ સિદ્ધ તેલ દ્વારા પેટ ઉપર માલીશ કરવામાં આળે છે.ત્યારબાદ દર્દીને ડાબા પડખે સુવડાવીને મળમાર્ગ દ્વારા ઔષધ/સિદ્ધ તેલ અથવા ઔષધ સિદ્ધ ઉકાળો ચડાવવામાં આવે છે. આ રીતે બસ્તિ (એનીમા) આપ્યા બાદ દર્દીને થોડીવાર માટે ચત્તો સુવડાવવામાં આવે છે. ઔષધ સિદ્ધ તેલની બસ્તિ દર્દીને ભોજન બાદ તુરંત જ તેમજ ઔષધ સિદ્ધ ઉકાળાની બસ્તિ ભૂખ્યા પેટે આપવાની હોય છે. રબરની નળી દ્વારા ઔષધી/ તેલ ગુદામાં દાખલ કરવામાં આવે છે. માત્રા બસ્તિ આપવા માટે પાંચ મિનિટથી પણ ઓછો સમય લાગે છે. જ્યારે નિરૂહ (ઉકાળા)ની બસ્તિ આપવામાં દસ થી પંદર મિનિટ પર્યાપ્ત છે.

૪૫ મિનિટ સુધીના સમયમાં નિરૂહ (ઉકાળા)ની બસ્તિ બહાર નીકળી જાય છે. વજન

ઉતારવા તેમજ કોલેસ્ટોરલ ઓછું કરવા માટે આ ઉત્તમ ચિકિત્સા છે. પેટ તથા આંતરડાના રોગો જેવા કે એમીબિયાસીસ, કોલાઈટીસ, આઈબીએસ વગેરેમાં બસ્તિ ચિકિત્સા નિયમિતરૂપે આપવાથી આ રોગોમાં લાભ થાય છે. જૂની કબજીયાત નિયમિત ચૂર્ણના સેવનથી સંપૂર્ણ રીતે મટી શકતી નથી પરંતુ તેના માટે બસ્તિ એકદમ ઉત્તમ ચિકિત્સા છે.

જો તેલની બસ્તિ હોય તો ચાર-પાંચ કલાકથી લઈને ચોવીસ કલાક સુધી પેટમાં રહી શકે છે, અને પછી મળ સાથે અથવા મળ વગર ઝાડા વાટે બહાર નીકળી જાય છે. તેલની બસ્તિ શરીરમાં બળ અને બધી જ ધાતુઓ વધારવાનું કામ કરે છે. વજન વધારવાની સાથે સાથે પેટના અનેક રોગોમાં ચામડીની રૂક્ષતામાં ઉપયોગી છે. સાંધાનો દુ:ખાવો, ઘુંટણનો દુ:ખાવો, મણકાનો સોજો અને ઘસારો વગેરે રોગોમાં ચમત્કારિક રીતે ખૂબ જ લાભકારક છે. આંતરડામાં તેલનું શોષણ થઈને સંપૂર્ણ શરીરમાં પહોંચીને આ બસ્તિ કામ કરે છે.

બસ્તિ ચિકિત્સા ઘરેથી આવીને પણ કરાવી શકાય છે તેમાં હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર હોતી નથી. તો દરેક માટે આ ચિકિત્સા અનુકૂળ રહે છે. નાના બાળકોથી લઈને વયસ્ક સુધીના તમામ દર્દીઓમાં બસ્તિ આપી શકાય છે. સ્ત્રી અને પુરુષ બંનેમાં સમાન રીતે બસ્તિ ચિકિત્સા કામ કરે છે. વર્ષાઋતુમાં બસ્તિ ચિકિત્સા તમામ વ્યક્તિના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે.

(એસ.જી. પટેલ આયુર્વેદ હોસ્પિટલ ન્યૂ વલ્લભ વિદ્યાનગર ખાતે આ ચિકિત્સા બસ્તિ કેમ્પ અંતર્ગત ૩૧ ઓગસ્ટ સુધી રાહત દરે કરી આપવામાં આવશે. પંચકર્મના નિષ્ણાત વૈદ્ય દ્વારા આપવામાં આવતી આ બસ્તિ ચિકિત્સાનો લાભ બધાં રોગી તેમજ સ્વસ્થ વ્યક્તિ પણ લઈ શકે છે.)

([૧] પ્રિન્સિપાલ અને સુપ્રિન્ટેન્ડન્ટ [૨] મૅડિકલ ઑફિસર,
આયુર્વેદ હોસ્પિટલ, ન્યૂ વલ્લભ વિદ્યાનગર ૩૮૮૧૨૧
ફોન: ૦૨૬૯૨-૨૩૫૦૫૧)

॥વિદ્યાવૃત્ત॥

**સૅમકૉમમાં અભિમુખતા કાર્યક્રમ**

ચારુતર વિદ્યામંડળસંચાલિત સૅમકૉમ કોલેજ ખાતે તાજેતરમાં નવા વિદ્યાર્થીઓને આવકારવા અભિમુકતા કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દરમિયાન બીકોમ, બીબીએ, બીસીએ અને બીબીએ આઈટીએમમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને સૅમકૉમ, ચારુતર વિદ્યામંડળ અને વલ્લભ વિદ્યાનગરનો ઈતિહાસ અને વિશિષ્ટતાઓથી માહિતગાર કર્યા હતા. કૉલેજના પ્રાધ્યાપકોએ વિદ્યાર્થીઓને સૅમકોમની વિશિષ્ટ કામગીરીમાં કઇ રીતે ગોઠવાઇ જવું તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. કૉલેજમાં ટેબ્લેટ દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ અંગેની નવી પદ્ધતિ બાબતે માહિતગાર કર્યા હતા.ત્યારબાદ વિદ્યાર્થીઓને અમુલ ડેરીની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા.

અભિમુખતા કાર્યક્રમના અંતે સર્વે વર્ગના વિદ્યાર્થીઓએ તેમની કલા અને હુન્નર પ્રદર્શન સાંસ્કૃતિક સંધ્યાનું આયોજન કર્યું હતું. પ્રથમ વર્ગના ક્લાસ કાઉન્સીલરોએ ભારે મહેનત કરી હતી. આચાર્ય ડૉ.નિખિલ ઝવેરીએ વિદ્યાર્થીઓને સફળતાનાં સૂત્રો માટે માર્ગદર્શન આપી તેને લગતા અગત્યના મુદ્દાની ચર્ચા કરી હતી. વિદ્યાર્થી મહેનત અને લગનથી કામ કરે તો તેઓ ચોક્કસપણે સફળ થાય છે.

**એનવીપાસમાં જ્ઞાનધારા**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત નટુભાઈ વી.પટેલ કૉલેજ ઑફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સીસના એન.એસ.એસ. વિભાગ દ્વારા ચાલતા જ્ઞાનધારા કાર્યક્રમ અંતર્ગત આ શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં યુનિટના સ્વયંસેવકો દ્વારા હરિઓમ નગર વિસ્તારના જરૂરિયાતમંદ નાના વિદ્યાર્થી બાળકોને શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. સામગ્રી કોલેજના હંગ્રી જીન્સ યુનિટ, જે ડૉ.મધુમતી બોરા મેડમના માર્ગદર્શન મુજબ કાર્ય કરે છે, તેઓના દ્વારા આપવામાં આવી હતી. સમગ્ર આયોજનમાં એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર ડૉ.યોગેશ પટેલ, શ્રી કાર્તિક જગતાપ, શ્રી દિગ્વિજય વિરપુરા, મેઘા મેડમ તથા વિદ્યાર્થી સ્વયંસેવકોએ ભારે જહેમત ઉઠાવી હતી. કોલેજના આચાર્ય શ્રી ડૉ.બાસુદેબએ બક્ષી સમાજ ઉપયોગી આવા નવતર પ્રયોગ બદલ સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

## એનસીસી કેડેટની સિદ્ધિ

સીવીએમ સંચાલિત એનવીપાસ કૉલેજના એન.સી.સી. વિભાગ જે ૨ સીટીસી વિદ્યાનગર યુનિટના સહયોગથી ચાલે છે. જેના અંતર્ગત આ વર્ષે મોગરી ખાતે યોજાયેલ સીએટીસી-૩ કેમ્પમાં કૉલેજના એસ.વાય.બી.એસ.સી. કેડેટ શ્રી અમિત ભટ્ટ જુદી જુદી ૩ સ્પર્ધાઓમાં ગોલ્ડ મેડલ જીતી, કોલેજનું ગૌરવ વધાર્યું હતું. શ્રી અમિત ભટ્ટે ઓન ધ સ્પોટ પેઇન્ટીંગ, નિબંધ લેખન સ્પર્ધા ઉપરાંત બેસ્ટ કેડેટ તરીકેનું પ્રથમ સ્થાન મેળવી ઉપરોક્ત સિદ્ધિ હાંસલ કરી હતી. કૉલેજના એન.સી.સી. યુનિટના સીટીઓ ઓફિસર ડૉ.યોગેશ પટેલ તથા આચાર્યશ્રી ડૉ. બાસુદેબ બક્ષીએ શ્રી અમિત ભટ્ટને અભિનંદન પાઠવ્યા હતા.

## પર્યાવરણ જાગૃતિ અંગે કરાર

એનવીપાસના ડિપાર્ટમેન્ટ ઓફ બાયોલોજીકલ એન્ડ એનવાયર્નમેન્ટ સાયન્સ વિભાગ દ્વારા તાજેતરમાં વિદ્યાનગરના વીએનસી વોલન્ટરી નેચર કન્ઝર્વન્સી સાથે કરાયેલ એમઓયુનું નવીનીકરણ કરવામાં આવ્યું હતું.

એન.વી.પાસ.ના પર્યાવરણ વિભાગ દ્વારા પર્યાવરણને સ્પર્શતા મુદ્દાઓ અંગે સતત સભાનતા દાખવી વિદ્યાર્થીઓ લક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. તે જ પ્રમાણે વલ્લભ વિદ્યાનગર સ્થિત એનજીઓ વોલન્ટરી નેચર કન્ઝર્વન્સી પણ હંમેશાં પર્યાવરણના વિવિધ પાસાઓ પ્રત્યે સતત જાગૃતતા દર્શાવી વિદ્યાર્થીઓ અને સમાજલક્ષી પગલાં ઊઠાવી પ્રશંસનીય કામગીરી બજાવે છે.

આ બંને સંસ્થાઓ વચ્ચે કરાયેલ એમઓયુ સમય મર્યાદા પૂરી થતાં ફરી એક વાર તે પુનઃ પ્રસ્થાપિત કરી પર્યાવરણની જાળવણી, સુરક્ષા અંગે કદમ મિલાવી સાથે આગળ ધપવાનો નિર્ધાર તાજો કર્યો છે. આ એમઓયુ અંતર્ગત બંને પક્ષે પર્યાવરણ સંશોધન ક્ષેત્રે કામગીરી, વિદ્યાર્થીઓલક્ષી પ્રવૃત્તિઓ, પર્યાવરણને અનુલક્ષીને વિવિધ પ્રોજેક્ટસ સંયુક્ત રીતે હાથ ધરવામાં આવશે.

કૉલેજના પ્રિન્સિપાલ ડૉ.બાસુદેબ બક્ષી તથા વિભાગનાં વડાં ડૉ.રીટા એન. કુમારે વી.એન.સી.ના ટ્રસ્ટી શ્રી ધવલભાઇ સાથે આ અંગેના કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. નેચર તથા પર્યાવરણની સમજ, સભાનતા, સુરક્ષા ફેલાવવાના આ સહિયારા પ્રયાસો તરફનું પ્રસંશનીય પગલું કૉલેજના સર્વ અધ્યાપક મિત્રો તથા વિદ્યાર્થીગણે ઉત્સાહપૂર્વક વધાવ્યું છે. અને પ્રદૂષણમુક્ત, સ્વચ્છ પર્યાવરણ તરફના પગલાંને આવકાર્યું છે.

## એનવીપાસમાં સેમિનાર

એનવીપટેલ કૉલેજમાં કેમિકલ સાયન્સીસ વિભાગ દ્વારા ૧૩ જુલાઇ ૨૦૧૫ના રોજ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ૨૦ જેટલા વિદ્યાર્થી દ્વારા પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. ડૉ.જિગર પટેલ આઇસ્ટાર તથા ડૉ. ભાર્ગવ ત્રિવેદી (જે એન્ડ જે સાયન્સ કૉલેજ નડિયાદ) જજ તરીકે હાજર રહ્યા હતા.

ડૉ.સ્મિતા શ્રીવાસ્તવે સેમિનાર વિશે માહિતી આપી હતી. ડૉ. અર્ચના શાહે આભારવિધિ કરી હતી. કૉલેજના આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમમાં આશરે ૧૨૦ જેટલા વિદ્યાર્થી હાજર રહ્યા હતા.

## વન મહોત્સવ નિમિત્તે વૃક્ષારોપણ

એનવીપાસ કૉલેજના બાયોલોજીકલ એન્ડ એન્વાયરમેન્ટલ સાયન્સ વિભાગના ઉપક્રમે તાજેતરમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાઇ ગયો. વૃક્ષો એ આપણા જીવનનો અગત્યનો હિસ્સો છે. વૃક્ષો વગરનું જીવન સંભવી શકે નહિ. કારણ કે વાતાવરણમાંના અંગાર વાયુને શોષી તેને નિયંત્રણમાં રાખવાનું કાર્ય વૃક્ષો જ કરે છે. જો વૃક્ષો અને વનો ઓછા થઇ જાય તો ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઇમેન્ટ ચેન્જની અસરો વધુ પ્રબળ બની જાય. માટે પર્યાવરણમાં વૃક્ષોની વૃદ્ધિ અને જાળવણી થતી રહે તો જ આવનાર પેઢીને માટે પૃથ્વી રહેવા લાયક હશે.

વનસ્પતિ અને વૃક્ષોની મહત્તાને ધ્યાનમાં રાખતા પર્યાવરણ વિભાગના વડા ડૉ.રીટા એન. કુમારે વીએનસીના સહયોગથી વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે આણંદ ડિસ્ટ્રિક્ટના રેન્જ ફોરેસ્ટ ઓફિસર શ્રી વી.એન. ચાવડા, ફોરેસ્ટ ઓફિસર શ્રી આર.એમ.ઝાલા તથા શ્રી જે.આર. પટેલ તથા વીએનસીના ધવલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી ચાવડાએ ઉપસ્થિત વિદ્યાર્થીગણને સંબોધ્યા હતા. અને વિવિધ વનસ્પતિઓ અને રોપાઓનું મહત્ત્વ સમજાવ્યું હતું. વૃક્ષોની રોપણી અને જતન વિશે માહિતી આપી હતી. ત્યારબાદ સર્વે મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. તેમની સાથે અધ્યાપક મિત્રો તથા વિદ્યાર્થીઓ પણ વૃક્ષારોપણમાં જોડાયા હતા.

કૉલેજના પ્રિન્સિપાલ ડૉ.બાસુદેબ બક્ષીએ સર્વેનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. તથા શુભેચ્છા પાઠવી હતી. ડૉ. રીટા એન. કુમારે સર્વેનો શાબ્દિક પરિચય આપ્યો હતો.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા, પર્યાવરણ વિભાગના અધ્યાપકો, વિદ્યાર્થીઓ તથા વિદ્યાનગર નેચર કલબનો સહયોગ સાંપડ્યો હતો.

**એમયુ ટૅકનિકલમાં સ્થાપના દિનની ઉજવણી**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત એમ.યુ. પટેલ હાઈસ્કૂલમાં દાતાશ્રીના પરિવારનાં પ્રતિનિધિ શ્રીમતી કલાબેન તથા સહમંત્રી શ્રી એસ.એમ. પટેલના અધ્યક્ષપદે શાળાના ૫૩મા સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં માનદ સહમંત્રી ડૉ.એસ.જી. પટેલ સીવીએમની શાળાઓનાં સલાહકાર શ્રીમતી વિનોદિની બેન ભૂપેન્દ્રભાઈ પટેલ તથા ભગિની સંસ્થાઓના આચાર્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આમંત્રિત મહેમાનોના વરદહસ્તે દીપપ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. શાળાના શિક્ષકશ્રી અંબાલાલે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું.

શાળાના આચાર્ય શ્રી સુરેશભાઈ પટેલે આમંત્રિત મહેમાનોને આવકારતાં શાળાના આદ્ય સ્થાપક શ્રી મગનભાઈ પટેલને સ્મરણાંજલિ અર્પી હતી. ધોરણ-૯માં આ વર્ષે પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું કુમકુમ તિલક કરી સ્વાગત કરાયું હતું. માર્ચ ૨૦૧૫માં શાળામાં પ્રથમ દસ સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ તથા ધોરણ-૯માં વર્ગદીઠ પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. સહમંત્રી શ્રી એસ.જી.પટેલે શાળાના ગૌરવવંતા ભૂતકાળની સાથે સમાજમાં ઉચ્ચ સ્થાને પહોંચેલ વિદ્યાર્થીઓને યાદ કરી વર્તમાનમાં પણ શાળા પોતાની ગૌરવગાથાને આગળ ધપાવી રહી છે, તે અંગે હર્ષની લાગણી પ્રદર્શિત કરી હતી. શ્રીમતી કલાબેને સર્વ વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવ્યાં હતાં. શાળા તરફથી તેમને અધ્યક્ષશ્રીના વરદ હસ્તે સ્મૃતિચિહ્ન અર્પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષશ્રીએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું. શાળાના સુપરવાઈઝરશ્રી શંકરભાઈ પારગીએ ઉપસ્થિત સર્વનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

**રમઝાનનું મહત્ત્વ**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત એમ.યુ. પટેલ ટેક્‌નિકલ હાઈસ્કૂલમાં આચાર્યશ્રી સુરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ 'રમઝાન માસમાં રમઝાન ઈદનું મહત્ત્વ' વિષય પર શ્રી ઝૂબેદહસન પટેલનું વ્યાખ્યાન ગોઠવ્યું હતું. મહેમાનશ્રીનું શાબ્દિક સ્વાગત તથા ટૂંકમાં પરિચય શાળાના શિક્ષક શ્રી ડાહ્યાભાઈએ આપ્યો હતો. વક્તાશ્રીએ પોતાના વક્તવ્યમાં રમઝાન માસમાં દિવસમાં પાંચ વખત નમાજ પઢવી, ૩૦ રોજા રાખવા, પોતાની વાર્ષિક આવકનો ૪૦મો ભાગ ગરીબોને દાન આપવો. તથા માતા-પિતાની સેવા કરવાથી અલ્લાહની રહેમત પ્રાપ્ત થાય છે, તેમ જણાવી વિસ્તારપૂર્વક રમજાન માસની પવિત્રતા વિશે માહિતી આપી હતી. શાળાના આચાર્યશ્રીએ મહેમાનશ્રીનું સ્મૃતિચિહ્ન અર્પણ કરીને બહુમાન કર્યું હતું. શાળાના સુપરવાઈઝરશ્રી એસ.એસ. પારગીએ આભારવિધિ કરી હતી.

**બાલકવિ સંમેલનમાં ગો.જો.શારદા મંદિર**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો.જો. શારદામંદિર જિલ્લા કક્ષાએ પ્રાથમિક તથા માધ્યમિક વિભાગમાંથી શાળાની ત્રણ વિદ્યાર્થિનીઓ (૧) ચાંદની મારવાડી ધો-૧૦ (૨) અવની મિસ્ત્રી ધો-૯ (૩) નિશિતા ગરાસિયા ધો-૮ પ્રથમ નંબરે આવ્યાં હતાં. જેઓ રાજ્ય કક્ષાએ પ્રથમ બાલકવિ સંમેલનમાં ભાગ લેવા ટાગોર હોલ, પાલડી-અમદાવાદમાં ભાગ લેવા ગયાં હતાં. તેઓથી સાથે આણંદ ડીઈઓ કચેરીના અધિકારી શ્રી એલ.એસ. કારિયા તેમજ શ્રી ઉમેશભાઈ રોહિત તથા શાળાના શિક્ષિકા ઈલાબેન પારેખ, યુગ્માબેન શર્મા અને વાલીગણ સાથે હાજર રહ્યાં હતાં.

પ્રેક્ષા વિશ્વ ભારતી વિદ્યાલયના કવિ સંમેલનના કાર્યક્રમ મુજબ બાલ સાહિત્યના નૂતન પ્રવાહો શ્રી યશવંત મહેતા, બાલ સાહિત્યનું પઠન કેવી રીતે? શ્રી યોસેફ મેકવાન, શ્રી માધવ રામાનુજ, શ્રી ભાગ્યેશ જહા તથા શ્રી કૃષ્ણકાન્ત દવેના સાંનિધ્યમાં દરેક બાળ કવિએ કૃતિનું કાવ્યપઠન કર્યું હતું.ત્યાર બાદ પસંદગી પામેલ આ કવિઓએ ટાગોર હોલ, અમદાવાદ ખાતે મુખ્યમંત્રી શ્રી આનંદીબેન પટેલ, શિક્ષણમંત્રીશ્રીઓ, ઉચ્ચ અધિકારીઓ, મહાનગરપાલિકાના મેયરશ્રી તેમજ જુદા જુદા કવિઓની ઉપસ્થિતિમાં સ્વરચિત કાવ્યકૃતિ પ્રસ્તુત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ દરેકને અભિનંદન પાઠવ્યાં હતાં. વિજેતાઓને પુરસ્કારથી નવાજ્યાં હતાં તેમજ દરેક હાજર રહેલ શ્રોતાઓને પાઠ્યપુસ્તકમાં છપાયેલ કવિતાગ્રહણની બુક આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અંકિત ત્રિવેદીએ કર્યું હતું.

## ॥ સૂચના ॥

૧. ‘વિ-વિદ્યાનગર’ વલ્લભ વિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફથી દર માસે નિયમિત પ્રકાશિત થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કાર વિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામાયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિત ઉપરાંત સંચય સ્વરૂપ (digest)માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨. ।વિ।માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂરી છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે લેખકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઈન્લેન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્રી-સંપાદક મંડળનો રહેશે.

૩. સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગૂજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસારની જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના લખાણના અભિપ્રાયની જવાબદારી સંબંધિત લેખકની જ રહેશે, તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪. ।વિ। માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઈએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી લેખકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે એક-બે માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃત કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલખર્ચ ન મોકલવું. પ્રત્યેક કૃતિ નીચે લેખકે પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું.

૫. ‘વિ-વિદ્યાનગર’ દર માસની પચીસમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોકસાઈથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રગટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૬. લવાજમ વાર્ષિક-આજીવન રૂબરૂમાં-મની ઓર્ડરથી-બેન્ક ડ્રાફ્ટ-ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું નામ-સરનામું, પિનકોડ સાથે લખવું. બહારગામના બેન્ક ડ્રાફ્ટ-ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. લવાજમ **‘ચારુતર વિદ્યામંડળ’**ના નામે મોકલવું.

૭. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમનાં સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૮. વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવોઃ


**ડૉ. હરિ દેસાઈ**

**તંત્રીશ્રી, વિ-વિદ્યાનગર**, સરદાર પટેલ સંશોધન સંસ્થા-સૅરલિપ,

ભાઈકાકા લાઈબ્રેરી સામે, વલ્લભ વિદ્યાનગર- ૩૮૮૧૨૦, જિ. આણંદ

ફોનઃ (૦૨૬૯૨) ૨૩૩૧૯૧, ૨૩૫૭૭, ૯૮૯૮૫૪૩૮૮૧

ઈ-મેઈલઃ editor.vidyanagar@gmail.com, haridesai@gmail.com


લવાજમઃ **વાર્ષિક** : ₹ ૧૫૦, સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ ₹ ૧૦૦

**આજીવન :** ₹ ૧૫૦૦

**વિદેશમાં :** ૨૫ $ અથવા ૧૫ £ આજીવન ૧૦૦ $ અથવા ૭૦ £

**છૂટક નકલની કિંમતઃ** ₹ ૧૫ + રવાનગી ખર્ચ ₹ ૧૦

# તરુણોનું મનોરાજ્ય

(ઢાળઃ ચારણી કુંડળિયાનો)

ઘટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ;
અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખઃ
આજ અણદીઠ ભૂમિ તણે કાંઠડે
વિશ્વભરના યુવાનોની આંખો અડે;
પંથ જાણ્યા વિના પ્રાણ ઘોડે ચડે,
ગરુડ-શી પાંખ આતમ વિષે ઊઘડે.
કેસરિયા વાઘા કરી જોબન જુદ્ધ ચડે;
રોકણહારું કોણ છે? કોનાં નેન રડે?
કોઈ પ્રિયજન તણાં નેન રડશો નહીં!
યુદ્ધ ચડતાને અપશુકન ધરશો નહીં!
કેસરી વીરના કોડ હરશો નહીં!
મત્ત યૌવન તણી ગોત કરશો નહીં!
રગરગિયાં- રડિયાં ઘણું, પડિયાં સહુને પાય;
લાતો ખાધી, લથડિયાં- એ દિન ચાલ્યા જાય;
લાત ખાવા તણા દિન હવે ચાલિયા,
દર્પભર ડગ દઈ યુવકદળ હાલિયાં;
માગવી આ જ મેલી અવરની દયા,
વિશ્વસમરાંગણે તરુણદિન આવિયા.
અણદીઠાંને દેખવા, અણતગ લેવા તાગ,
સતની સીમો લોપવા, જોબન માંડે જાગઃ
લોપવી સીમ, અણદીઠને દેખવું,
તાગવો અતલ દરિયાવ- તળિયે જવું,
ઘૂમવાં દિગ્દિગંતો, શૂળી પર સૂવુંઃ
આજ યૌવન ચહે એહ વિધ જીવવું.

(૧૯૨૯) - ઝવેરચંદ મેઘાણી

V-Vidyanagar 17 (8) August 2015 Postal Regd. No. AND/318/2015-17
Published on Saturday, 25.07.2015 No. of Pages 40 Including Cover RNI Regd. No. Guj/2009-11/5433
ISSN 0976 – 9609 V-Vidyanagar Posted at Vallabh Vidyanagar on 25th of Every Month

# Cacti



Oil-on-canvas Baldev Gambhir

Editor: Dr. Hari Desai Printed at Anand Press, Anand 388 001
Printed, Published and owned by Prin. S.M. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal and Published at Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)